RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 352 Dt. 06-07-2025 Page : 08 Price : Rs 3








Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**

Place of Publication and Printing : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**


# PNB કોભાંડમાં નિહાલ મોદીની USAમાં ધરપકડ

## ભારત લાવવા તૈયારીઓ શરૂ : એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ અને CBI દ્વારા સંયુક્ત રીતે પ્રત્યાર્પણની કરી વિનંતી

નવીદિલ્હી, તા. ૫

ભાગેડુ હીરા ઉદ્યોગપતિ નીરવ મોદીના નાના ભાઈ નિહાલ મોદીની અમેરિકામાં ધરપકડ કરવામાં આવી છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ અને સીબીઆઈની પ્રત્યાર્પણ વિનંતીના આધારે આ ધરપકડ કરવામાં આવી હતી. તેમના જામીનની સુનાવણી ૧૭ જુલાઈએ નેશનલ ડિસ્ટ્રિક્ટ ઓફ હોનોલુલુમાં યોજાશે. યુએસ જસ્ટિસ ડિપાર્ટમેન્ટે આ ધરપકડની પુષ્ટિ કરી છે. આ પગલું એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ અને સીબીઆઈ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવેલી પ્રત્યાર્પણ વિનંતી પર લેવામાં આવ્યું હતું. યુએસ પ્રોસિક્યુટર્સ દ્વારા બે આરોપો પર પ્રત્યાર્પણની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતીઃ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ, ૨૦૦૨ ની કલમ ૩ હેઠળ મની લોન્ડરિંગનો એક આરોપ, અને ભારતીય દંડ સંહિતાની કલમ ૧૨૦ઈ અને ૨૦૧ હેઠળ ગુનાહિત કાવતરુંનો એક આરોપ. નિહાલ પંજાબ નેશનલ બેંક સાથે સંકળાયેલા ૧૩,૦૦૦ કરોડ રૂપિયાના કથિત છેતરપિંડીના કેસમાં આરોપી છે. આ કેસ અત્યાર સુધીના સૌથી મોટા છેતરપિંડીના કેસોમાંનો એક છે. બે ભાઈઓ (નીરવ અને નિહાલ મોદી) અને તેમના સંબંધી મેહુલ ચોક્સી પર છેતરપિંડીનો આરોપ છે.

નિહાલ પર વિશ્વની સૌથી મોટી હીરા કંપનીઓમાંની એક, LLD ડાયમંડ્સ USA સાથે ૨૨ કરોડ રૂપિયાથી વધુની છેતરપિંડી કરવાનો આરોપ છે. તપાસમાં દાવો કરવામાં આવ્યો છે કે નિહાલ મોદીએ કોસ્ટકો સાથે સોદો પૂર્ણ કરવાના બહાને કંપની પાસેથી છેતરપિંડીથી હીરા મેળવ્યા હતા. પરંતુ આ સોદો ક્યારેય પૂર્ણ થયો ન હતો. આ પછી, નિહાલ મોદીએ તે હીરા વેચી દીધા અને વ્યક્તિગત લાભ માટે તેમને ગીરવે મૂક્યા. હીરા કૌભાંડ ઉપરાંત, નેહલ મોદી પર ૧૩,૬૦૦ કરોડ રૂપિયાના પીએનબી કૌભાંડમાં સામેલ હોવાનો આરોપ છે. ઊઉ અને CBIનું કહેવું છે કે કૌભાંડ પ્રકાશમાં આવ્યા પછી નિહાલે નીરવ સાથે મળીને નકલી કંપનીઓ દ્વારા પૈસાની લોન્ડરિંગ કરી અને પુરાવાનો નાશ કર્યો.

૨૦૧૯ માં, ઇન્ટરપોલે નિહાલ વિરુદ્ધ રેડ કોર્નર નોટિસ જારી કરી, જેના પગલે તેની વૈશ્વિક શોધ શરૂ થઈ. સીબીઆઈ અને ઈડીએ ૨૦૨૧ માં તેના અમેરિકામાં હોવાની માહિતી મળ્યા બાદ અમેરિકા પાસેથી તેના પ્રત્યાર્પણની માંગ કરી હતી. તાજેતરમાં, ભારતની વિનંતી પર યુએસ અધિકારીઓએ નેહલની ધરપકડ કરી હતી. ધરપકડ હોનોલુલુમાં થઈ હતી, અને તેમની જામીન સુનાવણી ૧૭ જુલાઈ, ૨૦૨૫ ના રોજ નેશનલ ડિસ્ટ્રિક્ટ ઓફ હોનોલુલુ (NDOH) કોર્ટમાં યોજાશે. આ ઉપરાંત, નેહલ મોદીએ હોંગકોંગથી લગભગ ૬ મિલિયન ડોલર (લગભગ ૫૦ કરોડ રૂપિયા) ના હીરાના દાગીના, ૧૫૦ મોતીના બોક્સ, ૩.૫ મિલિયન દિરહામ રોકડા અને દુબઈથી ૫૦ કિલો સોનું પણ કબજે કર્યું હતું. તેમણે આ બધું કામ તેમના સાથી મિહિર ભણસાલી સાથે મળીને કર્યું. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) અનુસાર, નેહલે માત્ર ભૌતિક પુરાવા જ નહીં પરંતુ મોબાઇલ ફોન અને સર્વર જેવા ડિજિટલ પુરાવાઓનો પણ નાશ કર્યો. દુબઈમાં હાજર તમામ ડિજિટલ ડેટા સંપૂર્ણપણે નાશ પામ્યો હતો.




# બિહારના ઉદ્યોગપતિ ગોપાલ ખેમકાની હત્યા

### રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર પ્રશ્નો ઉભા : ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી તેજસ્વી યાદવે આકરા પ્રહારો કરતા કહ્યું બિહાર હવે 'મહા જંગલ રાજ' ના યુગમાં પ્રવેશી ગયું

નવીદિલ્હી, તા. ૫

રાજધાની પટનામાં પ્રખ્યાત ઉદ્યોગપતિ ગોપાલ ખેમકાની હત્યાએ રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર પ્રશ્નો ઉભા કર્યા છે. આ હત્યાને લઈને રાજકીય નિવેદનબાજી તેજ થઈ ગઈ છે. આ ઘટના અંગે આરજેડી નેતા અને ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી તેજસ્વી યાદવે મુખ્યમંત્રી નીતિશ કુમાર પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું કે બિહાર હવે 'મહા જંગલ રાજ' ના યુગમાં પ્રવેશી ગયું છે. ખેમકાની ક્રૂર હત્યાથી અમને ખૂબ જ આઘાત લાગ્યો છે. તેજસ્વી યાદવે યાદ અપાવ્યું કે ૨૦૧૮ ની શરૂઆતમાં ગોપાલ ખેમકાના પુત્ર ગુંજન ખેમકાની પણ હત્યા કરવામાં આવી હતી. તેમણે કહ્યું, અમે ત્યારે મીણબત્તી માર્ચમાં ભાગ લીધો હતો. દુર્ભાગ્યપૂર્ણ છે કે બિહારમાં ગુનેગારો સંપૂર્ણપણે બેલગામ બની ગયા છે



અને મુખ્યમંત્રી બેભાન અવસ્થામાં છે. તેજસ્વીએ આરોપ લગાવ્યો કે ગુનેગારોની હિંમત એટલી વધી ગઈ છે કે હવે રાજધાનીમાં પણ ઉદ્યોગપતિઓની ધોળા દિવસે હત્યા થઈ રહી છે. તેમણે માંગ કરી કે રાજ્ય સરકારે તાત્કાલિક નોંધ લેવી જોઈએ અને આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવી જોઈએ.

બિહારના પોલીસ મહાનિર્દેશક (ડીજીપી) વિનય કુમારે જણાવ્યું હતું કે, આ હત્યાની અનેક પાસાઓ પર તપાસ કરવામાં આવી રહી છે. પટના અને વૈશાલી પોલીસની ટીમો તેમાં રોકાયેલી છે. ૨૦૧૮ માં, વૈશાલીમાં ગોપાલ ખેમકાના પુત્રની હત્યા કરવામાં આવી હતી, તેથી એ પણ જોવામાં આવી રહ્યું છે કે શું બંને કેસ વચ્ચે કોઈ જોડાણ છે. સીસીટીવી ફૂટેજમાંથી એક શંકાસ્પદ વ્યક્તિની ઓળખ કરવામાં આવી છે અને ટૂંક સમયમાં આરોપી સુધી પહોંચવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. તે જ સમયે, બિહારના નાયબ મુખ્યમંત્રી વિજય કુમાર સિંહાએ કહ્યું કે મુખ્યમંત્રી નીતિશ કુમાર પોતે આ કેસ પર નજર રાખી રહ્યા છે. તેમણે કહ્યું, ''ઘટના પછી તાત્કાલિક કાર્યવાહી કરવામાં નિષ્ફળ રહેલા અધિકારીઓ સામે પણ કાર્યવાહી કરવામાં આવશે. ગુનેગારોને છોડવામાં આવશે નહીં.

### અબ ઊંટ આયા પહાડ કે નીચે

# આતંકી મસૂદ અઝહર-મોહમદ હફિઝને ભારતને સોંપવા પાકિસ્તાન તૈયાર

### પાકિસ્તાન પીપલ્સ પાર્ટીના પ્રમુખ બિલાવલ ભુટ્ટોનો નિવેદનથી રાજકારણ હચમચ્યું ભુટ્ટોએ કહ્યું કે પાકિસ્તાન આતંકવાદ સહિત અનેક મુદ્દાઓ પર વ્યાપક ચર્ચા કરે છે

નવીદિલ્હી, તા. ૫

પાકિસ્તાનના નેતા અને પાકિસ્તાન પીપલ્સ પાર્ટીના પ્રમુખ બિલાવલ ભુટ્ટોએ આતંકવાદી હાફિઝ સઈદ અંગે મોટું નિવેદન આપ્યું છે. બિલાવલ ભુટ્ટોએ કહ્યું છે કે પાકિસ્તાન આતંકવાદી હાફિઝ સઈદને સોંપવા માટે તૈયાર છે. ભુટ્ટોએ કહ્યું કે જો ભારત આ પ્રક્રિયામાં સહયોગ આપે તો. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું હાફિઝ સઈદ અને મસૂદ અઝહર જેવા લોકોને સદ્ભાવનાના સંકેત તરીકે ભારતને સોંપી શકાય છે, ત્યારે ભુટ્ટોએ કહ્યું કે જો ભારત આ પ્રક્રિયામાં સહયોગ કરવા તૈયાર છે, તો સંબંધિત કોઈપણ વ્યક્તિને પ્રત્યાર્પણ કરવામાં કોઈ અવરોધ નહીં આવે. ફક્ત બિલાવલ ભુટ્ટો જ નહીં, પરંતુ સરકાર, સેના અને આખું પાકિસ્તાન પણ જૂઠું બોલવામાં શરમાતા નથી. આ જ કારણ છે કે જ્યારે ભારતે ૨૬/૧૧ ના મુંબઈ હુમલા પછી આતંકવાદીઓની સંડોવણી અંગે ૧૦૦૦ થી વધુ ડોઝિયર્સ પાકિસ્તાનને સોંપ્યા, ત્યારે તેણે આતંકવાદીઓ સામે સહેજ પણ કાર્યવાહી કરી નહીં.

હવે બિલાવલ ભુટ્ટો ઇન્ટરવ્યુમાં ભારતના સહયોગ વિશે વાત કરી રહ્યા છે. ભુટ્ટોએ કહ્યું કે પાકિસ્તાન આતંકવાદ સહિત અનેક મુદ્દાઓ પર વ્યાપક ચર્ચા કરે છે. તેમણે કહ્યું કે મને ખાતરી છે કે પાકિસ્તાન કોઈ પણ વાતનો વિરોધ નહીં કરે. ઇન્ટરવ્યુ દરમિયાન, જ્યારે બિલાવલને આતંકવાદીઓને પાકિસ્તાન દ્વારા આપવામાં આવતા નાણાકીય સહાય, અસીમ મુનીરના ઉશ્કેરણીજનક નિવેદનો અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ દ્વારા આતંકવાદ ફેલાવવાના પુરાવા અંગે પ્રશ્નો પૂછવામાં આવ્યા, ત્યારે તેઓ જવાબ



પણ આપી શક્યા નહીં. બિલાવલ ભુટ્ટોએ કહ્યું કે હાફિઝ સઈદ પાકિસ્તાનમાં કસ્ટડીમાં છે અને તે મુક્તપણે ફરતો નથી. મસૂદ અઝહર અંગે તેમણે કહ્યું કે તે પાકિસ્તાનમાં નથી. અફઘાન જેહાદના તેના ઈતિહાસને જોતાં મને શંકા છે કે તે અફઘાનિસ્તાનમાં હોઈ શકે છે. ભુટ્ટોએ કહ્યું કે જો ભારત પાસે મસૂદ અઝહર પાકિસ્તાનમાં હોવાના કોઈ પુરાવા છે, તો તેણે માહિતી શેર કરવી જોઈએ. અમે તેને પકડી લઈશું.

તમને જણાવી દઈએ કે મુંબઈ હુમલાના માસ્ટરમાઇન્ડ હાફિઝ સઈદ આતંકવાદને ભંડોળ આપવાના આરોપમાં પાકિસ્તાની જેલમાં ૩૩ વર્ષની સજા કાપી રહ્યો છે. પરંતુ સત્ય એ છે કે હાફિઝ સઈદને પાકિસ્તાની સેના દ્વારા કડક સુરક્ષા આપવામાં આવી છે અને તે તેના નાપાક ઈરાદાઓને પાર પાડવાનો પ્રયાસ કરતો રહે છે.




# ભારતીય ક્રિકેટ ટીમનો બાંગ્લાદેશ પ્રવાસ એક વર્ષ મુલત્વી

# પ્રવાસ મુલતવી રખાતા વિરાટ અને રોહિતના ક્રિકેટ મેદાનમાં પાછા ફરવાની રાહ વધી ગઈ

નવીદિલ્હી, તા. ૫

ભારતીય ક્રિકેટ ટીમનો બાંગ્લાદેશ પ્રવાસ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધી એટલે કે એક વર્ષ માટે મુલતવી રાખવામાં આવ્યો છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે આ અંગે સત્તાવાર જાહેરાત કરી. બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ અને બીસીસીઆઈએ પરસ્પર સંમતિથી આ નિર્ણય લીધો છે. ભારતીય ટીમ ઓગસ્ટ ૨૦૨૫માં બાંગ્લાદેશના પ્રવાસે જવાની હતી. બાંગ્લાદેશ પ્રવાસમાં યજમાન ટીમ સામે ત્રણ વનડે અને ત્રણ ટી૨૦ મેચ રમવાની હતી. આ મેચો ભારત અને બાંગ્લાદેશ વચ્ચે ૧૭ થી ૩૧ ઓગસ્ટ દરમિયાન યોજાવાની હતી. BCCIના રિલીઝમાં કહેવામાં આવ્યું છે કે, 'બંને ક્રિકેટ બોર્ડે પરસ્પર ચર્ચા બાદ આ નિર્ણય લીધો છે. આમાં, બંને ટીમોની આંતરરાષ્ટ્રીય પ્રતિબદ્ધતાઓ અને સમયપત્રક સંબંધિત સમસ્યાઓને ધ્યાનમાં લેવામાં આવી છે. બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે સ્પષ્ટ કર્યું છે કે તે ૨૦૨૬ માં ભારતનું આયોજન કરવા માટે ઉત્સુક છે. આ બહુપ્રતિક્ષિત શ્રેણી ભવિષ્યમાં ચોક્કસપણે રોમાંચક મેચો લાવશે. શ્રેણીની નવી તારીખોની સત્તાવાર જાહેરાત પછીથી કરવામાં આવશે.

બાંગ્લાદેશ પ્રવાસ મુલતવી રાખવામાં આવતાં, વિરાટ કોહલી અને રોહિત શર્માના ક્રિકેટ મેદાનમાં પાછા ફરવાની રાહ વધી ગઈ છે. ટીમ ઈન્ડિયાએ બાંગ્લાદેશ પ્રવાસ પર ૩ ઘઉંઈ મેચ પણ રમવાની હતી, જ્યાં આ બંને દિગ્ગજો રમતા જોઈ શકાયા હોત. તમને જણાવી દઈએ કે કોહલી અને રોહિત બંનેએ ટેસ્ટ તેમજ ટી૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટને અલવિદા કહી દીધું છે. આવી સ્થિતિમાં, તે ભારત માટે ફક્ત ODI ક્રિકેટ રમતો જોવા મળશે. કોહલી અને રોહિતને રમતા જોવા માટે, ભારતીય ચાહકોએ ઓક્ટોબરમાં ઓસ્ટ્રેલિયા સામેની ODI શ્રેણીની રાહ જોવી પડશે. ગમે તે હોય, ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના સંબંધો તાજેતરના સમયમાં તણાવપૂર્ણ રહ્યા છે, જેની અસર આ શ્રેણી પર પણ જોવા મળી હશે. એવું માનવામાં આવે છે કે ભારત સરકારે BCCI ને ભારતીય ટીમને બાંગ્લાદેશ પ્રવાસ પર ન મોકલવાની સલાહ આપી હતી. જોકે, બીસીસીઆઈએ પ્રવાસ મુલતવી રાખવા પાછળ અન્ય કારણો આપ્યા છે.

## સુખ એટલે અંતર માં અખંડ શાંતિ, સંતોષ, સહજ સમાધિ અને આ સુખ માત્ર પરમાત્માને અંતરમાં રાખવાથી જ મળે

# ૐનો ઉચ્ચાર મન અને શરીરને ડિટોક્સિફાય કરે છે

રાજકોટ, તા. ૫

ગોંડલ સંપ્રદાયનાં મહામંત્ર પ્રભાવક પૂજ્ય ગુરૂદેવ જગદીશમુનિ મહારાજનાં શિષ્ય સદગુરુદેવ પારસમુનિ મહારાજે દસ દિવસીય એકાંત મૌન ધ્યાન સાધના પૂર્ણ કરી કરી છે તેઓએ કહ્યું સુખની વ્યાખ્યા શું? જેની પાસે ધન-સંપત્તિ વધારે એ સુખી? ઉત્તર- સ્પષ્ટ છે. ના ! પૈસો તમને સગવડ આપે છે પણ સુખ ની કોઈ ગેરંટી નથી આપતો. સુખ એટલે અંતર માં અખંડ શાંતિ , સંતોષ , સહજ સમાધિ. અને આ સુખ માત્ર પરમાત્માને અંતરમાં રાખવાથી જ મળે છે. સાચા અર્થમાં સુખી થવું હોય તો ધ્યેય એક પરમાત્માનું રાખવું એ છે તો બધું જ છે.



લોક ધારણા છે કે જેટલું ધન વધારે એટલું સુખ વધારે. પણ હજારો વર્ષો નો ઈતિહાસ કહે છે કે પરમાત્મા નાં અખંડ સુખની આગળ ધન વૈભવનાં સુખની કોઈ વિસાત નથી. સાચું અને અખંડ સુખ તો એક પરમાત્મામાં જ સમાયેલું છે. જો પરમાત્મા છે તો બધું જ છે. અને જો એ નથી તો બધું એકડા વગર ના મીંડા જેવું. આમ, સમજાય તો સુખ થાય. કેટલાક નિંદ્રા માટે ગોળી લે છે.પણ નિંદ્રા લાવવા માટે એક સુંદર દવા આપુ છે. નિંદ્રા ન આવે તો પથારીમાં આળોટશો નહિ, પથારીમાં બેઠા થઈ, માળા લઈ ઈષ્ટદેવ નો મંત્ર જપ કરો. નિદ્રાદેવી જ્યાં હશે ત્યાંથી દોડતાં આવશે. એટલે પ્રવચનમાં બેઠા હોવ, કે માળા હાથમાં લો. એટલે નિંદ્રા દેવી દોડતાં આવે છે, બે ત્રણ દિવસનાં ઉજાગરા હોય તો પણ નાટક સિનેમામાં ઊંઘ આવતી નથી. માળા કે સત્સંગ કરતાં નિંદ્રા આવે તો માનજો કે હું ભારેકર્મી છું. પરમાત્માનું નામ સ્મરણ, ગુણ સ્મરણ ઉંઘવા માટે નથી, સુતેલા ને જગાડવા માટે છે. પણ મનની માયા વિચિત્ર છે.

શરીરમાં પાંચ જ્ઞાનેન્દ્રિયો અને પાંચ કર્મેન્દ્રિયો એમ દસ ઈન્દ્રિયો છે. અને આ દરેક ઈન્દ્રિયોનાં વિષયો છે. જેમ કે જીભનો વિષય એ રસ છે. મન આ ઈન્દ્રિયોનાં વિષયોનું ચિંતન કરે છે તેમાં ફસાય છે. મન હવે તે વિષયોનું ચિંતન કરતાં કરતાં વિષયાકાર બને છે. વિષયો જયારે મનમાં પ્રવેશે છે. એટલે અહં,મોહ આવે છે. આવી જ રીતે મનના બીજા એક ખેલમાં મારું અને તારું છે. મન જયારે એમ માને કે આ મારું છે તો પછી તે કોઈ જ જાતનો દ્વેષ કરતુ નથી. 'મારુ' માન્યું તેને પ્રેમ કરવા લાગે છે. આ જીવ નાં બંધન અને મોક્ષનું કારણ મનને માનવામાં આવ્યું છે. મન જો વિષયોમાં આસક્ત થાય તો બંધનનું કારણ બને છે,પણ એ જ મન જો વિષયોમાં અનાસક્ત બની પરમાત્મામાં લીન થાય તો મોક્ષનું કારણ બને છે. યાદ રહે, જગત બગડ્યું નથી, મન બગડ્યું છે. મન વિષયોનું ચિંતન કરે તો શત્રુ છે,અને મન પરમાત્માનું ચિંતન કરે તો મિત્ર છે. જે મન બંધનનું કારણ છે તે જ મન મુક્તિનું પણ કારણ છે.

# ગિલ ટેસ્ટ-વનડેમાં

## બેવડી સદી ફટકારનાર પાંચમો ખેલાડી

### ૨૬૯ રનની ઈનિંગ રમીને, તેણે ટેસ્ટ અને વનડે બંને ફોર્મેટમાં બેવડી સદી ફટકારનારા પસંદગીના ક્રિકેટરોમાં પોતાનું સ્થાન બનાવ્યું છે આ યાદીમાં ચાર ભારતીયોનો સમાવેશ





નવીદિલ્હી, તા. ૫

ઈંગ્લેન્ડ સામેની બીજી ટેસ્ટ મેચમાં ભારતીય કેપ્ટન શુભમન ગિલે પ્રથમ ઈનિંગમાં શાનદાર બેવડી સદી ફટકારીને ઘણા રેકોર્ડ પોતાના નામે કર્યા. તે સેના દેશોમાં બેવડી સદી ફટકારનાર પ્રથમ એશિયન ખેલાડી બન્યો છે. ૨૬૯ રનની ઈનિંગ રમીને, તેણે ટેસ્ટ અને વનડે બંને ફોર્મેટમાં બેવડી સદી ફટકારનારા પસંદગીના ક્રિકેટરોમાં પોતાનું સ્થાન બનાવ્યું છે. આ યાદીમાં ચાર ભારતીયોનો સમાવેશ થાય છે. આ યાદીમાં પહેલું નામ મહાન બેટ્સમેન સચિન તેંડુલકરનું છે. માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડુલકર વનડેમાં બેવડી સદી ફટકારનાર વિશ્વનો પ્રથમ બેટ્સમેન બન્યો. તેણે ૨૦૧૦ માં દક્ષિણ આફ્રિકા સામે આ સિદ્ધિ મેળવી હતી. આ સમયગાળા દરમિયાન તેણે અણનમ ૨૦૦ રન બનાવ્યા. સચિને ટેસ્ટમાં ૬ બેવડી સદી ફટકારી છે. આમાં તેનો સર્વોચ્ચ સ્કોર ૨૪૮ રન અણનમ છે.

ટીમ ઈન્ડિયાના ભૂતપૂર્વ વિસ્ફોટક બેટ્સમેન વીરેન્દ્ર સેહવાગનો પણ આ યાદીમાં સમાવેશ થાય છે. તેણે ૨૦૧૧માં વેસ્ટ ઈન્ડિઝ સામેની ઘઉંઈમાં બેવડી સદી ફટકારી હતી. તેણે ૨૧૯ રનની ઈનિંગ રમી હતી. ટેસ્ટ ક્રિકેટમાં તેના નામે બે ત્રેવડી સદી છે. તેણે દક્ષિણ આફ્રિકા સામે ૩૧૯ રન અને પાકિસ્તાન સામે ૩૦૯ રનની ઈનિંગ્સ રમી હતી. આ ઉપરાંત, તેણે ટેસ્ટમાં ઘણી વખત બેવડી સદી ફટકારી છે. ટીમ ઈન્ડિયાના ઓપનિંગ બેટ્સમેન રોહિત શર્માએ પણ વનડે અને ટેસ્ટમાં બેવડી સદી ફટકારી છે. તેમના નામે વનડેમાં સૌથી લાંબી ઈનિંગ્સ રમવાનો રેકોર્ડ છે. તેણે ૨૦૧૪માં શ્રીલંકા સામે ૨૬૪ રન બનાવ્યા હતા. તેના નામે વનડેમાં સૌથી વધુ બેવડી સદી એટલે કે ત્રણ બેવડી સદી છે. ટેસ્ટ ક્રિકેટમાં, તેણે એક વાર બેવડી સદી ફટકારી છે. તેણે ૨૦૧૯ માં દક્ષિણ આફ્રિકા સામે ૨૧૨ રન બનાવ્યા હતા.

ક્રિસ ગેલ એકમાત્ર વિદેશી ખેલાડી છે જેણે વનડે અને ટેસ્ટ ક્રિકેટ બંનેમાં બેવડી સદી ફટકારી છે. તેણે ૨૦૧૫માં ઝિમ્બાબ્વે સામે ઘઉંઈ ક્રિકેટમાં ૨૧૫ રનની ઈનિંગ રમી હતી. ટેસ્ટ ક્રિકેટમાં તેના નામે બે ત્રેવડી સદી છે. વેસ્ટ ઈન્ડિઝના ભૂતપૂર્વ ઓપનરે દક્ષિણ આફ્રિકા સામે ૩૧૭ રન અને શ્રીલંકા સામે ૩૩૩ રનની શાનદાર ઈનિંગ્સ રમી હતી. હવે ભારતીય ટેસ્ટ ટીમના કેપ્ટન શુભમન ગિલ પણ આ યાદીમાં જોડાઈ ગયા છે. વર્ષ ૨૦૨૩ માં, તેણે ન્યુઝીલેન્ડ સામેની એક ઘઉંઈ માં ૨૦૮ રનની ઝડપી ઈનિંગ રમી. તે વનડેમાં બેવડી સદી ફટકારનાર સૌથી નાની ઉંમરનો બેટ્સમેન બન્યો. આ પછી, તેણે ઈંગ્લેન્ડ સામે એજબેસ્ટન ટેસ્ટ મેચમાં ૨૬૯ રનની ઈનિંગ રમીને નવો ઈતિહાસ રચ્યો.

# માધવ મંડળીના ૨૭માં સ્થાપના દિવસની થશે ઉજવણી

## સૂર શબ્દના આરાધક સુપ્રસિદ્ધ ગાયક સચિન લિમયે તથા ટીમ દ્વારા રાષ્ટ્રભકિત સાથે કૃષ્ણસંગીત

રાજકોટ, તા. ૫

માધવ શરાફી સહકારી મંડળી તેની પારદર્શિતા અને અનુશાસનબધ્ધ વહીવટ માટે સહકારી ક્ષેત્રમાં આગવું સ્થાન શોભાવે છે. સભાસદોના સર્વોગી વિકાસના ધ્યેયને વરેલ માધવના કર્મચારીઓ, ડીરેક્ટ્સે તથા શાખાઓના વ્યવસ્થાપક મંડળ એક પરિવારની ભાવનાથી ઝળહળતા ૨૬ વષે પુરા કરી ૨૭માં વર્ષેમાં પ્રવેશે છે.

માધવના ૨૭માં સ્થાપના દિન નિમીત્તે તા. ૧૫ જુલાઈ ૨૦૨૫ મંગળવારે રાત્રે હેમુ ગઢવી હોલ ખાતે સાત્વિક અને સૌમ્ય પ્રકારનો પરિવાર સાથે માણી શકાય એવો ''માધવ મધુરમ'' સમારંભ યોજાનાર છે. ફકત માધવના સભાસદો તથા આમંત્રિત મહેમાનો માટે જ છે. સભાસદો માટે 'પ્રવેશપાસ'નું વિતરણ કાર્યોલય પરથી ચાલુ થઈ ગયેલ છે. તો દરેક સભાસદોએ પ્રવેશપાસ સંસ્થાના કાર્યાલય માધવ ભવન અક્ષર માગે, એસ.બી.આઈ.બેંક સામે, કાલાવડ રોડ રાજકોટ ખાત થી મેળવી સંસ્થાના ચેરમેન ડો. પ્રકાશ મોઢાની ખાસ ભલામણ છે. બરાબર આઠના ટકોરે હેમુ ગઢવી હોલમાં આપનું સ્થાન ગ્રહણ કરવા વિનંતી.

માધવના પૂર્વે ડીરેક્ટર સ્વ. રૂપાબેન શીલુનો જન્મ દિવસ ૧૫ જુલાઈ છે. તેઓ એ સ્થાપનાકાળથી આજ સુધીની માધવની વિકાસયાત્રામાં કરેલ અમૂલ્ય યોગદાન યાદ કરી દર વર્ષે સ્થાપના દિન ૧૫ જુલાઈ ના દિવસે ઉજવવાનો નિર્ણય લઈ બોર્ડે ઓફ ડિરેક્ટર્સ દ્વારા ખરા અર્થેમાં રૂપાબેનને કાર્યોજંલિ આપી છે.

માધવ શરાફી સહકારી મંડળી લી. આજ સુધી ''ડોકટરોની મંડળી'' તરીકે ખ્યાત હતી હવે ''શ્રેષ્ઠ ભેટ આપતી મંડળી'' તરીકે પ્રખ્યાત છે. માધવની પ્રવૃત્તિ વિશે વાત કરીએ તો માધવના જરુરીયાત વાળા સભાસદો માટે સરળ અને ઝડપી ધિરાણ, થાપણદારો માટે આકર્ષેક વ્યાજ દર, કોઈ પણ જાતના પ્રોસેસીંગ ચાર્જ વગર માત્ર ૩૦ મીનીટમાં રૂ. ૫ લાખ સુધીનું સોના ધિરાણ (ગોલ્ડ લોન), દર વર્ષે ગૃહ ઉપયોગી, વિકલ્પો સાથેની, વાર્ષિક સભાસદ ભેટ, મહત્તમ ૨૦% ડીવીડન્ડ તથા મનોરંજક વાર્ષિક ઉત્સવ સભાસદોના અચલ વિશ્વાસનું કેન્દ્ર બની રહ્યુ છે.




માધવ દ્વારા વખતોવખત જરુરીયાતના સમયે સમાજ પ્રત્યે પોતાનું દાયિત્વ નિભાવવા સદાય તત્પર રહયુ છે. કોરોનાની વૈશ્વિક મહામારીના સમયમાં માધવ દ્વારા પ્રધાન મંત્રી રાહત ફંડ, મુખ્ય મંત્રી રાહત ફંડ, સેવા ભારતી ગુજરાત, બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટમાં અનુદાન આપવામાં આવેલ. આ ઉપરાતં કોરોના વેકસીનેશન કેમ્પ નું આયોજન પણ માધવ દ્વારા કરવામાં આવેલ, શ્રી રામ જન્મભૂમી મંદિર નિર્માણ કાર્યમાં પણ સહભાગી થવામાં માધવ અગ્રેસર રહયુ છે. વૃધ્ધાશ્રમ તથા વિરાણી બહેરા મુંગા શાળાના નવ નિર્માણ જેવા સત્કાર્યોમાં ''માધવ'' હાજર જ હોય છે. સભાસદોના સંતાનો માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે વિના મુલ્યે પ્રશિક્ષણ વર્ગો તથા કમેચારી ગણ માટેની કાર્યેશાળા પ્રકારની પ્રશિક્ષણ શિબીરનું આયોજન પણ સંસ્થા દ્વારા કરવામાં આવે છે. રાજકોટમાં બનેલી પ્રથમ 'સ્કીન બેંક' માં પણ માધવનું અનુદાન રહયુ છે.

રાજકોટના પ્રબુદ્ધ નાગરિકો અને અધિકારી ગણ સહપરિવાર માણી શકે એવા આત્મીય વાતાવરણ સભર ૧૫ જુલાઈનો આવો સમારંભ માધવની ઓળખ બની ગઈ છે. આ ક્રાયક્રમને સફળ બનાવવા ડો. એન. ડી. શીલુ(એમ.ડી), ડો. પ્રકાશ મોઢા(ચેરમેન), ડો. કેતન બાવીશી (વાઈસ ચેરમેન), ડો. તત્સ જોષી, તેજશભાઈ પંડયા, ભાસ્કરભાઈ રાજયગુર, જયંતીભાઈ રાજકોટીયા, એન. સી. બરછા, મહેશભાઈ શીલુ, ડો. મિતાબેન ઓઝા, કલ્પનાબેન શુકલ સહિતના ડિરેક્ટર્સ મિત્રો સતત પ્રવૃતિશીલ છે.

મોરબી શાખાના ડો. વિજય ગઢીયા, બોટાદ શાખાના શ્રી ચિરાગ મહેતા, ધોરાજી શાખાના શ્રી રણછોડભાઈ વઘાસીયા, મહિલા શાખાના સોનલબેન આખજા તથા દક્ષાબેન રાજયગુર માધવનાં વિકાસમાં તથા આ પ્રકારના મનોરંજન સમારોહમાં મહત્વનું યોગદાનઆપે છે. ચંદ્રેશભાઈ કાપડિયા ( જી.એમ), આશુતોષ શીલુ ( સીઈઓ), જયવીરસિંહ ઝાલા, વિજય પુરોહીત, વીરેન્દ્ર ચૌહાણ, વિવેક શીલુ સહિતના કર્મચારી જહેમત ઉઠાવી રહ્યા છે

# વિસાવદરમાં ગોપાલની નહીં લોકોની જીત : ઈટાલીયા

## રાજકોટ મુલાકાતે આવેલા આમ આદમી પાર્ટીના ગોપાલ ઈટાલીયા એ કહ્યું કે ગુજરાતનો આત્મા આત્મા જાગશે ત્યારે ભાજપ હારશે : મવડી ચોકથી કરાયું વિજય સંદેશ રેલીનું આયોજન

રાજકોટ, તા. ૫

વિસાવદર અને કડી બેઠક માટે વિધાનસભાની પેટા ચૂંટણી યોજાઈ હતી જેમાં વિસાવદર બેઠક પર આમ આદમી પાર્ટીના ગોપાલ ઈટાલીયાનો વિજય થયો હતો અને તે બાદ ગઈકાલે તેઓએ રાજકોટની મુલાકાત લીધી હતી. રાજકોટ મુલાકાત દરમિયાન મવડી ચોક ખાતે તેઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું. તેઓએ દેવાયત બોદરની પ્રતિમાને પુષ્પાંજલિ આપી આમ આદમી પાર્ટીના કાર્યકરોને સંદેશો પણ પાઠવ્યો હતો જેમાં તેઓએ સર્વપ્રથમ અમદાવાદ પ્લેન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા રાજ્યના પૂર્વ મુખ્યમંત્રીને શાબ્દિક શ્રદ્ધાંજલિ પાઠવી હતી એટલું જ નહીં તેમની જીત બાદ તેઓએ જણાવ્યું કે આજે ગોપાલની નહીં પરંતુ સત્યની જીત છે અને તેનો રાજીપો સમગ્ર રાજ્યમાં જોવા મળ્યો છે.

આ ઉપરાંત તેમને વિસાવદરમાં પ્રચાર અર્થે ગયેલા રાજકોટના નેતાઓને આડે હાથ લઈ નિવેદન આપી જનતાએ જાકારો આપ્યાની વાત રજૂ કરી. વિસાવદરની જનતાએ ૩ સંદેશા આપ્યા હોવાથી ગુજરાતમાં આજે રાજકોટમાં વિજય સંદેશ રેલીનું આયોજન કર્યા હોવાનું જણાવ્યું હતું.

ગોપાલ ઈટાલીયાએ નિવેદન આપતા જણાવ્યું હતું કે, ગુજરાતમાં વિસાવદરની ચૂંટણીમાં જે જીત થઈ તે મારી જીત નથી. અસત્ય સામે સત્યની, અનીતિ સામે નીતિની જીત થઈ છે માટે ગુજરાત આખાના ચહેરા ઉપર એક સ્માઈલ જોવા મળી રહી છે. વિસાવદરની જીતથી વિસાવદરની જનતાએ ૩ સંદેશ આપ્યા છે. જેમાં પ્રથમ સંદેશ છે ભાજપને હરાવવી જ જોઈએ, બીજો સંદેશ છે ભાજપને હરાવી શકાય છે અને ત્રીજો સંદેશ છે ગુજરાતની જનતાનો આત્મા જાગશે ત્યારે ભાજપવાળા ઉભી પુંછડીએ ભાગશે.. આ સાથે તેમને એમ પણ



કહ્યું હતું કે વિસાવદરની ચૂંટણીમાં રાજકોટના ખટારો ભરીને નેતાઓ પ્રચાર અર્થે આવ્યા હતા. નાહ્યા ધોયા વગર આ નેતાઓ વિસાવદરમાં વિકાસની અને પેરિસના રસ્તાઓની વાતો કરતા હતા જનતાએ તેમને જાકારો આપી કહ્યું કે, તમે જાવ પહેલા તમારા વિસ્તારની ચિંતા કરો અહીંયાની નહિ..

સ્થાનિક સ્વરાજની ચૂંટણી અંગે તેમને જણાવ્યું હતું કે, રાજકોટ મનપાની ચૂંટણી આવશે તેમાં આમ આદમી પાર્ટી મજબૂતાઈથી લડશે અને જનતાનો પ્રેમ મેળવશે. પાછલી મનપાની ચૂંટણીમાં આવડું સંગઠન રાજકોટમાં કે ગુજરાતમાં આપનું હતું પણ નહિ, ધારાસભ્યો પણ ન હતા આમ છતાં ૧૮% વોટ શેર જનતાએ આમ આદમી પાર્ટીને આપી કહ્યું હતું કે, લડતા રહેજો અમે સાથ આપીશું આ વખતે અમે ચોક્સ ૩૮% મત મેળવીશું. ભાજપ અને કોંગ્રેસના થાકેલા કાર્યકર્તાઓ આપ સાથે જોડાવવાના છે અને બધાને હું આવકારું છું. વધુને વધુ લોકો કે જે સમાજ સેવા કરવા માંગતા હોય તેઓ આમ આદમી પાર્ટીમાં જોડાય તેવી પણ હું વિનંતી કરું છું.

### આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ-૨૦૨૫

# ખંભાળિયા APMCમાં સીંગતેલ યુનિટનો પ્રારંભ

## પ્રખ્યાત જી-૨૦ મગફળીમાંથી બનતું 'નિર્મલ' બ્રાન્ડ સીંગતેલ ઓર્ગેનિક કક્ષાનું અને આરોગ્ય માટે ઉત્તમ

રાજકોટ, તા. ૫

ગુજરાત સહિત સમગ્ર વિશ્વમાં વર્ષ ૨૦૨૫ને 'આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ' તરીકે ઉજવવામાં આવી રહ્યું છે, ત્યારે રાજ્ય સરકાર વિવિધ સહકારી પ્રવૃત્તિઓને વિશેષ પ્રાધાન્ય આપી રહી છે. જેના ભાગરૂપે રાજ્યના કૃષિ, સહકાર અને ખેડૂત કલ્યાણ વિભાગના સહયોગથી પ્રથમવાર દેવભૂમિ દ્વારકામાં આવેલી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ-અડખઈ ખંભાળિયા ખાતે રૂ. ૧ કરોડથી વધુના ખર્ચે સીંગતેલ પ્રોસેસિંગ યુનિટ શરૂ કરવામાં આવ્યું છે. આ બજાર સમિતિના કાર્યવાહકો અને કર્મચારીઓના અથાગ પ્રયત્નો થકી કાર્યરત આ સીંગતેલ પ્રોસેસિંગ યુનિટ દ્વારા વેચતા ૧૦૦ ટકા શુદ્ધ 'નિર્મલ' બ્રાન્ડ સીંગતેલને પ્રજામાં સારો પ્રતિસાદ મળી રહ્યો છે, તેમજ દિન પ્રતિદિન વપરાશકારોની સંખ્યામાં વધારો થતાં ઉત્પાદનમાં પણ નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે.



રાજયના ખેડૂતો તેમની ખેતપેદાશોના યોગ્ય ભાવે ખરીદ-વેચાણ કરી શકે તેવા હેતુસર ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓની રચના કરવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અને સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માના નેતૃત્વમાં રાજ્ય સરકારના સહયોગથી ખંભાળિયા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ દ્વારા નાગરિકોને શુદ્ધ સીંગતેલ મળી રહે તે માટે એક આગવી પહેલ કરવામાં આવી છે.

રાજ્યની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓના વિકાસ માટે ગુજરાત સરકાર દ્વારા જુદી જુદી યોજનાઓનો અમલ કરવામાં આવે છે. જે પૈકી 'પ્રોસેસિંગ યુનિટ બનાવવા માટેની યોજના' અંતર્ગત ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં પ્રોસેસીંગ યુનિટ બનાવવા માટે તેના કુલ ખર્ચના ૫૦ ટકા રકમ રાજ્ય સરકારના કૃષિ,સહકાર અને ખેડૂત વિભાગ મારફતે આપવામાં આવે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, 'નિર્મલ' સીંગતેલ બનાવવા માટે દેવભૂમિ દ્વારકા સહિતના વિસ્તારની પ્રખ્યાત જી-૨૦ મગફળીને પીલાણ કરતા પહેલા અત્યાધુનિક ગ્રેડર, ડી-સ્ટોનર તેમજ રાઉન્ડ ગ્રેડર મશીનમાં સાફ કરવામાં આવે છે. જેથી તેમાં રહેલા કાંકરા, માટી, ધુળ, ખરાબ દાણા અને અન્ય અશુદ્ધિઓ સહિત મગફળીમાં રહેલા રાસાયણિક ખાતર અને હાનિકારક તત્વોના અંશો પણ દૂર થઈ જાય છે. આમ, ૧૦૦ ટકા અશુદ્ધિઓ દૂર કરીને ચોખ્ખી મગફળીનું પીલાણ કર્યા બાદ મળતું સીંગતેલ લગભગ ઓર્ગેનિક કક્ષાનું અને આરોગ્ય માટે ઉત્તમ-શ્રેષ્ઠ છે. આ ઉપરાંત આ સીંગતેલમાં FFA અને ડ્ટનું પ્રમાણ કંટ્રોલમાં રહે તે માટે તેમાં કોઈપણ કેમિકલ્સ ઉમેર્યા વગર માત્ર કોલ્ડ પ્રોસેસ કર્યા બાદ વધુ એક વખત ફિલ્ટર કરવામાં આવે છે જેથી તે સર્વોત્તમ ગુણવત્તાનું સીંગતેલ બની રહે છે.

### લોથ ઢાળી દેવાની વધુ બે ઘટનાઃ હમે તો અપનોને માર ડાલા

# બાપે દિકરાની, જમાઈએ સાસુ-સસરાની કરી હત્યા

## પચ્ચીસ વર્ષનો દિકરો કામધંધો કરતો ન હોઇ પિતાએ દોરીથી ફાંસો દઇ મારી નાંખ્યોઃ બીજા કિસ્સામાં ત્રણ સંતાન અને પોતાને મુકીને પત્નિ ભાગી જતાં ક્રોધીત પતિએ સાસુ-સસરાને પેટમાં છરીના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધા

રાજકોટ તા. ૫

રાજ્યભરમાં હત્યાની ઘટનાઓ વધી ચુકી છે. વધુ આવા બનાવ સામે આવ્યા છે. જેમાં એક બાપે કામધંધો નહિ કરતાં પુત્રને ગળાટૂંપો આપી મોતને ઘાટ ઉતારી દીધો હતો. તો બીજી એક ડબલ મર્ડરની ઘટનામાં પોતાની પત્નિ કે જે ત્રણ સંતાની મા છે તેણે બીજા શખ્સ સાથે લગ્ન કરી લેતાં યુવાને ઉશ્કેરાઇ જઇને પોતાના સાસુ-સસરાને મોતને ઘાટ ઉતારી દીધા છે. આ બંને ઘટનાએ હળવદ અને ભાવનગર પંથકમાં ચકચાર જગાવી દીધી છે.

હત્યાની પ્રથમ ઘટના પર નજર કરીએ તો સુરેન્દ્રનગરના હળવદ તાલુકાના ચરાડવા ગામમાં એક પિતાએ કામ-ધંધો ન કરતા પુત્રની હત્યા કરી દીધાનો ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. જેમાં ચોપન વર્ષના દેવજીભાઈ કરસનભાઈ સોલંકીએ તેના પચ્ચીસ વર્ષીય બેરોજગાર પુત્ર મનોજની દોરી વડે ગળું દબાવીને હત્યા કરી છે. બનાવ અંગે મૃતકના પિતરાઈ ભાઈએ કાકા વિરૃદ્ધ હત્યાની ફરિયાદ નોંધાવી હતી. પોલીસ સુત્રોએ જણાવ્યા અનુસાર ચરાડવા ગામમાં બાવના વર્ષના દેવજીભાઇ કરસનભાઇ સોંલકી અને તેનો પુત્ર પચ્ચીસ વર્ષનો મનોજ સોલંકી એકલા રહે છે. મનોજ સોલંકી કોઈ કામ-ધંધો કરતો ન હતો. આ કારણે તેના પિતા દેવજીભાઇ કરસનભાઇ સોંલકી સાથે વારંવાર ઝઘડા થતા હતા. ગઈકાલે પણ પિતા-પુત્ર વચ્ચે કામ ધંધે ચઢવા બાબતે બોલાચાલી થઈ હતી.

આ મામલે માથાકુટ ચાલતી હોઈ આ દરમિયાન દેવજીભાઈએ દોરી વડે મનોજનું ગળું દબાવી દીધું હતું જેના કારણે તેનું મૃત્યુ થયું હતું. દેવજીભાઇ પુત્રની હત્યા કરી આસપાસના લોકોને જાણ કરી હતી. પાડોશમાં રહેતા લોકોના જાણવ્યા અનુસાર મનોજને પિતા દેવજીભાઈ સાથે બોલાચાલી થઇ હતી અને મનોજને બેભાન હાલતમાં ચરાડવા સરકારી હોસ્પિટલ લઇ ગયા હતા જ્યાં સરકારી ડોકટરે મૃત જાહેર કર્યો હતો. મનોજના ગળાના ભાગે દોરીથી ગળે




ટુંપો લાગેલ હોવાના નિશાન જોવા મળ્યા હતાં. આ ઘટનાના સમાચાર વાત વાયુવેગે ગામમાં પ્રસરતા ગ્રામજનોના ટોળાં સ્થળ પર ઉમટી પડયા હતા. બનાવ અંગે પોલીસને જાણ કરાતાં હળવદ પીઆઇ સહિતનો પોલીસનો કાફલો સ્થળ પર પહોંચ્યો હતો આરોપી દેવજીભાઇની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

બનાવ સંદર્ભે મૃતક યુવાનના પિતરાઈ ભાઈ અને મોરબીના ભડિયાદ રોડ પર સાયન્સ કોલેજ પાછળ રહેતા અને મૂળ ચરાડવાના વતની દિનેશભાઈ મગનભાઈ સોલંકીએ તેમના કાકા દેવજીભાઈ કરસનભાઈ સોલંકી વિરૃધ્ધ એફઆઇઆર દાખલ કરાવી હતી.

બીજા બનાવમાં ભાવનગરના મહુવા શહેરના ખારા ઝાપા વિસ્તારમાં સમી સાંજના સુમારે એક દંપતિ પોતાના ઘરે હતું તે વેળાએ તિક્ષ્ણ છરી સાથે ધસી આવેલા જમાઇએ સાસુ-સસરા ઉપર અચાનક જીવલેણ હુમલો કરી દંપતિને મોતને ઘાટ ઉતારી ફરાર થઇ જતાં ભારે ચકચાર મચી જવા પામી છે. ઘટનાની જાણ આસપાસ રહેતા લોકો તેમજ મહુવા ટાઉન પોલીસને થતાં પોલીસે ઘટના સ્થળે દોડી જઇ તપાસ હાથ ધરી હતી. પોલીસ સુત્રોના કહેવા અનુસાર મહુવા શહેરના ખારા ઝાપા, શાળા નંબર ૭ નજીક રહેતા રમેશભાઇ વીરાભાઇ ડોળાસીયા તેમજ ભારતીબેન રમેશભાઇ ડોળાશીયા બંન્ને પોતાના ઘરે હાજર હતા. તે વેળાએ સમી સાંજના સાતેક વાગ્યાના અરસામાં તેમનો જમાઇ અજય રાજુભાઇ ભીલ ઘરે આવ્યો હતો.

અજયને તેની પત્નિ સાથે કંકાસ ચાલતો હોઇ અને પત્નિને બીજા સાથે લગ્ન કરી લીધા હોઇ આ કારણે માથાકુટ થઇ હોઇ તેનો ખાર રાખી અજયએ સાસુ-સસરા સાથે બોલાચાલી કરી હતી અને એ દરમિયાન તેણે ઉશ્કેરાઇ સાસુ-સસરાને પેટના ભાગે છરીના તિક્ષ્ણ ઘા ઝીંકી દેતા બંનેના મોત થઇ ગયા હતાં. ડબલ મર્ડર કરી અજય ફરાર થઇ ગયો હતો. દંપતિની હત્યાની જાણ પાડોશમાં થતાં લોકોના મોટી સંખ્યામાં ટોળા જામ્યા હતા. વધુમાં પોલીસ સુત્રોએ જણાવ્યું હતુ કે, આરોપી અજય અને તેમના પત્નિ વચ્ચે અણબનાવ હતો અને બંનેને ત્રણ સંતાનો હતા. પણ પત્નિ પતિ અને સંતાનોને છોડીને બીજા સાથે લગ્ન કરી રહેવા માંડી હોઇ જેથી અજય રોષે ભરાયેલો હતો અને તેની દાઝ સાસુ-સસરા પર ઉતારી હતી. તેને ઝડપી લેવા દોડધામ થઇ રહી છે.

# આણંદમાં ત્રિભુવન સહકારિતા યુનિવર્સિટીનો શિલાન્યાસ

### કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ રહ્યા ઉપસ્થિત : સહકારી ધોરણે ટેક્સી સેવા અને વીમા સેવા શરૂ કરવાના આયોજન વચ્ચે આ ક્ષેત્રને જરૂરી કુશળ માનવ સંસાધન આ યુનિવર્સિટીમાંથી મળી રહેશે







અમદાવાદ, તા. ૫

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શિક્ષણ નગરી આણંદ ખાતે વિશ્વની પ્રથમ ત્રિભુવન સહકારિતા યુનિવર્સિટીનો શિલાન્યાસ કર્યો હતો. કેન્દ્ર સરકાર દ્વારા વર્તમાન બજેટમાં તેની ઘોષણા કરાયા બાદના માત્ર ચાર જ માસમાં આ મહત્વાકાંક્ષી શૈક્ષણિક સંસ્થાન કાર્યાન્વિત થવા જઇ રહ્યું છે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ જણાવ્યું કે, આગામી દિવસોમાં સહકારી પ્રવૃત્તિનો વ્યાપ વધવાનો છે. સહકારી ધોરણે ટેક્સી સેવા અને વીમા સેવા શરૂ કરવાના આયોજન વચ્ચે આ ક્ષેત્રને જરૂરી કુશળ માનવ સંસાધન આ યુનિવર્સિટીમાંથી મળી રહેશે.



કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રી અમિતભાઈ શાહે ગુજરાતમાં ત્રિભુવન સહકારી યુનિવર્સિટીના શિલાન્યાસ પ્રસંગે સહકારી ક્ષેત્રના ઉજ્જવળ ભવિષ્ય અને તેના મહત્વ પર પ્રકાશ પાડતા જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં સહકાર મંત્રાલયની સ્થાપના એ ગરીબ અને ગ્રામીણ લોકોના આર્થિક સશક્તિકરણ માટે એક ઐતિહાસિક પગલું છે. આ મંત્રાલયે દેશભરના ૧૬ અગ્રણી સહકારી નેતાઓ સાથે બેઠકો યોજી હતી અને તેમના મંતવ્યો જાણવામાં આવ્યા હતા. સહકારી ક્ષેત્રના વિકાસમાં રહેલી ખામીઓ ઓળખી અને તેના વિકાસ માટે સાત નવા પગલાં અમલમાં મૂકવામાં આવ્યા છે. સહકારી પ્રવૃત્તિને વ્યાપક બનાવવા માટે આ સાત પહેલ આ ક્ષેત્રને પારદર્શક, લોકતાંત્રિક અને સર્વ સમાવેશી બનાવવા માટે છે.

તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ત્રિભુવન સહકારી યુનિવર્સિટીની સ્થાપના એ સહકારી ક્ષેત્રની તમામ ખામીઓને દૂર કરવાની એક પહેલ છે. આ યુનિવર્સિટી ૧૨૫ એકરમાં રૂ. ૫૦૦ કરોડના ખર્ચે બની રહી છે અને તે નીતિ નિર્માણ, ડેટા વિશ્લેષણ, સંશોધન અને લાંબા ગાળા માટેની વિકાસ રણનીતિ ઘડવાનું કામ કરશે.દેશમાં ૪૦ લાખ કર્મચારીઓ અને ૮૦ લાખ બોર્ડ સભ્યો સહકારી પ્રવૃત્તિ સાથે જોડાયેલા છે, જેમાં ૩૦ કરોડ લોકો, એટલે કે દેશનો દર ચોથો વ્યક્તિ, આ ચળવળનો ભાગ છે. જોકે, સહકારી કર્મચારીઓ અને સભ્યોની તાલીમ માટે સુવ્યવસ્થિત વ્યવસ્થાનો અભાવ હતો, જે આ યુનિવર્સિટી દૂર કરશે, તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે જણાવ્યું કે, આંતરરાષ્ટ્રીય સહકારી દિવસના પાવન અવસરે ત્રિભુવન સહકારી યુનિવર્સિટીના નિર્માણ માટેના ખાતમુહૂર્તનો ઐતિહાસિક પ્રસંગ આણંદની ધરતી પર ઉજવાયો છે. જે ભારતના સહકારી ઈતિહાસમાં એક મહત્ત્વપૂર્ણ સિદ્ધિ રૂપ છે. આ યુનિવર્સિટી દેશની પ્રથમ સહકારી યુનિવર્સિટી તરીકે સહકાર ક્ષેત્રમાં નવા યુગની શરૂઆત કરશે. આ ઉત્કૃષ્ટ પહેલથી સહકારી ક્ષેત્રને શૈક્ષણિક, સંશોધન અને નીતિ નિર્માણના સ્તરે મજબૂત પાયાઓ મળશે, જે નવા યુગની સહકારિતા સંસ્કૃતિનું નિર્માણ કરશે. સમગ્ર વિશ્વ સમક્ષ ભારતના સહકાર મોડલને સશક્ત રીતે રજૂ કરવાનો દ્રષ્ટિકોણ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને દેશના પ્રથમ સહકાર મંત્રી અમિતભાઈ શાહે અપનાવ્યો છે. આ યુનિવર્સિટી વૈશ્વિક સ્તરે સહકારી અભ્યાસ, સંશોધન અને નવીનતાઓ માટે કેન્દ્રસ્થાન બનશે. નવી પેઢીને ક્લાયમેટ ચેન્જ, ડિજિટલ ઈકોનોમી અને ગ્રામ વિકાસ જેવા ક્ષેત્રે સહકાર માળખાને અનુકૂળ બનાવવા માટેનું કૌશલ્ય પણ અહીં વિકસાવવામાં આવશે.

# વડાપ્રધાન મોદી 'પ્રધાનસેવક' તરીકે સતત કાર્યશીલ : માંડવિયા

## ભાયાવદરમાં કેન્દ્રીય મંત્રીના અધ્યક્ષસ્થાને રૂ. ૧૦.૫૦ કરોડના વિકાસ કાર્યોના ઇ-ખાતમુહૂર્તનો કાર્યક્રમ યોજાયો

રાજકોટ, તા. ૫

ભારત સરકારના શ્રમ અને રોજગાર તથા યુવા બાબતો અને રમતગમત મંત્રી ડો. મનસુખભાઈ માંડવિયાની અધ્યક્ષતામાં, રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકામાં આવેલા ભાયાવદરના સરદાર પટેલ સાંસ્કૃતિક ભવન ખાતે શહેરની પ્રાથમિક સુવિધા માટે રૂ. ૧૦.૫૦ કરોડના વિકાસ કાર્યોના ઇ-ખાતમુહૂર્તનો કાર્યક્રમ યોજાયો હતો.

કેન્દ્રીય મંત્રી ડો. મનસુખભાઈ માંડવિયાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારે રસ્તા, પાણી અને વીજળી જેવી પ્રાથમિક સુવિધાઓનો વિકાસ ઉપરાંત જનતાના હિતાર્થે સામાજિક દષ્ટિકોણથી પ્રગતિ પણ સાધી છે. સરકારે સામાન્ય જનતા પ્રત્યે સંવેદનશીલ અભિગમ દાખવીને તેમની જરૂરિયાત પ્રમાણે અને જીવન ધોરણ ઊંચું લાવવા ઉપયોગી થાય એવી અનેક યોજનાઓ અમલી કરી છે. આમ, સરકારે વ્યક્તિના માનવીય, સામાજિક અને આર્થિક એમ સર્વાંગી વિકાસને ધ્યાને લીધો છે.

મંત્રીએ ઉમેર્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી 'પ્રધાનસેવક' તરીકે જનકલ્યાણ અર્થે સતત કાર્યશીલ છે. વડાપ્રધાનની દુરંદેશીતાના કારણે આપણો દેશ વિકસિત રાષ્ટ્ર બનવા સજ્જ થઈ રહ્યો છે. જનપ્રતિનિધિઓ જનતા સાથે ખભે-ખભે મિલાવીને તેમની પડખે રહે છે. ત્યારે લોકોની પણ નૈતિક ફરજ બને છે કે સરકાર સાથે જોડાઈને પોતાનું નગર હરિયાળું, સ્વચ્છ, સુંદર અને સુવિધાયુક્ત બનાવવામાં યોગદાન આપે.ઉપલેટા-ધોરાજી પંથકના ધારાસભ્ય ડો. મહેન્દ્રભાઈ પાડલીયાએ જણાવ્યું હતું કે ભાયાવદર સુંદર શહેર તો છે જ, સાથેસાથે જાગૃત શહેર પણ છે. અહીંની પ્રજા સરકારના અભિયાનોને જનભાગીદારીથી સફળ બનાવે છે. ગુજરાત સરકારે શહેરમાં અનેક વિકાસ પ્રકલ્પો પૂર્ણ કર્યા છે અને ઘણાં વિકાસ પ્રકલ્પો પ્રગતિ હેઠળ છે. વિકાસ કાર્યોના પરિણામે જનતાનો સરકાર પર વિશ્વાસ વધ્યો છે.

આ તકે નવનિયુક્ત કલેકટર ડો. ઓમ પ્રકાશ, મદદનીશ પોલીસ અધિક્ષક સીમરનબેન ભારદ્વાજ, પ્રાંત અધિકારી એન. એમ. તરખાલા, ચીફ ઓફિસર ડી. એન. કંડોરીયા, મામલતદાર નિખિલભાઈ મહેતા, અગ્રણી રવિભાઈ માકડિયા સહિત અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત રૂ. ૩૫૦ લાખના ખર્ચે નવા ડેવલપ થયેલા વિસ્તારોને ભૂગર્ભ ગટર સાથે જોડવામાં આવશે. અમૃત ૨.૦ યોજના અન્વયે રૂ. ૨૨૫ લાખના ખર્ચે પી.વી.સી. પાઈપલાઇ, પમ્પિંગ મશીનરી સહિતની કામગીરી.

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ભીના અને સૂકા કચરા માટે સોલિડ વેસ્ટ પ્લાન્ટના જુદા-જુદા કમ્પોનેન્ટ બનાવવા. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત રૂ. ૭૦ લાખના ખર્ચે સી.સી. રોડ તથા પેવિંગ બ્લોક રોડ. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત રૂ. ૭૦ લાખના ખર્ચે ટોયલેટ બ્લોક રીનોવેશન પાઇપ કલ્વર્ટ, વૃક્ષારોપણ. નાણાપંચ યોજના અન્વયે રૂ. ૩૧ લાખના ખર્ચે પેવિંગ બ્લોક રોડ તથા ટ્રી-મિક્સ સાથે સી.સી. રોડ. નાણાપંચ યોજના અન્વયે રૂ. ૩૦ લાખના ખર્ચે પેવિંગ બ્લોક રોડ ફૂટપાથ તથા ટ્રી-મિક્સ સાથે સી.સી. રોડ. નાણાપંચ યોજના અન્વયે રૂ. ૨૭ લાખના ખર્ચે પાણીનો ટાંકો, પાણીની લાઈન, ઈલેક્ટ્રીક રૂમ, રેઇન વોટર હાર્વેસ્ટિંગ તથા પીવાના પાણીનો બોર બનાવવામાં આવશે.

### અગાઉ આવી એમઓથી ઠગાઇ થતી'તી હવે ફરીથી 'જુનુ એ સોનુ' એ મુજબ ફ્રોડ શરૂ થયું

# ઠગ ટોળકી ચળકાવવાના બહાને સોનુ ચોરીને 'છૂ'

## ત્રણ ગઠીયા વોશીંગ પાવડર વેંચવાના નામે આવ્યા હતાંઃ ત્રણ અલગ અલગ ઘરોના મહિલાને છેતરી સાડા પાંચ લાખનું સોનુ ઉતારી ગયાઃ ગૃહિણીઓ આવા ગઠીયાઓથી ખાસ ચેતે

રાજકોટ તા. ૫

અલગ અલગ પ્રકારના નુસ્ખા અજમાવી લોકોને છેતરી લેતાં ગઠીયાઓ વધુ એક વખત કસબ અજમાવી ગયા છે. ઘણીવાર એકલ દોકલ મહિલા, વૃધ્ધાઓને ગઠીયાઓ આંતરી આગળ મફતમાં અનાજ આપે છે, તમે દાગીના પહેરેલા છે તો નહિ આપી ઉતારીને મુકી દો થેલીમાં કહી નજર ચુકવી છેતરી જતાં હોય છે. તો ઘણીવાર તમારે નડતર છે વિધી કરવી પડશે તેવુ કહી છેતરીને દાગીના બઠ્ઠાવી જતાં હોય છે. દરમિયાન વોશીંગ પાવડરના સેલ્સમેન બનીને આવેલા ત્રણ ગઠીયાએ ત્રણ લોકોને છેતરીને સોનુ ચળકાવી દેવાના બહાને સાડા પાંચ લાખનું સોનુ ઉતારી ગઠીયો છૂમંતર થઇ ગયો હતો.

વિગતો પર નજર કરીએ તો આ ઘટના પાટનગર ગાંધીનગરમાં બની છે. સોનુ ચમકાવી આપવાના બહાને દાગીના ઓગાળીને તેમાંથી સોનું સેરવી લેતી ટોળકીનો તરખાટ શરૂ થયો છે અને છેલ્લા ત્રણ દિવસમાં ત્રણ અલગ અલગ ઘટનાઓમાં કુલ પાંચ લાખ છપ્પન હજાર રૂપિયાનું સોનું સેરવી લેવામાં આવ્યું છે. જે સંદર્ભે હાલ સેક્ટર સાત પોલીસ દ્વારા ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી ગઠીયાને શોધી કાઢવા દોડધામ આદરી છે. ગાંધીનગરમાં ઘરફોડ ચોરીના બનાવો વધી રહ્યા છે ત્યારે હવે ગઠિયાઓ પણ મેદાનમાં ઉતરી આવ્યા છે અને નાગરિકોને નિશાન બનાવી રહ્યા છે. આ સ્થિતિમાં દાગીના ચમકાવી આપવાના બહાને સોનું સેરવી લેતી ટોળકીનો તરખાટ શરૂ થયો છે.

પોલીસ સુત્રોના કહેવા અનુસાર ગાંધીનગરના સેક્ટર ૭-સી, પ્લોટ નંબર ૧૦૦૧/૧માં રહેતા બિપિનભાઈ મણિલાલ પટેલે ફરિયાદ નોંધાવી હતી કે ત્રણ અજાણ્યા વ્યક્તિઓ બાઈક પર તેમના ઘરે આવ્યા અને પોતાને વિમ લિક્વિડ કંપનીના સેલ્સમેન તરીકે ઓળખાવ્યા હતા. તેમણે એક તાંબાના લોટા અને ચાંદીની ગણપતિની મૂત પર લિક્વિડ લગાડીને ચમકાવી હતી ત્યારબાદ તેમણે બિપિનભાઈની પત્ની વિણાગબેનના ચાર સોનાના બંગડીઓ સાફ કરી આપવાનું કહ્યું હતું અને આ બંગડીઓ સાફ કરવાના બહાને ૨.૭૦ લાખનો સોનુ સેરવી લીધું હતું . આવો જ બીજો એક બનાવ શહેરના સેક્ટર ૧૪, પ્લોટ નંબર ૧૬૮/૧માં રહેતા મનુભાઈ સોમાભાઈ કાળીદાસ વાળંદને પણ નિશાન બનાવ્યા હતા અને તેમના ઘરે પહોંચીને તેમની પત્નિ કૈલાશબેનને સોનાની બંગડીઓ સાફ કરવા માટે મનાવીને ૧.૨૬ લાખ રૂપિયાનું સોનું સેરવી લીધું હતું.

વાત આટલેથી અટકી નહોતી આ ઠગ ત્રિપૂટીએ ત્રીજો શિકાર શહેરના સેક્ટર ૧૨-




### કેનેડાના વર્ક પરમીટના નામે વધુ એક યુવાને ગુમાવી દીધા બાવીસ લાખ

બી મકાન નંબર ૪૮૦/૨માં રહેતા ગૃહિણી નસીમબાનુ ફિરોઝશા દિવાનને પણ નિશાન બનાવ્યા હતા. તે અને તેમના સાસુ ઘરે એકલા હતા તે દરમિયાન સોનાની બંગડીઓ ધોઈ આપવાના બહાને ૧.૬૦ લાખ રૂપિયાનું સોનું સેરવી લીધું હતું. ગાંધીનગરમાં એક જ મોડેસ ઓપરેન્ડીથી અલગ અલગ ત્રણ ઘટનાઓ બની છે અને જેમાં કુલ પાંચ લાખ છપ્પન હજારનું સોનુ છેતરપિંડીથી ચોરી લેવામાં આવ્યું છે જે ઘટનાને લઇ સ્થાનિક પોલીસ ઉપરાંત લોકલ ક્રાઈમ બ્રાન્ચ પણ આ ગઠિયાઓને પકડવા દોડી રહી છે. આ પ્રકારની મોડસ ઓપરેન્ડીનો ઉપયોગ કરી અગાઉ પણ રાજકોટ સહિત રાજ્યભરમાં ગઠીયાઓ સોનુ ચળકાવી આપવાના નામે સોનુ દાગીનામાંથી ઉતારી ભાગી જતાં હતાં. લાંબા સમય પછી ફરી આવી રીતે ફ્રોડ ચાલુ થયું હોઇ ખાસ કરીને ગૃહિણીઓ, મહિલાઓએ ચેતતા રહેવુ જરૂરી બની ગયું છે.

ફ્રોડની અન્ય એક ઘટનામાં વર્ક પરમીટના નામે વધુ એક યુવાને બાવીસ લાખ ગુમાવ્યા છે. અમદાવાદ સોલામાં કેનેડાના વર્ક વિઝા કઢાવી અપાવના બહાને યુવક સાથે રૂપિયા બાવીસ લાખ અને કેનેડાના ૨૧૮૪ ડોલરની ઠગાઇ કરનાર બ્લ્યુસ્કાય વિઝા એન્ડ ઈમિગ્રેશનના માલિક રાહુલ શાહ વિરુદ્ધ સોલા હાઇકોર્ટે પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. મણિનગરમાં આવેલ કંજીલ ફલેટમાં રહેતા ૫૭ વર્ષીય રેખાબેન રાઠોડે સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશનમાં રાહુલ શાહ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી છે. જેમાં તેઓનો ૨૮ વર્ષના દિકરા કેયુરને કેનેડા મોકલવા માટે કાર્યવાહી કરતા હતાં. એ દરમિયાન તેઓ ગોતા ખાતે આવેલ બ્લ્યુસ્કાય ઈમિગ્રેશનની ઓફિસમાં ગયા હતાં. જયા તેમને ઓફિસના માલિક રાહુલ શાહ મળ્યા હતાં. અને તેમણે પહેલા કેનેડાના વિઝીટર વિઝા કરાવી આપવાનું જણાવ્યું હતું.

બાદમાં તેમણે કેનેડાના વિઝીટર વિઝા કઢાવી આપતા તેમની ઉપર ભરોસો રાખ્યો હતો. અને કેનેડાના વર્ક વિઝા કઢાવી આપવા માટે રૂ.૨૩ લાખનો ખર્ચ અંગેની વાત કરી હતી. આથી રેખાબેને પોતાના દિકરાના ભવિષ્યને ધ્યાનમાં રાખીને રાહુલભાઇને ટુકડે-ટુકડે રૂપિયા આપતા હતાં. અને ૨૬ મે ૨૦૨૪ સુધીમાં આરટીજીએસ મારફચતે રૂ.૨૨ લાખ આપ્યા હતાં. તેમજ કેનેડામાં રહેતી તેમની દિકરીએ વકીલના ફી પેટે કેનેડાના ૨૧૮૪ ડોલર પણ આપ્યા હતાં. તેમ છતાં આરોપી રાહુલ શાહ કેનેડાના વર્ક વિઝા કરાવી આપતા નહોતા. આથી રેખાબેન અને તેમનો દિકરો કેયુર રાહુલભાઇની ઓફિસે ગયા ત્યારે ઓફિસ બંધ હતી. આથી માતા-પુત્ર રાહુલભાઇના ઘરે ગયા હતાં. અને કેનેડાના વર્ક વિઝા નહી કરાવી આપતા આપેલા રૂપિયા પરત આપી દેવાની માંગ કરી હતી. પરંતુ રાહુલભાઇ રૂપિયા પરત નહી આપતા કંટાળીને રેખાબેને તેમની વિરુધ્ધ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. સોશિયલ મીડિયા પર લોભામણી જાહેરાતો જોઈ લોકો ભરમાઈ જતા હોય છે અને લાખો રૂપિયાની ઠગાઈનો ભોગ બનતા હોય છે.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# એસિડ ટેસ્ટ!

## બે મોત.. મીડિયાને દારૂ દેખાયો, પોલીસને નથી દેખાતો...



સીધી દેખાતી ઘટનાને રહસ્યમય બનાવવાની કલા પણ તંત્રની જોવા મળી રહી છે. રાજકોટના શાપર-વેરાવળમાં બે યુવકોએ દારૂને કડક બનાવવા એસિડ નાખીને પીધો.. દારૂ એટલો કડક બન્યો કે બન્ને માટે એ પેગ જીવનનો છેલ્લો ઘૂટડો બની ગયા...

આ ઘટનાને મીડિયાએ પૂર્ણ વર્ણન સાથે આંલેખી છે. બન્ને યુવકોએ કરિયાણાની દુકાનમાંથી એસિડ ખરીદીને દારૂમાં નાખીને પીધું હતું. જો કે, દારૂ પીવો એ જ ગુન્હો છે. એસિડ નાખીને પીવો એ પણ અસામાન્ય ઘટના છે. રાજકોટમાં દારૂ ખુલ્લેઆમ મળે છે એ આ ઘટનાથી સાબિત થાય, એસિડ નાખીને લોકો બિન્દાસ પી શકે છે, એ પણ આ ઘટનાથી સાબિત થાય... આ સાબિતીથી પોલીસ તંત્રની નિષ્ફળતા આપો-આપ સાબિત થાઈ જાય.

આવું પોલીસ તંત્રને ન ગમે. આ કારણે ઘટના બનીએ દિને પોલીસ રટતી રહી, બન્નેએ દારૂ નથી પીધો, એસિડ જ પીધું છે! દારૂના મામલામાં હપ્તાખોરી નીચેથી ઉપર સુધી બેફામ ચાલે છે. આ બાબત સિક્રેટ જેવી રહી નથી. તંત્રથી માંડીને મોટા માથા મુખ્ય ગુન્હેગારો છે. તે પણ રહસ્યમય બાબત નથી. પોલીસ છટકવાનો બનતો પ્રયાસ કરે છે, એ પણ જગજાહેર છે.

એસિડની ઘટનામાં કદાચ પોલીસ સાચી પણ હોઈ શકે છે. પરંતુ, ખુલ્લેઆમ દારૂ વેચાય એ બાબતે પોલીસ તંત્રનું શું કહેવાનું છે? દારૂડિયા દારૂ પીને અકસ્માતો કરે, બેટલેગરોથી માંડીને દારૂ ઉત્પાદકો દાદાગીરીથી ખુલ્લેઆમ ધંધો કરે આ માટે કોણ જવાબદાર છે?

પોલીસ કમિશનરથી માંડી જે તે વિસ્તારના પોલીસ અધિકારીઓ કેમ પગલાં લેતા નથી? આ સામે નેતાગીરી પણ કેમ અવાજ ઉઠાવતી નથી? એસિડ ટેસ્ટમાંથી છટકવા પ્રયાસ કરનાર પોલીસ કદાચ રાજકોટમાં ખુલ્લેઆમ પીવાતો બેફામ દારૂ અંગે પોલીસ કદાચ એવું કહેશે કે આ લોકો દારૂ નહિ, જ્યુસ પીએ છે!

લોકોની હદ ઉપરાંતની સહનશક્તિના કારણે તંત્ર જવાબદારી તડકે મૂકીને માલામાલ બની રહ્યું છે. આવા તઃત્રને સહન કરતા રહેવું જરૂરી નથી. ઉચ્ચ અધિકારીઓથી માંડીને ચૂંટાયેલા લોકો સામે અવાજ ઉઠાવી શકાય છે.

દારૂમાં એસિડ ટેસ્ટ કરીને બે દારૂરિડયાના ફિંડલા વાળી ગયા છે. આ અંગે મૂળમાં તપાસ થવી જોઈએ. પીનારે ક્યાંથી ખરીદ્યો, કોણે બનાવ્યો, આ બધું થયું તેમાં ક્યા અધિકારી નિસ્કીય રહ્યા... જવાબદાર તમામને કાયદાનો એસિડ ટેસ્ટ કરાવવો જોઈએ.

!! લાખ રૂપિયાની વાત !!
જીવવાની મજા તો ત્યારે આવે
જ્યારે તમને ખબર હોય કે લોકો
તમારો ઉપયોગ કરી રહ્યા છે,,
તેમ છતાં તમે નિસ્વાર્થ
ખર્ચાઈ રહ્યા હોવ...
અંજામની ખબર તો સાહેબ
કર્ણને પણ હતી પણ વાત
સંબંધ નિભાવવાની હતી...
શબ્દો ને બે જ જણા ઢંગથી
વાંચે છે એક "જ્ઞાન મેળવનાર" ને
બીજો "ભૂલો શોધનાર"...

પુ ભક્તિ સ્વામીજી
પ્રમુખ શ્રી અખિલ ભારતીય સંત સમિતિ રાજકોટ જિલ્લા
પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક)
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# ભારત ગ્લોબલ સાઉથનો બની રહ્યું છે આવાજ : મોદી

## વડાપ્રધાન મોદી ૮ દિવસમાં ૫ દેશોનો પ્રવાસ ખેડી દેશને વૈશ્વિક ફલક પર મજબૂત છાપ કરશે ઉભી : અનેક દ્વિપક્ષીય કરારો પર કરશે હસ્તાક્ષર

નવીદિલ્હી, તા. ૫

વડા પ્રધાન નરેન્દ્ર મોદી તેમના ૧૧ વર્ષના શાસનમાં બીજી વખત આટલા લાંબા વિદેશ પ્રવાસ પર ગયા છે. અગાઉ ૨૦૧૫ માં, ૬ જુલાઈથી ૧૩ જુલાઈ દરમિયાન, પ્રધાનમંત્રીએ રશિયા અને મધ્ય એશિયાના પાંચ દેશોની મુલાકાત લીધી હતી. આ પછી, આ પ્રધાનમંત્રીનો સૌથી લાંબો વિદેશ પ્રવાસ છે. આ મુલાકાતમાં, પ્રધાનમંત્રી ગ્લોબલ સાઉથ એટલે કે આફ્રિકા, લેટિન અમેરિકા અને કેરેબિયન દેશોની મુલાકાત લઈ રહ્યા છે. આ અંતર્ગત, પ્રધાનમંત્રી પશ્ચિમ આફ્રિકન દેશ ઘાના, કેરેબિયન દેશ ત્રિનિદાદ અને ટોબેગો, લેટિન અમેરિકન દેશો આર્જેન્ટિના અને બ્રાઝિલ તેમજ આફ્રિકન દેશ નામિબિયાની મુલાકાત લેશે. પશ્ચિમ આફ્રિકન દેશ ઘાનામાં મહત્વપૂર્ણ ખનિજો, ખાસ કરીને લિથિયમના ભંડાર છે. કોઈ ભારતીય વડા પ્રધાનની આ મુલાકાત લગભગ ૩૦ વર્ષ પછી થઈ છે. પીએમ નરેન્દ્ર મોદી ૨-૩ જુલાઈની વચ્ચે અહીં પહોંચ્યા હતા. અહીં તેમણે ઘાનાની સંસદના સંયુક્ત સત્રને પણ સંબોધિત કર્યું હતું અને અહીં તેમને રાષ્ટ્રપતિ મહાનાએ ઘાનાનું સર્વોચ્ચ નાગરિક સન્માન પણ આપ્યું હતું.

પ્રધાનમંત્રીએ ૩-૪ જુલાઈ દરમિયાન ત્રિનિદાદ-ટોબેગોની મુલાકાત લીધી હતી. ત્યાં ભારતીય મૂળના લોકોની સંખ્યા ૪૦ થી ૪૫ ટકા છે. ત્યાંની સત્તા પણ ભારતીય મૂળના નેતાઓના હાથમાં છે. ૧૮૪૫ થી ૧૯૧૭ ની વચ્ચે, લગભગ ૧ લાખ ૧૭ હજાર ભારતીયોને અંગ્રેજો મજૂર તરીકે કામ કરવા માટે ત્યાં લઈ ગયા હતા. આજે ભારતીય મૂળના લોકો દરેક ક્ષેત્રમાં મહત્વપૂર્ણ ભૂમિકાઓ ભજવી રહ્યા છે. ભારતીયો હવે ત્રિનિદાદ ટોબેગોની



સામાજિક સંસ્કૃતિની ઓળખ બની ગયા છે. આ દેશો સાથેના આપણા સંબંધોને મજબૂત બનાવવા એ ભારતીય વિદેશી રાજદ્વારીનો ખૂબ જ મહત્વપૂર્ણ ભાગ છે. આ પહેલા પણ મોદી કેરેબિયન દેશોની મુલાકાત લઈ ચૂક્યા છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૪ થી ૫ જુલાઈ દરમિયાન આર્જેન્ટિનાની મુલાકાતે છે. લેટિન અમેરિકન દેશ આર્જેન્ટિના સાથે ભારતના રાજદ્વારી સંબંધો વેપાર અને અન્ય ક્ષેત્રોમાં સહયોગની સાથે સતત વધી રહ્યા છે. ભારતીય મૂળના સિંધી અને પંજાબી ત્યાં રહે છે. આ લોકોએ ૧૯૮૦ ના દાયકાથી ત્યાં સ્થાયી થવાનું શરૂ કર્યું. આર્જેન્ટિનાની મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય બંને દેશો વચ્ચે વ્યૂહાત્મક, આર્થિક ભાગીદારી, આબોહવા પરિવર્તન અને ટેકનોલોજીના ક્ષેત્રોમાં સહયોગ વધારવાનો છે. આ દેશમાં લિથિયમનો ભંડાર છે.

તમને જણાવી દઈએ કે ૧૯૬૮ પછી કોઈ ભારતીય વડા પ્રધાનની આર્જેન્ટિનાની આ પહેલી મુલાકાત છે. આ પહેલા પૂર્વ વડા પ્રધાન ઈન્દિરા ગાંધી ૧૯૬૮માં આર્જેન્ટિનાની મુલાકાતે ગયા હતા. આ પછી, ૫ થી ૭ જુલાઈ દરમિયાન, વડા પ્રધાન બ્રાઝિલની રાજધાની રિયો ડી જાનેરોમાં રહેશે. આ મુલાકાતનો બીજો ભાગ ૭ થી ૮ જુલાઈ દરમિયાન બ્રાઝિલના બ્રાઝિલિયામાં યોજાશે. બ્રાઝિલના વડા પ્રધાન બ્રિક્સ સમિટમાં ભાગ લેવા ગયા છે. આ વખતે બ્રાઝિલ બ્રિક્સ સમિટની અધ્યક્ષતા કરી રહ્યું છે અને આવતા વર્ષે ભારતને આ તક મળશે જ્યારે તે બ્રિક્સ સમિટનું આયોજન કરશે. બ્રિક્સમાં ભાગ લેવા ઉપરાંત, મોદી બ્રાઝિલની ખાનગી મુલાકાત પણ લેશે. તમને જણાવી દઈએ કે ભારત પછી બ્રાઝિલને જી-૨૦ નું પ્રમુખપદ મળ્યું છે.

# હજુ ૩૦-૪૦ વર્ષ લોકોની સેવાની ઈચ્છા : દલાઈ લામા

## તેમના સ્વાસ્થ્ય અને દીર્ધાયુષ્ય અંગેની અફવાઓને ફગાવી દીધી અને કહ્યું કે તેમને અવલોકિતેશ્વરના આશીર્વાદ છે

નવીદિલ્હી, તા. ૫

તિબેટીયન આધ્યાત્મિક નેતા દલાઈ લામાએ તેમના ૯૦મા જન્મદિવસની પૂર્વસંધ્યાએ ધર્મશાલાના મેકલિયોડગંજ સ્થિત મુખ્ય ત્સુગલાખાંગ મંદિરમાં આયોજિત એક ખાસ પ્રાર્થના સમારોહમાં હાજરી આપી હતી. આ પ્રસંગે, તેમણે તેમના સ્વાસ્થ્ય અને દીર્ધાયુષ્ય અંગેની અફવાઓને ફગાવી દીધી અને કહ્યું કે તેમને અવલોકિતેશ્વરના આશીર્વાદ છે અને તેઓ આગામી ૩૦-૪૦ વર્ષ સુધી લોકોની સેવા કરવા માંગે છે. સમારોહમાં હાજર ૧૫,૦૦૦ થી વધુ ભક્તોને સંબોધતા દલાઈ લામાએ કહ્યું, 'મને ઘણા સંકેતો મળ્યા છે કે અવલોકિતેશ્વરના આશીર્વાદ મારી સાથે છે.' મેં અત્યાર સુધી મારા શ્રેષ્ઠ પ્રયાસો કર્યા છે અને મને આશા છે કે હું બીજા ૩૦-૪૦ વર્ષ જીવીશ. તમારી પ્રાર્થનાનું ફળ મને મળ્યું છે. તેમણે એમ પણ કહ્યું કે બાળપણથી જ તેમને લાગતું હતું કે તેમનો અવલોકિતેશ્વર સાથે ઊંડો સંબંધ છે. હસતાં હસતાં તેમણે કહ્યું, 'હું ૧૩૦ વર્ષથી વધુ જીવવા માંગુ છું જેથી હું બૌદ્ધ ધર્મ અને તિબેટના લોકોની વધુ સેવા કરી શકું.'

તાજેતરમાં દલાઈ લામાના ઉત્તરાધિકારીની જાહેરાત અંગે ઘણી અફવાઓ ફેલાઈ છે, ખાસ કરીને જ્યારે તેમનો ૯૦મો જન્મદિવસ નજીક



આવી રહ્યો છે. પરંતુ આ પ્રસંગે, સેન્ટ્રલ તિબેટીયન એડમિનિસ્ટ્રેશનના પ્રમુખ, પેનપા ત્સેરિંગે, આ અફવાઓને સંપૂર્ણપણે નકારી કાઢી. તેણે કહ્યું, 'આમ બનતું નથી.' કેટલાક લોકો વિચારી રહ્યા છે કે શું દલાઈ લામા ટૂંક સમયમાં કોઈ મોટી જાહેરાત કરશે કે તેમના મૃત્યુ વિશે વાત કરશે. પરંતુ તેમનું સ્વાસ્થ્ય સારું છે અને તેઓ કહે છે કે તેઓ બીજા ૨૦ વર્ષ જીવશે. આપણે તેમની પરંપરાને સમજવી જોઈએ. આ પ્રસંગે તેમણે ચીની નેતા માઓ ત્સે-તુંગ સાથે સંબંધિત એક ઘટનાને પણ યાદ કરી.

દલાઈ લામાએ પોતાના ભાષણમાં કહ્યું કે ભલે તિબેટીઓએ પોતાનો દેશ ગુમાવ્યો હોય અને ભારતમાં નિર્વાસિત જીવન જીવી રહ્યા હોય, તેઓ હજુ પણ બીજાઓના કલ્યાણ માટે કામ કરતા રહેશે. તેમણે કહ્યું, 'ભલે તે ધર્મશાળામાં રહેતા લોકો હોય કે દુનિયાના અન્ય કોઈ ખૂણામાં, હું બધાની સેવા કરવા અને કલ્યાણ માટે કામ કરવા માંગુ છું.' તેમણે ચીની નેતા માઓ ઝેડોંગ સાથેની તેમની મુલાકાતનો પણ ઉલ્લેખ કર્યો, જ્યારે માઓએ કહ્યું હતું કે, 'ધર્મ ઝેર છે.' દલાઈ લામાએ કહ્યું કે તેમણે આનો જવાબ આપ્યો નહીં, પરંતુ માઓ પ્રત્યે દયા અનુભવી.

દલાઈ લામાના ૯૦મા જન્મદિવસ નિમિત્તે ધર્મશાળામાં એક અઠવાડિયા સુધી ચાલનારી ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. કેન્દ્રીય મંત્રીઓ કિરેન રિજિજુ, જે પોતે બૌદ્ધ છે, અને રાજીવ રંજન સિંહ રવિવારે મુખ્ય કાર્યક્રમમાં હાજરી આપશે. આ ઉપરાંત, અરુણાચલ પ્રદેશના મુખ્યમંત્રી પેમા ખાંડુ, સિક્કિમના મુખ્યમંત્રી પ્રેમ સિંહ તમાંગ અને હોલીવુડ અભિનેતા રિચાર્ડ ગેર પણ આ ખાસ પ્રસંગે હાજરી આપશે. સેન્ટ્રલ તિબેટીયન એડમિનિસ્ટ્રેશનના પ્રવક્તા તેનઝિન લેખશેએ જણાવ્યું હતું કે શનિવારે પ્રાર્થના સમારોહમાં તિબેટીયન બૌદ્ધ ધર્મના વિવિધ સંપ્રદાયોના પ્રતિનિધિઓ, અનેક મઠોના વરિષ્ઠ લામાઓ અને હજારો ભક્તો હાજર રહ્યા હતા.

# મરાઠી ન બોલે તેને થપ્પડ ઝીંકો : ઠાકરે

## રાજ અને ઉદ્ધવ બંનેએ મરાઠી પર ભાષણ આપ્યું અને ભાજપ પર જોરદાર પ્રહારો કર્યા

નવીદિલ્હી, તા. ૫

મહારાષ્ટ્રમાં ભાષા વિવાદ પર રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરે એકસાથે આવ્યા. બંને ભાઈઓએ ૨૦ વર્ષ પછી સાથે સ્ટેજ શેર કર્યું. આ દરમિયાન રાજ અને ઉદ્ધવ બંનેએ મરાઠી પર ભાષણ આપ્યું અને ભાજપ પર જોરદાર પ્રહારો કર્યા. આ દરમિયાન રાજે કહ્યું કે મરાઠી બોલવી પડશે, જે કોઈ આવું કરવાનો ડોળ કરે છે તેના કાનમાં થપ્પડ મારવી જોઈએ. તાજેતરમાં, મહારાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં, વેપારીઓને માર મારવામાં આવ્યો હતો કારણ કે તેઓ મરાઠી બોલી શકતા ન હતા. આ લડાઈનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. આ સાથે, સરકારે આવું કરનારાઓ સામે કાર્યવાહી કરવાની વાત કરી હતી. સમગ્ર મામલે રાજ ઠાકરેએ કહ્યું કે કારણ વગર કોઈને મારશો નહીં, પરંતુ જો કોઈ વધુ પડતું નાટક કરે છે, તો તેના કાનમાં થપ્પડ ચોક્કસ મારશો અને આગલી વખતે જ્યારે તમે કોઈને મારશો, ત્યારે તેનો વીડિયો ન બનાવો. સોશિયલ મીડિયા પર આ વીડિયો વાયરલ થયા પછી, ઘણા રાજકીય પક્ષોએ તેનો વિરોધ કર્યો. ઘણા સામાન્ય લોકોએ પણ આ પ્રકારની મારપીટને ખોટી ગણાવી. આ જ કારણ છે કે મનસે કાર્યકરોને ભારે ટ્રોલ કરવામાં આવ્યા હતા. હવે આ બાબતે રાજે સ્પષ્ટતા કરી છે કે આગલી વખતે જ્યારે તમે કોઈને મારશો, ત્યારે વીડિયો ન બનાવો.



રાજ ઠાકરેએ કહ્યું કે વ્યક્તિ ગુજરાતી હોય કે બીજું કોઈ, તેને મરાઠી આવડવી જ જોઈએ. જો તે મરાઠી નથી જાણતો તો તેને મારવાની કોઈ જરૂર નથી. જો તે નાટક કરે તો તેના કાનમાં એક થપ્પડ મારજો. તેમણે કામદારોને કહ્યું કે જે વ્યક્તિને માર મારવામાં આવી રહ્યો છે તેને કહેવું જોઈએ કે તેને માર મારવામાં આવ્યો છે. તમારે બધાને કહેવાની જરૂર નથી કે તમે કોઈને માર્યો છે. રાજ ઠાકરેએ સરકાર પર બળજબરીથી હિન્દી લાદવાનો આરોપ લગાવ્યો છે. તેમણે કહ્યું, હિન્દીભાષી રાજ્યોના લોકો અહીં રોજગાર માટે આવે છે અને અમને હિન્દી શીખવાનું કહે છે. તેમણે કહ્યું કે મરાઠા સામ્રાજ્ય દરેક જગ્યાએ પહોંચી ગયું હતું, પરંતુ શું આપણે કોઈના પર મરાઠી ભાષા લાદી નથી? આ લોકોએ ફક્ત મુંબઈને મહારાષ્ટ્રથી અલગ કરી શકાય છે કે કેમ તે તપાસવા માટે હિન્દી લાદવાનો પ્રયાસ કર્યો. અમે શાંત છીએ, તેનો અર્થ એ નથી કે અમે મૂર્ખ છીએ.

રાજ ઠાકરેએ કહ્યું કે દેવેન્દ્ર ફડણવીસ અંગ્રેજીમાં ભણીને મુખ્યમંત્રી બન્યા. મારા પિતા અને બાળાસાહેબ ઠાકરે અંગ્રેજી માધ્યમમાં ભણ્યા હતા. શું તમે મરાઠી ભાષામાં તેમના યોગદાન પર શંકા કરી શકો છો? લાલ કૃષ્ણે કોન્વેન્ટ સ્કૂલમાં અભ્યાસ કર્યો હતો. શું તમે તેમના હિન્દુત્વ પર શંકા કરશો? જયલલિતા, સ્ટાલિન, ઉધયનિધિ, પવન કલ્યાણ, કમલ હાસન, અભિનેતા વિક્રમ, સૂર્ય અને એ.આર. રહેમાન. બધાએ અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કર્યો છે. ભારતીય સેનામાં રાજપૂત રેજિમેન્ટ, શીખ લાઈટ ઈન્ફન્ટ્રી, બિહાર રેજિમેન્ટ, મહાર રેજિમેન્ટ, ગોરખા રાઈફલ્સ, અરુણાચલ સ્કાઉટ જેવા ઘણા યુનિટ છે, પરંતુ જ્યારે દુશ્મન હુમલો કરે છે, ત્યારે બધા એક થઈને તેમના પર હુમલો કરે છે. શું તે સમયે કોઈ ભાષા વચ્ચે આવે છે? હવે આ લોકો તમને જાતિ અને ભાષાના નામે વિભાજીત કરવાનો પ્રયાસ કરશે. પરંતુ અમે મરાઠીઓ તરીકે એક થઈને ઊભા રહીશું અને કોઈને પણ અમારી વચ્ચે અણબનાવ પેદા કરવા દઈશું નહીં.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

## સમાજ દર્શન

### વિશ્વનાં ૧૯૫ દેશોમાંથી ૭૮ દેશની કુલ વસ્તી જેટલો વસ્તી વધારો ભારતમાં દર વર્ષે નોંધાય છે



૧૧/૭ એ વસ્તી વધારો દિવસ, આ દિવસ ઉજવવાની શરૂઆત ૧૯૮૯ માં સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા કરવામાં આવી હતી અને એનો ઉદ્દેશ વધતી જતી વસ્તીને કારણે ઉદભવતી સમસ્યા પર ધ્યાન દોરવાનો હતો. ૧૯૮૭ ની છેલ્લી વસતી ગણતરી મુજબ વિશ્વની વસ્તી ૫ અબજ થઈ! એટલે પાંચ અબજ દિન તરીકે યાદ કરાય છે. દિવસે દિવસે જે રીતે વસ્તી વધી રહી છે, અને એ પણ જેને ખાવાનાં સાંસા હોય એવાં વર્ગની વસ્તી વધતી જ જાય છે, અને આગળ જતાં એ બાળકો અભાવાને કારણે વિકૃત થતાં જાય છે, અને સમાજમાં હિંસા અને અશાંતિ ફેલાવે છે, એ જોઈ ચિંતા ચિંતન કરાવે છે.

વૈશ્વિક વસ્તીની વાત કરીએ તો યુનાઈટેડ સ્ટેટસ સેન્સ બ્યૂરો દ્વારા પ્રકાશિત કરાયેલા પેપર અનુસાર, ૨૪ ફેબ્રુઆરી ૨૦૦૬ના રોજ વિશ્વની વસ્તી ૬.૫ અબજના આંકને સ્પર્શી ગઈ હતી, અને છેલ્લે ૨૦૨૪ મુજબ વિશ્વની વસ્તી ૮.૨ અબજ હતી, અને આજે ૨૦૨૫ ચાલે છે એટલે .. જોકે ભવિષ્યવેત્તા ઓ કહે છે ૨૧૦૦ સદીના અંતમાં વસ્તી ઘટશે! ૨૦૨૩ માં ઠંઇંઘ દ્વારા ભારત વિશ્વનો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ છે, એવું તારણ નીકળ્યું છે. સ્ટેટ ઓફ પોપ્યુલેશનનાં જાન્યુઆરીના રિપોર્ટ મુજબ ભારતની વસ્તી ૧.૪૬ અબજ છે. વિશ્વમાં ૧૯૫ દેશ છે, અને આટલાં દેશાની વસ્તી ૮.૨ અબજ જ્યારે ભારતની વસ્તી ૧.૪૬ અબજ ! બાપરે! અને એ પણ ભૌગોલિક રીતે સિમિત ક્ષેત્રમાં એટલે કે જમીનની રીતે આપણી પાસે આટલાં લોકોનું રહેવું બહુ જ મુશ્કેલ છે! પણ છતાં ક્યાંક ને ક્યાંક તો રહેતા જ હશે!

વિશ્વની વસ્તી ૧૯૮૭ માં ૫ અબજ હતી, અને આજે ૨૦૨૫ માં ૮.૨ અબજ છે, અંદાજે એક દાયકે એક અબજ વસ્તી વધી એવું તારણ નીકળે. જ્યારે ભારતની વાત કરીએ તો ૧૯૫૧ માં ભારતની વસ્તી ૩૬ કરોડ હતી અને આજે

૧.૪૨ અબજ છે!: એટલે છેલ્લાં ૭૫ વર્ષમાં ૧.૬ અબજ વસ્તી વધી ગઈ! પૂરી જીવ સૃષ્ટિ કુદરતી રીતે જ પોતાના આનુવંશિક પરિબળોને કારણે પોતાનાં જેવાં જ બીજા સજીવને પેદા કરે છે. વનસ્પતિ અને પ્રાણીઓ પણ આ જ રીતે પોતાના જેવાં બીજા સજીવ પેદા કરે છે, અને આ રીતે આખી જીવ સૃષ્ટિ નિર્માણ પામીને સમયાંતરે નિર્વાણ પામે અને આમ આખી કુદરતી સાયકલ ચાલે! એટલે કે જન્મ મરણનું ચક્ર ચાલે.

માનવીય શરીરને એક સ્ત્રી જન્મ આપે છે, અને ૧૪ થી ૪૫ વર્ષ સુધી સ્ત્રી માટે પ્રજનન કાળ ગણવામાં આવે છે. વધતી જતી વસ્તીને કન્ટ્રોલ કંઈ રીતે કરવી એવો કોઈ પ્રશ્ન થાય તો એનાં બહુ ઉપાય આપણને મળતા નથી! કારણકે પોતાને કેટલાં સંતાન જોઈએ છે! એ દરેકનો વ્યક્તિગત વિષય થાય, એમાં કોઈ રોકટોક કરી શકાય નહીં! એટલે કે કાયદાકીય રીતે કોઈ ઉપાય મળે નહીં. બીજું જન્મથી મૃત્યુનો દર વધું હોય તો વસ્તી ઘટી શકે! પણ ચીન જેવું ઘાતકી આપણે વિચારી શકીએ નહીં! ઉલટું વૈજ્ઞાનિક વિકાસને કારણે ખાધેપીધે સુખી મનુષ્યનું સરેરાશ આયુષ્ય વધતું જાય છે! જોકે કુદરતમાં પોતાની રીતે સરભર કરવાં કુદરતી અને કુત્રિમ દુર્ઘટના ઘટતી જ હોય છે અને એમ એકસાથે કેટલાંય મૃત્યુ થાય છે, પણ છતાં મૃત્યુ અંક વસ્તી વધારાના પ્રમાણમાં ઓછો હોવાથી વસ્તી વધતી જ જાય છે, કારણકે અમુક કોમ પોતાનું વર્ચસ્વ વધારવાં વધુ ને વધુ બાળકો પેદા કરે છે. હાલ એક જ વિકલ્પ છે, અને એ સ્ત્રીઓની ફળદ્રુપતાનો દર ઘટે તો વસ્તી ઘટે! જોકે વર્કીંગ વુમનનાં તણાવ ગ્રસ્ત જીવનને કારણે એ દર નહીવત ઘટયો છે.

આપણને સૌને એમ છે કે યુરોપના દેશોની વસ્તી ઓછી છે, એટલે તેનું આર્થિક અર્થતંત્ર મજબૂત છે! પણ હકીકતમાં યુરોપના દેશો વચ્ચે બે વિશ્વ યુદ્ધમાં મોટા પાયે યુવાનો મૃત્યુ પામ્યાં અને એટલે યુરોપની વસ્તી ઓછી થઈ ગઈ! અને વસ્તી ઓછી હોવાથી એ દેશ માનવીય વિકાસ માટેના દરેક ક્ષેત્રે આર્થિક રીતે પહોંચી વળે છે. રશિયામાં વધુ સંતાન કરવાં પ્રોત્સાહન આપવામાં આવે છે, જાપાનમાં વૃદ્ધોનું આયુષ્ય વધતાં યુવાનોની ખોટ પડી છે. યુરોપનાં દેશો પોતાની શક્તિ વધારવાં લાખો શરણાર્થીઓને સમાવ્યાં, અમેરિકા જેવા વિકસિત દેશોએ વિશ્વભરનાં લોકોને ઉચ્ચ જીવન ધોરણ આપવા માટે વસવાટની છૂટ આપી! એનો મતલબ થાય કે એમની માટે વસ્તી વધારો એ ગંભીર સમસ્યા નથી! કારણકે એ બધાં દેશ જમીનની રીતે મોટું ક્ષેત્રફળ ધરાવે છે, જ્યારે આપણે ત્યાં એક ૧૦ બાય ૧૦ ની રુમમાં એની કેપેસીટીથી વધુ લોકોને એનાં સામાન સાથે સમાવવા જેટલું અઘરું પડે એટલું જ અઘરું પડે છે.

૨૦૧૮ ના વર્લ્ડ બેન્કના રિપોર્ટ મુજબ ૧૯૫ દેશાની યાદીમાં ભારત હેલ્થ ઈન્ડેક્સમાં ૧૪૫માં નંબરે છે. જ્યારે આજે ભારત ૧૧૧ મુ સ્થાન ધરાવે છે! એટલે કે મૃત્યુ દર ઓછો થયો અને જન્મનું પ્રમાણ વધ્યું, એટલે વધતી જતી વસ્તીની પ્રાથમિક જરૂરિયાત પૂરી કરવા માટે પાણી, જમીન, ખેતી, અનાજ બધું પુરું પડે એમ નહોતું! અને એટલે વૈજ્ઞાનિક અભિગમથી વિકાસ સાધ્યો, અને એ બધામાં પ્રદૂષણ આવ્યું, ઉપરાંત ઉદ્યોગની વિવિધતાને કારણે તેમજ પેટ્રોલ ડીઝલના બહોળા ઉપયોગ ને કારણે હવામાં પ્રદૂષણ વધ્યું. વસ્તી વધારાને કારણે પ્રાથમિક જરૂરિયાતોની માંગ વધી! એટલે મોંઘવારી વધી અને એટલે ઓછી આવક ધરાવતાં પરિવાર તેમજ તેના બાળકો જન્મથી જ કુપોષણનો ભોગ બન્યા!

ભારતમાં દર વર્ષે ક્યાંક અતિ વૃષ્ટિ તો ક્યાંક દુષ્કાળ! તો ક્યાંક વાવાઝોડું, ક્યારેક ધરતીકંપ સુનામી, પૂર! ઉપરાંત આતંકને કારણે દેશ કેટલુંય નુકશાન ભોગવે! જોકે એમાં કેટલાંય મૃત્યુ પણ થાય છતાં પરિસ્થિતીમાં કોઈ ફેર નથી! કારણકે વિશ્વમાં માં દર સેકન્ડે ૪.૨ બાળક જન્મે છે અને ૨ મૃત્યુ પામે છે. વિશ્વમાં જન્મેલા ૧૦૦૦ બાળક માંથી ૧૭૩ બાળક ભારતના હોય છે, અને એટલે ૧૯૫ દેશમાંથી ૭૮ દેશની કુલ વસ્તી જેટલો વસ્તી વધારો તો આપણે દર વર્ષે વધે છે. એકંદરે આમાં એક સાંધો ત્યાં તેર તૂટે એવું છે.

નરેન્દ્રભાઈ મોદીએ પહેલીવાર વડાપ્રધાન તરીકે શપથ લીધા અને એ પછીની ૧૫ ઓગસ્ટ એ એમણે લાલ કિલ્લા પરથી પોતાનું પ્રવચન શરૂ કર્યું, ત્યારે કહ્યું હતું કે, ૧૩૦ કરોડ દેશવાસીઓ, હું ભારતનાં આર્થિક વિકાસ માટે... એટલે સરકારે આ દસ વર્ષમાં શું કર્યું કે એ આજનો વિષય નથી, પણ એક દાયકામાં ભારતની વસ્તી ૧૨ કરોડ વધી ગઈ છે, જે મોટી સમસ્યા છે!; અને સરકાર ગમે તે હોય વસ્તી જ્યારે આ રીતે વધતી હોય, ત્યારે આટલી મોટી જન સંખ્યાની પ્રાથમિક જરૂરિયાત! એટલે કે રોટી કપડાં અને મકાન ઉપરાંત શિક્ષણ, આરોગ્ય, રાંધણ ગેસ, વીજળી, ઈન્ટરનેટ બધું આપી શકવું શક્ય જ નથી! વધતી જતી ઝૂંપડપટ્ટી જોઈને, નરેન્દ્રભાઈ આવાસ યોજના હેઠળ દરેકને મકાન મળ્યાં કે નહીં? એ પ્રશ્ન છે, પણ પ્રમાણમાં પીવાનું પાણી, રેશન, શિક્ષણ, રાંધણ ગેસ, દવા એટલે કે હોસ્પિટલ ફેસેલિટી, વિજળી અને ઈન્ટરનેટ ગામડે ગામડે પહોંચી ગયું છે! ઈન્ટરનેટને વિકાસ કહેવો કે કેમ? એ પ્રશ્ન પણ છે! કારણકે શ્રમજીવી પ્રજાને ઈન્ટરનેટ દ્વારા સોશિયલ મીડિયાનું ઘેલું લાગશે તો? જોકે સોશિયલ મીડિયા સિવાય ઈન્ટરનેટના ઘણાં ઉપયોગ છે, અને એ રીતે ખેતીથી શરૂ કરી દરેક ક્ષેત્રમાં કંઈ રીતે વધુ ને વધુ સારું પરિણામ મેળવી શકાય છે, એની માહિતી નેટ પરથી મળી શકે અને એ રીતે એ વિકાસ સાધી શકે! ઉપરાંત ઓનલાઈન જોબ અને શિક્ષણનો વ્યાપ પણ વધ્યો છે. આટલી મોટી વસ્તીનો એક ફાયદો પણ છે, કે ૧૬ થી ૪૦ વર્ષના સૌથી વધુ યુવાનો માત્ર ભારત દેશ ધરાવે છે! યુવાનો ધારે તો શું ન કરી શકે? અને આપણાં યુવાનો એ જ વિદેશ વસી ત્યાંનું અર્થતંત્ર મજબૂત કર્યું છે. એટલે આ યુવાનો સંકલિત થાય તો, અન્ય પર આધારિત રહ્યાં વગર વધતી જતી વસ્તીની સમસ્યા સામે ભારત દેશ અડગ બની વ્યક્તિગત ઉન્નતિથી વિકાસ સાધી શકશે! જય હિન્દ..

**લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

### ક્રોધની આગળ માણસને કઇ હદ સુધી લઇ જાય તેનો અહેસાસ કરાવતી ઘટના

# જીવલેણ જનેતા : છ વર્ષની દિકરીની ટૂંપો દઈ હત્યા

## ચમચી પેકીંગ કરવાના કામમાં મદદ કરવાની દિકરીએ ના પાડતાં પહેલા લાફા માર્યા પછી ગળાટૂંપો દઇ દીધોઃ હત્યા બાદ પતિને ફોન કરી કહ્યું-જલ્દી આવો આપણી દિકરી જાગતી નથીઃ જો કે તબિબની તપાસમાં ભાંડો ફુટ્યો

રાજકોટ તા. ૫

ચોંકાવનારી ઘટનાઓ સતત બની રહી છે. હત્યાની આવી જ એક ઘટના સામે આવી છે જેમાં છ વર્ષની દિકરીને તેની જ માતાએ ગળુ દાબી મોતને ઘાટ ઉતારી દીધી છે! હત્યા બાદ આ જીવલેણ જનેતાએ પતિને ફોન કરીને કહ્યું હતું કે તમે જલ્દી આવો આપણી દિકરી જાગતી નથી! ડોક્ટરે તપાસ કરતાં ગળા પર ઈજાના નિશાન દેખાતાં શંકાને આધારે પોલીસે તપાસ શરૂ કરી હતી. પોસ્ટમોર્ટમમાં પણ ગળુ દબાવવાથી મોત થયાનું ખુલતાં જનેતા જ શંકાના દાયરામાં આવી હોઇ તેની વિસ્તૃત પુછપરછ શરૂ કરવામાં આવતાં તેણે હત્યા કબુલી લીધી હતી. કારણ પણ જે સામે આવ્યું હતું તે ખળભળાટ મચાવી ગયુ હતું. છ વર્ષની દિકરીએ ઘરકામમાં મદદ કરવાની ના પાડતાં મા રોષે ભરાઇ હતી અને માસુમ દિકરીનો જીવ લઇ લીધો હતો.

હૈયા હચમચાવી મુકતી આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો આ બનાવ અમદાવાદમાં એક માતાએ તેની સગી દીકરીને ગળું દબાવીને મારી નાખી હોવાની ઘટના સામે આવ્યો છે. દીકરી એ માત્ર ઘરકામમાં મદદ ન કરતા તેણે ગુસ્સામાં આવીને દીકરીનું ગળુ દબાવી દીધું અને તેનું મોત થઈ ગયું હતું. આ સમગ્ર મામલામાં પહેલા તો મહિલાએ તેના પતિને કોલ કરીને દીકરી લાંબા સમયથી સૂતી છે અને ઠતી જ નથી એવુ કહી ઘરે બોલાવ્યા. બાદમાં તેને હોસ્પિટલ લઈ જતા પોસ્ટમોર્ટમના રિપોર્ટ બાદ આખો મામલો સ્પષ્ટ થયો. સમગ્ર કિસ્સો જ્યારે પોલીસ સ્ટેશનમાં પોલીસ સામે આવ્યો ત્યારે પોલીસ પણ હચમચી ગઈ હતી. પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે ઓઢવ વિસ્તારમાં છ વર્ષની બાળકી આરૂષી બપોરે બાર વાગ્યે સ્કૂલેથી ઘરે આવી હતી. બપોરે સાડા ત્રણેક વાગ્યે તેણીને મમ્મી ઉષાએ દીકરીને ચમચીના પેકિંગના કામ અને ઘરકામમાં મદદ કરવાનું કહ્યું પરંતુ, દીકરીએ કામ કરવાની ના



પાડતા ગુસ્સે થયેલી માતા ઉષાએ દીકરીને બે લાફા માર્યા અને ગળુ દબાવીને હત્યા કરી દીધી. દિકરીની હત્યા કર્યા બાદ આ જનેતાએ બનાવને ઢાંકપીછોડો કરવા પ્લાન ઘડી દીકરી પથારીમાં જ સૂતી હતી અને ઘમાંથી ઉઠી જ નથી રહી એવું તરકટ રચ્યું હતું અને પતિને ફોન કરીને કહ્યુ હતું કે આપણી દિકરી જાગતી નથી. આથી પતિ કામેથી તુરત ઘરે આવ્યો હતો અને દિકરીને દવાખાને બેભાન હાલતમાં ખસેડી હતી. અહિ તબિબે દીકરીના શરીર પર નિશાન અને પોસ્ટમોર્ટમના રિપોર્ટથી બાળકીની હત્યા થઈ હોવાનું ખુલતા ઓઢવ પોલીસે હત્યાનો ગુનો નોંધી આરોપી માતાની ધરપકડ કરી હતી. પોલીસ તપાસમાં સામે આવ્યું કે આરોપી ઉષા લોધી મૂળ ઉત્તરપ્રદેશની રહેવાસી છે. દોઢ વર્ષ પહેલાં અમિત લોધી સાથે બીજા લગ્ન થયા હતા. ઉષાનો પહેલો પતિ ટીબીનીબીમારીથી મૃત્યુ પામ્યો હતો. તેના પહેલા લગ્નમાં બે સંતાન હતા, જેમાં બારવર્ષના દીકરાને પહેલા પતિના ઘરે મૂકીને આવી હતી જ્યારે દીકરી આરૂષીને પોતાની સાથે લઈ આવી હતી અને બીજા પતિ સાથે રહેતી હતી.

ઉષાનો બીજો પતિ ફેબ્રિકેશન હેલ્પરનું કામ કરતો હતો અને ઉષા ઘરે ચમચી પેકિંગનું કામ કરતી હતી. ઘટનાના દિવસે દીકરીએ ઘરકામ અને ચમચી પેકિંગમાં મદદ ન કરતા માતાએ તેની હત્યા કરી અને પતિ અમિતને દીકરી સૂઈ ગયા બાદ ઉઠતી ન હોવાનો ફોન કર્યો હતો. જેથી, આરૂષીને હોસ્પિટલ લઈ જતા ડોક્ટરે મૃત જાહેર કરી હતી. જે પછી બાળકીનો મૃતદેહ ઘરે પરત લાવ્યા હતા. આ દરમિયાન કોઈએ ૧૦૮ને કોલ કરતા ઓઢવ પોલીસને જાણ કરવામાં આવી હતી.પોલીસને મૃતદેહ શંકાસ્પદ લાગતા પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું અને માતાનો ભાંડો ફૂટી ગયો. ઓઢવ પોલીસે માસૂમ દીકરીની હત્યા કરનાર હત્યારી માતાની ધરપકડ કરીને કોર્ટમાં રજૂ કરી હતી. માતાએ દીકરીની હત્યા કરી તે પાછળ કામ નહીં કરવાના ગુસ્સો જ જવાબદાર છે કે અન્ય કોઈ કારણ છે? તે મુદ્દે પોલીસે વિશેષ તપાસ યથાવત રાખી છે. આ ઘટનાએ સર્વત્ર ચકચાર જગાવી દીધી છે.




# DWPS ખાતે બેસ્ટ ઈન્સ્ટ્રુમેન્ટાલીસ્ટ ઓફ ધ સ્કૂલની હરીફાઈનું આયોજન

### શાળાના ૨૫ વિદ્યાર્થીઓ આ હરીફાઈ માં પસંદગી પામ્યા

### ભારતીય તથા વેસ્ટર્ન સંગીતની વિવિધ ધૂનો અલગ-અલગ વાદ્યો જેવાકે ગીટાર, ડ્રમસેટ, તબલા અને કીબોર્ડ દ્વારા રજૂ કરી

રાજકોટ, તા. ૫

દિલ્હી વર્લ્ડ પબ્લિક સ્કૂલ રાજકોટ ખાતે શાળાના શ્રેષ્ઠ વાદકની હરીફાઈ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના ૨૫ વિદ્યાર્થીઓ આ હરીફાઈ માં પસંદગી પામ્યા હતા. દર વર્ષે શાળામાં શ્રેષ્ઠ વાદક હરીફાઈ નું આયોજન કરવામાં આવે છે. આ હરીફાઈ દ્વારા વાદકકળામાં શ્રેષ્ઠ સંગીતજ્ઞની કૌશલ્યતા ને ઓળખ મળે છે.

મુખ્ય નિર્ણાયક તરીકે મહોદય દીપક વાઢેર પ્રોફેશનલ આર્ટિસ્ટ તથા મહોદય અભિષેક ચાવડા પ્રોફેશનલ આર્ટિસ્ટ હાજર રહ્યા હતા અને વિદ્યાર્થી મિત્રોને વિજેતા ઘોષિત કર્યા હતા. વિદ્યાર્થી મિત્રોએ ભારતીય તથા વેસ્ટર્ન સંગીતની વિવિધ ધૂનો અલગ-અલગ વાદ્યો જેવાકે ગીટાર, ડ્રમસેટ, તબલા અને કીબોર્ડ દ્વારા રજૂ કરી હતી. વિદ્યાર્થી મિત્રોએ ક્લાસિકલ, ફોક, જૂના તથા નવા ફિલ્મી ગીતો, દેશ ભક્તિ ગીતો, તથા ભજન રજૂ કરીને પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

આ હરીફાઈનું આયોજન ત્રણ વિભાગમાં યોજાયેલ, ધોરણ-૩ થી ૫, ધોરણ-૬ થી ૮ અને ધોરણ-૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓને આવરી લેવામાં આવ્યા હતા અને વિભાગવાર પ્રથમ, દ્વિતિય તથા તૃતીય વિજેતાઓને સર્ટિફિકેટ આપવામાં આવ્યા હતા. એ ત્રણેય વિભાગમાંથી સૌથી વધુ અંક મેળવનાર પ્રથમ વિજેતાને શ્રેષ્ઠ વાદક તરીકે પસંદગી કરવામાં આવ્યા હતા

નિર્ણાયક શ્રી એ શાળાને વાદક હરીફાઈ ના આયોજન બદલ અભિનંદન પાઠવ્યા હતાં અને બાળકોમાં સંગીતનું કૌશલ્ય નીખરે તે માટેના આ સુંદર આયોજન બદલ ખુશી ની લાગણી સહ શુભેચ્છા પાઠવી કે શાળામાંથી કોઈ એક વિદ્યાર્થી ભવિષ્યમાં ભારતનાં એક સફળ વાદક બને. શાળાના પ્રિન્સીપાલ રાજીવ રંજને જણાવ્યું કે, 'ડી.ડબલ્યુ પી.એસ.રાજકોટ માં સંગીત એ અભ્યાસનો જ એક અંગ છે. આવી હરીફાઈનું આયોજન કરવાનો અર્થ વિદ્યાર્થી મિત્રોને સંગીત વિષય પર વધારે રસ જાગૃત કરવાનો છે.

# હાઈવેની કામગીરી અંગે કેન્દ્રીય મંત્રીની અસ્પષ્ટ વાત

### કેન્દ્રીય મંત્રી રાજકોટના પ્રવાસે આવ્યા ત્યારે કહ્યું કે હાલ સરકાર અને એજન્સી સંયુક્ત રીતે આ પ્રશ્નનો નિવારણ લાવવા માટે કરી રહી છે કામ

રાજકોટ, તા. ૫

રાજકોટ જેતપુર નેશનલ હાઈવે નું જે કામ ચાલી રહ્યું છે તેને લઈને કેન્દ્ર સરકાર પણ આ મુદ્દે ટિપ્પણી કરવાનું તાળી હોવાનું માલુમ પડ્યું છે કારણ કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા રાજકોટના પ્રવાસે હતા ત્યારે તેઓએ સ્પષ્ટતાપૂર્વક જણાવ્યું હતું કે આ ભાઈ વેના કામગીરી જે ગતિએ ચાલી રહી છે તેનાથી લોકોને હેરાનગતિ વેઠવી પડે છે છતાં હાલ એજન્સી અને સરકાર કામગીરી ઝડપથી આગળ ધપાવવામાં આવે તે દિશામાં કાર્ય કરી રહ્યું છે જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયાએ પણ ઉડાવ જવાબ આપ્યો હતો અને કોઈ યોગ્ય નિર્ણય લેવામાં



આવે છે કે કેમ તે અંગે કોઈ સ્પષ્ટતા કરી ન હતી ત્યારે આ અંગે હવે શું પગલાં રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર લેશે તે હવે જોવાનું રહ્યું. હાલ વરસાદની સિઝન હોવાના કારણે ભારે હાલાકી નો સામનો મુસાફરોએ કરવો પડે છે ત્યારે હવે આ સાંપ્રત પરિસ્થિતિને પહોંચી વળવા માટે કયા પગલાં લેવામાં આવશે તે ખૂબ જરૂરી અને મહત્વનું છે.

રાજકોટ-જેતપુર નેશનલ હાઈવે પરના ખાડાઓના સામ્રાજ્ય અને કલાકો સુધી લાગતા જામથી લોકો પરેશાન છે. આ બિસ્માર હાઈવે મામલે કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ નિવેદન આપ્યું હતું. જણાવ્યું કે, સિક્સલેનનું કામ ચાલુ હોવાથી આ સમસ્યા સર્જાઈ છે.

તેમણે સ્વીકાર્યું કે લોકોને ખૂબ અગવડતા પડી રહી છે અને તેઓ લોકોની આ હાલાકીથી વાકેફ છે. શાપર વેરાવળ ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશન તરફથી પણ તેમને રજૂઆત મળી હોવાનું તેમણે જણાવ્યું. માંડવિયાએ નેશનલ હાઈવે ઓથોરિટીના અધિકારીઓને સ્ટેપ વાઇઝ કામ કરવા માટે સૂચના આપી હોવાનું પણ ઉમેર્યું હતું.

પોરબંદરના સાંસદ અને કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ ઘેડ પંથકમાં વરસાદી પાણી ભરાવા અને રાજકોટ-જેતપુર નેશનલ હાઈવે પરના ખાડાઓના મામલે નિવેદનો આપ્યા હતા માંડવિયાએ ઘેડ પંથકમાં વરસાદી પાણી ભરાવાની સમસ્યા અંગે જણાવ્યું હતું કે, આ વિસ્તાર કાબી જેવો છે જેથી વરસાદી પાણી ભરાય છે. ઘણી નદીઓનું પાણી એક જગ્યાએ ભેગું થવાથી આ સમસ્યા સર્જાય છે. તેમણે ઉમેર્યું કે ઘેડ પંથકના વિકાસ માટે ૧૪૦૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે આ સમસ્યાના નિવારણ માટે અધિકારીઓને સૂચનાઓ આપવામા આવી છે અને ટૂંક સમયમા તેનું નિરાકરણ આવી જશે તેવી ખાતરી તેમણે આપી હતી.

# ફાયર સેફટીની કામગીરી હવે ગુજરાત કમ્પ્લાયન્સ પોર્ટલ પર

### રાજકોટ ઝોનના જિલ્લાઓએ ફાયર સેફટી પ્લાન, સર્ટિફિકેટ અને સર્ટી. રીન્યુઅલ માટે રીજીયોનલ ફાયર ઓફિસથી મંજૂરી રહેશે લેવાની

રાજકોટ, તા ૫

રાજ્યમાં હાલ ફાયર સેફટીને લઈને ઘણા ખરા પ્રશ્નો ઊભા થયા હતા એટલું જ નહીં જ્યારે ફાયર રીન્યુઅલ સર્ટિફિકેટ લેવાની કામગીરી જે અન્ય ખાનગી એજન્સીઓને સોંપવામાં આવી હતી તેને લઈને પણ ઘણા ખરા પ્રશ્નો ઊભા થયા હોવાનું માલુમ પડ્યું આ વાતની ગંભીરતાને ધ્યાને લઈ ગુજરાત રાજ્ય સરકાર દ્વારા એક નક્કર પગલું લેવામાં આવ્યું અને રાજકોટ ઝોનના જિલ્લાઓએ ફાયર ઓફિસથી જ વિવિધ કામગીરી હેઠળની પરવાનગી લેવા માટેનો આદેશ કરવામાં આવ્યો છે. સરકારનો હેતુ સ્પષ્ટ છે કે ભવિષ્યમાં કોઈ પણ પ્રકારની



એ કામગીરી ન થાય કે જેનાથી સરકારી તંત્ર હેરાનગતિનો સામનો કરવો પડે હાલ આ વ્યવસ્થાને વધુ શુદ્રઢ બનાવવા માટેના તમામ પગલાંઓ લેવામાં આવી રહ્યા છે.

રાજ્ય સરકાર દ્વારા ''ગુજરાત ફાયર સેફ્ટી કમ્પ્લાયન્સ'' પોર્ટલનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ પોર્ટલ થકી રાજ્યભરમાં ફાયર સેફટી ફ્રેમવર્કને મજબૂત કરવામાં આવશે. જે અન્વયે ફાયર સેફટીના અનુસંધાને જુના રેગ્યુલેશન રદ થઈ નવા નિયમો અમલમાં મૂકવામાં આવ્યા છે.રિજીયોનલ ફાયર ઓફિસ રાજકોટ ઝોન હેઠળના રાજકોટ, મોરબી, જામનગર, દેવભૂમિ-દ્વારકા, કચ્છ, પોરબંદર જિલ્લાઓની નગરપાલિકાઓ તેમજ ગ્રામીણ વિસ્તારમાં વસતા લોકોને આ નિયમો મુજબ ફાયર સેફટી સર્ટિફિકેટ એક સમાન એક જ પોર્ટલ ''ફાયર સેફટી કમ્પલાયન્સ'' પોર્ટલ થકી મંજુર કરવામાં આવશે.

ફાયર એન.ઓ.સી. હવેથી ફાયર સેફટી સર્ટિફિકેટ અપ્રુવલ તરીકે ઓળખાશે. બિલ્ડિંગમાં ફાયર સેફટી પ્લાન, ફાયર સેફટી સર્ટિફિકેટ અપ્રુવલ અને ફાયર સેફટી સર્ટિફિકેટ રિન્યુઅલની મંજૂરી રીજીયોનલ ફાયર ઓફિસથી આપવામાં આવશે. જેમાં સર્ટિફિકેટ રીન્યુઅલ ફાયર સેફટી ઓફિસર દ્વારા ઓનલાઇન પોર્ટલ થકી જ કરવામાં આવશે. સમયસર ફાયર સેફટી સર્ટિફિકેટ રીન્યુઅલ કરાવવાની જવાબદારી ફક્ત જે તે માલિકો, હોદ્દેદારો, સંચાલકો, કબજેદારોની રહેશે. આ માટે અરજદારોએ https://gujfiresafetycop.in પોર્ટલ પર અરજી કરી શકશે.

### વાડ ચીભડા ગળે એ કહેવત વધુ એક વખત સાચી ઠેરવતી ઘટના આવી સામે

# કર્મચારીઓએ જ ૧૭ સ્કૂટર ચોરી સસ્તામાં વેંચી માર્યા

## આરટીઓ રજીસ્ટ્રેશન વગર વેંચી નાંખતાઃ ત્રણ મહિનાથી ચોરી કરતા હતાંઃ ખરીદનારને કહેતાં સીઝ કરેલા છે, પછી નંબર આવી જશેઃ નેવુ હજારનું વાહન માત્ર ત્રીસ-પાંત્રીસ હજારમાં પધરાવી દેતાંઃ ગ્રામ્ય એસઓજીને માહિતી મળતાં કર્યો પર્દાફાશ

રાજકોટ તા. ૫

ઘણીવાર એવા કિસ્સા સામે આવતાં હોય છે જે જાણીને એમ થાય કે વાડ જ ચીભડા ગળી ગઇ. આ કહેવતને યથાર્થ ઠેરવતી વધુ એક ઘટના સામે આવી છે જેમાં એક શો રૂમમાં નોકરી કરતાં ત્રણ કર્મચારીઓએ પોતે જ્યાં નોકરી કરતાં હતાં ત્યાંથી જ નવેનવા ટુવ્હીલર ચોરી બારોબાર સસ્તામાં વેંચી દઇ રોકડી કરવાનું ચાલુ કર્યુ હતું. બજાર કિમત કરતાં સસ્તા અને એ પણ નવા ટુવ્હીલર મળતાં હોઇ લોકો પણ ખરીદવા માટે પહોંચી જતાં હતાં. આ પ્રકારે ત્રિપુટીએ ત્રણ મહિનાની અંદર શો રૂમમાંથી સત્તર જ્યુપીટર ટુવ્હીલર ચોરીને વેંચી દીધા હતાં. અંતે તેનો ભાંડો ફુટતાં પોલીસે ત્રણેય સામે કાર્યવાહી કરી ધરપડ કરી આરટીઓ રજીસ્ટ્રેશન વગરના સત્તર ટુવ્હીલર, મોબાઇલ ફોન સહિતનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

વિગતો પર નજર કરીએ તો આ ઘટના સાણંદમાં સામે આવી છે. અમદાવાદ ગ્રામ્ય સ્પેશિયલ ઑપરેશન્સ ગ્રુપ-એસઓજીએ સાણંદમાં એક મોટા ચોરીના રેકેટનો પર્દાફાશ કર્યો છે. જેમાં ટીવીએસ શોરૂમના બે કર્મચારીઓ સહિત કુલ ત્રણ આરોપીઓની ધરપકડ કરીને પોલીસે આરટીઓ રજિસ્ટ્રેશન વગરના સત્તર ટીવીએસ જ્યુપિટર સ્કૂટર અને ત્રણ મોબાઈલ ફોન સહિત કુલ રૂ. ૧૬.૧૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ ઘટનાએ વાહન ડીલરો, શો રૂમ સંચાલકોમાં ચકચાર જગાવી દીધી છે. વધુ માહિતી અનુસાર અમદાવાદ ગ્રામ્ય એસઓજી પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે, સાણંદ વિસ્તારમાં ટીવીએસના શોરૂમમાંથી સ્કૂટરની ચોરી કરીને તેનું ગેરકાયદેસર વેચાણ થઈ રહ્યું છે.

આ બાતમીના આધારે એસઓજીની ટીમે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ મહાનિરીક્ષક વિધી ચૌધરી અને પોલીસ અધિક્ષક ઓમ પ્રકાશ જાટના માર્ગદર્શન હેઠળ એસઓજીના પોલીસ ઈન્સ્પેક્ટર એસ. એન. રામાણીની ટીમે એક સુનિયોજિત ઓપરેશન પાર પાડ્યું હતું. પોલીસે તપાસ દરમિયાન ત્રણ મુખ્ય આરોપીઓ કે જે શોરૂમના કર્મચારી જ હતા તેની ધરપકડ કરી છે. આ આરોપીઓમાં કાણેટી ગામના દિવ્યરાજસિંહ વાઘેલા, મુનિકૃપા સોસાયટીના ધર્મદીપસિંહ પરમાર અને જય સોમનાથ સોસાયટીના શિવરાજસિંહ વાઘેલાનો સમાવેશ થાય છે. આ ત્રણેય આરોપીઓની પૂછપરછ કરતા ચોંકાવનારા ખુલાસા



થયા હતા.

પોલીસને વિશેષ તપાસમાં જાણવા મળ્યું કે ધરપકડ કરાયેલા આરોપીઓ પૈકી ધર્મદીપસિંહ પરમાર અને શિવરાજસિંહ વાઘેલા સાણંદ સ્થિત ટીવીએસ શોરૂમમાં કર્મચારી તરીકે ફરજ બજાવતા હતા. આ બંને કર્મચારીઓએ પોતાની નોકરીનો દુરુપયોગ કરીને શોરૂમના ગોડાઉનમાંથી માલિકની જાણ બહાર સ્કૂટરની ચોરી કરવાનું શરૂ કર્યું હતું. સૌથી અગત્યની વાત એ છે કે આ સ્કૂટર આરટીઓ રજિસ્ટ્રેશન વગરના હતા, એટલે કે તેમનું કોઈ સત્તાવાર સરકારી દસ્તાવેજીકરણ થયું ન હતું. ચોરી કરેલા આ સ્કૂટર તેઓ ત્રીજા આરોપી દિવ્યરાજસિંહ વાઘેલાને પહોંચાડતા હતા. દિવ્યરાજસિંહ આ સ્કૂટરને વિવિધ વ્યક્તિઓ સુધી પહોંચાડવાનું કામ કરતો હતો. સંભવતઃ આ સ્કૂટર બજાર કિંમત કરતાં ઓછી કિંમતે વેચવામાં આવતા હતા, જેના કારણે ખરીદદારો આ ગેરકાયદેસર પ્રવૃત્તિમાં સામેલ થવા પ્રેરાતા હતા. આરટીઓ રજિસ્ટ્રેશન ન હોવાને કારણે, આ સ્કૂટરનો ઉપયોગ ગુનાહિત પ્રવૃત્તિઓ માટે પણ થઈ શકે છે અથવા તો ભવિષ્યમાં ખરીદદારોને કાયદાકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે.

આ સમગ્ર રેકેટનો પોલીસે પર્દાફાશ કરીને કુલ ૧૭ જ્યુપિટર સ્કૂટર જપ્ત કર્યા છે. આ ઉપરાંત, ગુનામાં ઉપયોગમાં લેવાયેલા ત્રણ મોબાઈલ ફોન પણ કબજે કરવામાં આવ્યા છે. જપ્ત કરાયેલા મુદ્દામાલની કુલ કિંમત આશરે સોળ લાખ પંદર હજાર અંદાજવામાં આવી છે. આ મામલે ડીવાયએસપી નીલમ ગોસ્વામીએ જણાવ્યું હતું કે, સાણંદમા આવેલ વસ્૯ શોરૂમમાં કામ કરતા બે કર્મચારીઓ સહિત ત્રણ વાહનચોરોને ઝડપી પાડવામાં આવ્યા છે. આ ગેંગે છેલ્લા ત્રણ મહિનામાં શોરૂમના ગોડાઉનમાંથી નવા નક્કોર ૧૭ ટીવીએસ જ્યુપિટર સ્કૂટરની ચોરી કરીને વેચી દીધા હતા. લગભગ નેવુ હજારની કિંમતના આ સ્કૂટરો તેઓ માત્ર ત્રીસ હજારમાં વેચતા હતા. ચોરી કર્યા બાદ, તેઓ સ્કૂટરના ચેસીસ નંબર ભૂંસી નાખતા હતા અને ખરીદદારાને જણાવતા કે આ સ્કૂટર સીઝ કરેલા છે અને તેથી સસ્તામાં વેચવાના છે.

શોરૂમના માલિકે પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે કાર્યવાહી કરીને ત્રણેય આરોપીઓની ધરપકડ કરી છે. અમદાવાદ ગ્રામ્ય એસઓજી પોલીસે ત્રણેય આરોપીઓની હેઠળ ધરપકડ કરી છે. આ કલમ ચોરી, વિશ્વાસઘાત અને ગુનાહિત કાવતરા જેવી બાબતો સાથે સંબંધિત છે. આ કેસની વધુ તપાસ સાણંદ ટાઉન પોલીસ સ્ટેશન દ્વારા કરવામાં આવી રહી છે. સાણંદ ટાઉન પોલીસ હવે આરોપીઓની વધુ પૂછપરછ કરીને આ રેકેટના મૂળ સુધી પહોંચવાનો પ્રયાસ કરશે, જેમાં અન્ય કોઈ વ્યક્તિઓ સંડોવાયેલા છે કે કેમ, ચોરાયેલા સ્કૂટર કોને-કોને વેચવામાં આવ્યા હતા? તે સહિતની તપાસ હાથ ધરવામાં આવી હતી. વાડ ચીભડા ગળે એ કહેવત વધુ એક વખત આ ઘટનામાં લાગુ પડી હતી.

### હુડકો પોલીસ ચોકી પાસે રિક્ષાની ઠોકરે હુડકો ક્વાર્ટરના પ્રૌઢ ચડ્યાઃ એજી ચોકમાં ટ્રકની અડફેટે રૈયાધારના વૃધ્ધ ચડી ગયા

# જીવલેણ અકસ્માતમાં પ્રૌઢ અને વૃધ્ધાની જિંદગી ખતમ

## અન્ય બે ઘટનામાં બેભાન હાલતમાં જંગલેશ્વરના આધેડ અને ભગવતીપરાના પ્રૌઢના જીવ ગયા

રાજકોટ તા. ૫

શહેરમાં અવાર-નવાર વાહન અકસ્માત સર્જાતા રહે છે. જેમાં ક્યારેક લોકોને ગંભીર ઇજાઓ થાય છે અને હાડકા ભાંગી જાય છે તો ક્યારેક મોત પણ નીપજે છે. બે આવા વધુ બનાવ સામે આવ્યા છે જેમાં રિક્ષાની ઠોકરે ચડી જતાં પ્રૌઢનું અને ટ્રકની અડફેટમાં આવી જતાં વૃધ્ધાનું મોત થયું છે. આ બનાવને પગલે કોઠારીયા રોડ હુડકો વિસ્તાર અને રૈયાધારના પરિવારોમાં શોક છવાઇ ગયો હતો. અન્ય બનાવોમાં બેભાન હાલતમાં એક પ્રૌઢ અને એક આધેડના મૃત્યુ થયા હતાં.

પ્રથમ ઘટનાની વિગતો પર નજર કરીએ તો કોઠારીયા રોડ હુડકો ક્વાર્ટરમાં રહેતાં પચાસ વર્ષના અલ્પેશભાઇ અમૃતલાલ સિધ્ધપુરા ચાર દિવસ પહેલા સવારે હુડકો ચોકી નજીક પેટ્રોલ પંપ પાસે ચાલીને જતાં હતાં ત્યારે અજાણ્યા રિક્ષાચાલકે ઠોકરે ચડાવી દેતાં તેમને ગંભીર ઇજા થઇ હતી. બનાવને પગલે લોકો ભેગા થઇ જતાં સગા સંબંધીને જાણ કરતાં તેઓ દોડી આવ્યા હતાં. સારવાર માટે અલ્પેશભાઇને હોસ્પિટલમાં ખસેડાયા હતાં. સારવાર દરમિયાન ગત રાતે તેમણે દમ તોડી દીધો હતો. હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, મહેશભાઇ જોગડા, પ્રશાંતભાઇ, ધર્મેન્દ્રભાઇ, શક્તિસિંહે ભક્તિનગર પોલીસને જાણ કરી હતી.

મૃત્યુ પામનાર છુટક મજૂરી કરતાં હતાં અને અપરિણીત હતાં. તે ત્રણ ભાઇ અને ત્રણ બહેનમાં વચેટ હતાં. પોલીસે રિક્ષાચાલક સામે કાર્યવાહી કરવા તજવીજ હાથ ધરી હતી.



જ્યારે જીવલેણ વાહન અકસ્માતની બીજી આવી ઘટનામાં કાલાવડ રોડ એજી ચોક પાસે ચાલીને જઇ રહેલા રૈયાધારના વૃધ્ધા ટ્રકની ઠોકરે આવી જતાં મૃત્યુ થયું હતું. રૈયાધારમાં ખોડિયાર માતાના મંદિર પાસે રહેતાં શાંતાબેન દાનાભાઇ રાઠોડ નામના સાંઇઠ વર્ષના વૃધ્ધા એજી ચોકમાં રસ્તો ઓળંગી રહ્યા હતાં ત્યારે ટ્રકની ઠોકરે આવી જતાં ગંભીર ઇજા થતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ દમ તોડી દીધો હતો. મૃત્યુ પામનારના પતિ હયાત નથી, સંતાનમાં એક પુત્ર છે. પોતે નીકાવા ગામે ભાઇના ઘરે ગયા હતાં. ત્યાંથી પરત કોઇ વાહનમાં રાજકોટ એજી ચોકમાં પહોંચ્યા હતાં અને રસ્તો ઓળંગતી વખતે ટ્રકની ઠોકરે આવી ગયા હતાં. તાલુકા પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

અન્ય બે અપમૃત્યુની ઘટનામાં જંગલેશ્વર શેરી નં. ૩૪માં રહેતાં સલિમભાઇ હાજીભાઇ ધાવડા નામના ચુમાલીસ વર્ષના આધેડ ઘરે બેભાન થઇ તજાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં માતમ છવાઇ ગયો હતો. જ્યારે ભગવતીપરા જયપ્રકાશનગર-૧૭માં રહેતાં અરૂણભાઇ રામચંદ્રભાઇ સોલંકી નામના ચોપન વર્ષના પ્રૌઢ ઘરે બેભાન થઇ જતાં સિવિલમાં ખસેડાયા હતાં. તેમને સંતાનમાં એક પુત્રી અને બે પુત્ર છે. તેઓ ચાર ભાઇ અને એક બહેનમાં મોટા હતાં. કેટલાક વર્ષથી પેટમાં પાણી ભરાઇ જવાની બિમારી હોઇ તેના કારણે તબિયત બગડી ગયાનું જણાવાયુ હતું. ભક્તિનગર પોલીસે આ અંગે કાર્યવાહી કરી હતી.

### ચેક રિટર્નના કેસ, બેન્ક લેણાના કેસો, મોટર અકસ્માત વળતરને લગતા કેસોમાં લેવાશે નિર્ણય

# શહેર-જિલ્લાની અદાલતમાં ૧૨મીએ લોકઅદાલત

રાજકોટ, તા. ૫

હાલ વિવિધ કોર્ટમાં ઘણા ખરા કેસ પેન્ડિંગ પડેલા હોવાનું જાણકાર વર્તુળો જણાવી રહ્યા છે ત્યારે આ પેન્ડિંગ કેસનો ત્વરિત અને તાકીદે નિકાલ થાય તે માટે હાલ કોર્ટ દ્વારા બહારની તારીખના રોજ લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં બંને પક્ષે હાજર રહેવા પણ અનુરોધ કરવામાં આવ્યો છે મેગા લોક અદાલતમાં અનેકવિધ કેસો લેવામાં આવશે અને તેનો તાકીદે નિકાલ થાય તે રીતે કામગીરી હાથ ધરાશે તેવું જાણવા મળ્યું છે.

ગુજરાત હાઈકોર્ટ, રાજ્ય અને રાજકોટ જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ દ્વારા ૧૨મીના રોજ રાજકોટ શહેર અને જિલ્લાના તાલુકા મથકો ખાતેની કોર્ટમાં મેગા લોક-અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. આ લોક-અદાલતમાં ફોજદારી સમાધાન લાયક કેસો, નેગોશિએબલ



ઈન્સ્ટ્રુમેન્ટ્સ એકટની કલમ-૧૩૮ (ચેક રિટર્ન અંગેના કેસો), બેન્ક લેણાના કેસો, મોટર અકસ્માત વળતરને લગતા કેસો, લગ્નવિષયક કેસો, મજુર અદાલતના કેસો, જમીન સંપાદનને લગતા કેસો, ઈલેક્ટ્રીસિટી તથા પાણીના બિલોને લગતા કેસો, રેવન્યુ કેસો, દિવાની પ્રકારના (ભાડા, સુખાધિકારના) કેસો, મનાઈ હુકમના દાવા, કરાર પાલનના દાવા, અન્ય સમાધાન લાયક કોર્ટમાં દાખલ થયેલ તથા દાખલ થાય તે પહેલાં (પ્રિલિટિગેશન) કેસો હાથ પર લેવામાં આવનાર છે.

રાજકોટ જિલ્લા કાનુની સેવા સત્તા મંડળના ચેરમેન, મુખ્ય જિલ્લા ન્યાયાધીશ જે. આર. શાહ દ્વારા તમામ પક્ષકારોને અનુરોધ કરવામાં આવ્યો છે કે, લોક-અદાલતમાં તેઓના કેસ મુકી નિર્ણિત કરવામાં આવે તો બન્ને પક્ષકારોને લાભકર્તા છે. પક્ષકારોની સમજણ તથા સમજુતીથી કેસનો નિકાલ થયેલ હોય અપીલ થતી નથી, જેથી ભવિષ્યના વિવાદથી પણ પક્ષકારોને છુટકારો મળે છે. જેથી યોજાનાર લોક-અદાલતમાં તમામ પક્ષકારોને સક્રીય ભાગ લેવા તથા જે પક્ષકારો પોતાનો કેસ આગામી લોક-અદાલતમાં મુકવા માંગતા હોય, તેઓ તેઓના વકીલ મારફતે અથવા તો સીધા જે તે કોર્ટનો સંપર્ક કરી અથવા રાજકોટ જિલ્લા કાનૂની સેવા સતા મંડળ તથા તાલુકા કાનૂની સેવા સમિતિનો સંપર્ક કરી પોતાના કેસો લોક-અદાલતમાં મુકવા કાર્યવાહી હાથ ધરી શકે છે.

# તાજિયા આવ્યા પડમાં

### ખાસ આકર્ષણ ખડી ચોકીની માનતા જે હિન્દુ-મુસ્લીમ ભાઈ-બહેનો શ્રધ્ધાની અને ભક્તિથી રાખે : હિન્દુ ભાઈ-બહેનો રોડ ઉપર પાણીનો છંટકાવ કરી રોડને ચોખ્ખો અને પાક કરે છે, જે ભારતીય સંસ્કૃતિની પરંપરા

રાજકોટ, તા. ૫

મુસ્લીમ સમાજના પવિત્ર તહેવાર મહોરમ ઈમામે હુસેનની યાદમાં અને કરબલાના ૭૨-શહીદોની યાદમાં વર્ષોથી મનાવાય રહયો છે. આ ઉજવણીમાં સમગ્ર ગુજરાતમાં રાજકોટનું એક અનેરૂ આકર્ષણ રહ્યું છે. દુર દુરથી હિન્દુ-મુસ્લીમ ભાઈ-બહેનો અહીંયા આવે છે. ભાવીકો અને શ્રધ્ધાળુ પોતાની માનતા ફુલ, અગરબત્તી, સેલી, નાળીયેર ચઢાવીને પોતાની માનતા પુરી કરે છે. ખડીચોકી એટલે તાજીયા માતમમાંથી લાઈનદોરીમાં આવે અને પરત માતમમાં ન આવે ત્યાં સુધી તાજીયાની સાથે સતત રહેવાનું અને ઉભા જ રહેવાનું અને તાજીયા





માતમમાં આવે પછી જ બેસવાનું હોય છે. આને ખડી ચોકીની માનતા કહેવાય છે. આ બહુ કઠીન માનતા છે છતાં હિન્દુ-મુસ્લીમ ભાઈ-બહેનો શ્રધ્ધાથી અને ભકિતથી આ માનતા રાખે છે. અને પોતાની જે કાંઈ માનતા હોય છે તે પુરી થાય છે. આમ સમગ્ર રાજકોટમાં કોમી એકતા ભાઈચારાથી મહોરમનો તહેવાર ઉજવાય છે. અને તાજીયામાં, સબીલમાં, ન્યાઝમાં, પંજા સવારીમાં, અખાડામાં પણ હિન્દુ ભાઈ-બહેનો સહકાર આપે છે. આમ રાજકોટમાં કોમી એકતાનું અનેરૂ ઉદાહરણ છે. સદર વિસ્તારમાં દર વર્ષે તાજીયાની સાથે કોમી એકતા અને ભાઈચારાના વાતાવરણમાં હિન્દુ ભાઈ-બહેનો સાથે જોડાય છે. સદર તાજીયાનો રૂટ ફુલછાબ ચોક, ભીલવાસ ચોક, મોટી ટાંકી ચોક, લીમડા ચોક, એસ.બી.એસ.બેંક, જયુબેલી ચોક, હરીહર ચોક, સદર મેઈન રોડ થઈ ફુલછાબ ચોક આવશે. જયારે, આઝાદ ચોક, નહેરૂનગર, સુભાષનગર, વૈશાલીનગરહનુમાન મઢી, બહ્મસમાજ, નાણાવટી ચોકથી બધા તાજીયા ફુલછાબ ચોકમાં આવશે. આજ રીતે બન્ને દિવસ તાજીયા રૂટમાં ફરશે. આમ રાજકોટમાં કોમી એકતાનું અનેરૂ ઉદાહરણ છે. સદર વિસ્તારમાં દર વર્ષે તાજીયાની સાથે કોમી એકતા અને ભાઈચારામાં હિન્દુ ભાઈ-બહેનો સાથે જોડાય છે.

ધર્મપ્રેમીઓ રતીબાપુ બુંદેલા, નરેશભાઈ મકવાણા, સંજયભાઈ પાટડીયા, દિનેશભાઈ મે, ચંદ્રેશભાઈ રાચ્છ, રવિભાઈ સોઢા, કૃષ્ણદત્તભાઈ રાવલ, જયસુખભાઈ ગોસ્વામી, મુન્નાભાઈ કેસરીયા, હાજી આમદભાઈ જોંદાણી, ઈકબાલબાપુ બુખારી, રફીકબાપુ બુખારી, ઈસ્માઈલભાઈ કુરેશી, એજાદબાપુ બુખારી, શબ્બીરભાઈ કુવાડીયા, ઈકબાલભાઈ ચૌહાણ, પરવેઝભાઈ કુરેશી, યુનુસભાઈ કટારીયા, રજાકભાઈ કારીયાણી, ઈબ્રાહીમભાઈ મેમણ, તાજીયા કમીટીના પ્રમુખ હબીબભાઈ ગનીબાપુ કટારીયા, ઉપપ્રમુખ યુનુસભાઈ હાસમબાપુ કટારીયા, મહામંત્રી એઝાઝબાપુ બુખારી વિગેરે સતત તાજીયાની સાથે રહેશે.

# ખેડૂત પર ગામના જ શખ્સનો તલવારથી હુમલો

### ઉપલેટાના વેખડણના ગિરીશભાઈને ગંભીર ઈજાઃ રાજકોટ સારવારમાં

રાજકોટ, તા. ૫

હુમલાની વધુ એક ઘટનામાં એક ખેડૂતને ગંભીર ઇજા પહોંચી હતી. ઉપલેટાના વેડખણ ગામે રહેતાં ખેડૂત પર ગામના જ એક શખ્સે તલવારથી હુમલો કરી માથા, શરીરે ઇજાઓ કરતાં ઉપલેટા સારવાર અપાવી વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા છે. વેડખણ ગામે રહેતાં ગિરીશભાઇ રતિલાલભાઇ શાણી-પટેલ નામના બાવન વર્ષના ખેડૂત ગામના રમણીકભાઇની વાડી પાસેથી પસાર થઇ રહ્યા હતાં ત્યારે કારાભાઇ રબારી નામના શખ્સે ઝઘડો કરી તલવારથી હુમલો કરી માથા, શરીરે ઘા ઝીંકી દેતાં દેકારો મચી ગયો હતો.

આ બનાવને પગલે લોકો ભેગા થઇ જતાં હુમલો કરનાર ભાગી ગયેલ. લોહીલુહાણ હાલતમાં ગિરીશભાઇને સ્થાનિક હોસ્પિટલમાં અને ત્યાંથી વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, મહેશભાઇ જોગડા, પ્રશાંતભાઇ, ધર્મેન્દ્રભાઇ, શક્તિસિંહે ભાયાવદર પોલીસને જાણ કરી હતી. ગિરીશભાઇ ખેતી કરી ગુજરાન ચલાવે છે અને તેમને સંતાનમાં એક પુત્ર તથા એક પુત્રી છે. પૈસાની લેતીદેતી મામલે આ હુમલો થયાની પ્રાથમિક વિગતો જાણવા મળ્યાનું તેના સગાએ કહ્યું હતું. ભાયાવદર પોલીસ આ મામલે એફઆઇઆર દાખલ કરી તપાસ કરશે.

# પૈસાના ડખ્ખામાં યુવાન પર છરીથી હુમલો

### વિસ્તારમાં જ રહેતો શખ્સ ઘા કરીને ભાગી ગયો

રાજકોટ, તા. ૫

પૈસાની લેતી દેતી મામલે મારામારીની ઘટના બની હતી. કેસરી પુલથી આગળ પારેવડી ચોક નજીક મહાત્મા ગાંધી પ્લોટમાં રહેતાં યુવાન પર આ વિસ્તારમાં જ રહેતાં શખ્સે છરીથી હુમલો કરી ડાબા સાથળે ઘા મારી દેતાં તેને લોહીલુહાણ હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

વિગતો એવી છે કે મહાત્મા ગાંધી પ્લોટ શેરી નં. ૧૨માં રહેતો સચીન નરેશભાઇ પરમાર નામનો એકવીસ વર્ષનો યુવાન રાતે સાડા નવેક વાગ્યે ઘર નજીક હતો ત્યારે આ વિસ્તારમાં જ રહેતાં યશ રાઠોડે આવી ઝઘડો કરી છરીનો ઘા મારી દેતાં દેકારો મચી ગયો હતો. બનાવને પગલે લોકો ભેગા થઇ જતાં હુમલાખોર ભાગી ગયો હતો. સચીનને ઇજાગ્રસ્ત હાલતમાં સિવિલ



હોસ્પિટલમાં ખસેડાતાં બનાવની જાણ હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, મહેશભાઇ જોગડા, પ્રશાંતભાઇ, ધર્મેન્દ્રભાઇ, શક્તિસિંહે કરતાં બી-ડિવીઝન પોલીસે કાર્યવાહી કરી હતી.

સચીને જણાવ્યું હતું કે તે લાઇટર બનાવવાના કારખાનામાં કામ કરે છે. અગાઉ તેણે યશ પાસેથી ઉછીના છ હજાર રૂપિયા કામ માટે લીધા હતાં. આ રકમ પાછી આપી દીધી હોવા છતાં તેણે ફરીથી ઉઘરાણી કરી ગાળો દેતાં ગાળો બોલવાની ના પાડતાં હુમલો કર્યો હતો. પોલીસે આ મામલે વિશેષ તપાસ હાથ ધરી હતી.

### ઈન્સ્ટાગ્રામથી પરિચય થયા પછી ફ્રુટના ધંધાર્થી યુવાને બીજા લગ્ન કર્યા'તા

# સંતોષીનગરમાં પરિણીતાનો ફાંસો ખાઇ આપઘાત

### આત્મહત્યાનું કારણ બહાર ન આવતાં પોલીસની તપાસ યથાવત

રાજકોટ, તા. ૫

આત્મહત્યાની વધુ એક ઘટના બની છે. જેમાં અકળ કારણોસર એક પરિણીતાએ દુનિયા છોડી દીધી છે. હજુ ત્રણ મહિના પહેલા જ આ યુવતિએ બીજા લગ્ન કર્યા હતાં. આ ઘટના શહેરના પોપટપરા નાલા પાસે સંતોષીનગરમાં બની છે. જેમાં ઘરમાં લાકડાની આડીમાં ચૂંદડી બાંધી ગળાફાંસો ખાઇ પરિણીતાએ મોત મેળવી લીધુ હતું.



વિગતો પર નજર કરીએ તો સંતોષીનગરમાં રહેતી બાવીસ વર્ષની દયાબેન લખનભાઇ દુધરેજીયાએ ઘરે લાકડાની આડીમાં લટકીને આત્મહત્યા કરી લીધાની જાણ ૧૦૮ના ઇએમટી દ્વારા થતાં કન્ટ્રોલ રૂમ મારફત પ્ર.નગર પોલીસને જાણ કરાઇ હતી. ઘટનાને પગલે પીએસઆઇ એસ. ડી. કોઠીવાર સહિતના સ્ટાફે ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરી હતી અને મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. પ્રાથમિક તપાસમાં ખુલ્યા મુજબ આપઘાત કરનાર દયાબેનના માવતર ભગવતીપરામાં રહે છે. તેણીના સંતોષીનગરના લખન દુધરેજીયા સાથે બીજા લગ્ન હતાં.

મૃતકના સગાના કહેવા મુજબ બંનેનો ઈન્સ્ટાગ્રામ મારફત પરિચય થયા બાદ ત્રણ મહિના પહેલા જ લગ્ન કર્યા હતાં. પતિ લખન ફ્રુટ, લીંબુ વેંચી ગુજરાન ચલાવે છે. સવારે પતિ યાર્ડ ખાતે ફ્રુટ ખરીદવા ગયો ત્યારે પાછળથી તેણીએ આ પગલુ ભર્યુ હતું. ગૃહકલેશને કારણે આમ બન્યુ કે અન્ય કારણે તે અંગે વિગતો બહાર આવી નથી. હાલ માવતર તરફથી પણ કોઇ આક્ષેપો કરાયા નથી. આઘપાતનું કારણ જાણવા પોલીસે તપાસ યથાવત રાખી હતી.

### શહેરમાં વધુ એક ગાંઠીયાદાદાએ ખેલ કર્યાઃ કોઠારીયા રેલ્વે સ્ટેશન પાછળ કારખાનાનો શેડ ભાડે રાખનાર સાથે લુખ્ખાગીરી

# કારખાનેદાર પિતા-પુત્ર પર પાઇપના ઘાઃ પુત્રનો હાથ ભાંગ્યો

### પિતા થયા લોહીલુહાણઃ ફિરોઝ ઉર્ફ ભાઇજાન અને અજાણ્યાએ આ શેડ અમારો છે, તમે શું કામ સફાઇ કરો છો, ખાલી કરી ભાગી જાવ કહી ગૂંડાગીરી આચરીઃ આજીડેમ પોલીસે તપાસ શરૂ કરી

રાજકોટ તા. ૫

શહેરમાં અનેક એવા લુખ્ખાગરી કરનારા હોય છે જે ગમે ત્યાં સીનસપાટા કરી કાયદાની ઐસી તૈસી કરતાં હોય છે. આવી વધુ એક ઘટના સામે આવી છે જેમાં જીવરાજ પાર્કમાં રહેતાં કારખાનેદાર યુવાને કોઠારીયા સોલવન્ટ રેલ્વે સ્ટેશન પાછળ શેડ ભાડે રાખ્યો હોઇ તેમાં તે અને તેના પિતા મજૂરોને બોલાવી સાફસફાઇનું કામ કરતાં હતાં ત્યારે આ વિસ્તારમાં જ રહેતાં મુસ્લિમ શખ્સે અન્ય એક જણા સાથે આવી આ શેડ અમારો છે, તમે કેમ સાફસફાઇ કરો છો? ભાગી જાવ અહિથી કહી બંનેને લોખંડના પાઇપથી ફટકારતાં યુવાનનો હાથ ભાંગી ગયો હતો, તેના પિતા પણ લોહીલુહાણ થઇ ગયા હતાં.

લુખ્ખાગીરી ગૂંડાગીરીની આ ઘટના પર નજર કરીએ તો આ ઘટનામાં આજીડેમ પોલીસે આ અંગે નાના મવા રોડ જીવરાજ પાર્ક એપલવૂડ એપાર્ટમેન્ટ બી-૧૦૨માં રહેતાં અને કોઠારીયા સોલવન્ટ રેલ્વે સ્ટેશન પાછળ બ્લોસમ પ્લાસ્ટીક નામે કારખાનુ ચલાવતાં છવ્વીસ વર્ષના સોહમભાઇ કાંતિભાઇ ઝાલાવડીયાની ફરિયાદ પરથી ફિરોઝ ઉર્ફ ભાઇજાન અને તેની સાથેના અજાણ્યા શખ્સ સામે એફઆઇઆર દાખલ કરી આરોપીઓની શોધખોળ હાથ ધરી છે. સોહમભાઇએ જણાવ્યું છે કે હું હાલ જ્યાં કારખાનુ ચલાવુ છું તે જગ્યા મહેશભાઇ કોટેચાની છે અને મેં એકાદ મહિના અગાઉ ભાડેથી રાખી છે. હું, મારા પિતા અને ત્રણ ચાર મજૂરો આ શેડ ખાતે સાફસફાઇ કરતાંહતાં ત્યારે ફિરોઝ ઉર્ફ ભાઇજાન અને અજાણ્યા શખ્સે આવીને 'આ શેડ



અમારો છે, અહિ તમે કેમ સફાઇ કરો છો?' કહી ગાળો દઇ શેડ ખાલી કરી નાખજો તેમ કહ્યુ હતું.

આથી અમેં અને મારા પિતાએ તેને આ શેડ અમે ભાડેથી રાખ્યો છે તેમ કહ્યું હતું. તેના દસ્તાવેજ સાથે અમે પોલીસ સ્ટેશને અરજી કરવા જવાની તૈયારી કરી ત્યાં ફિરોઝ અને અજાણ્યા શખ્સે લોખંડના પાઇપથી અમારા પર હુમલો કરી દીધો હતો. મારા પિતાએ આ બંનેએ હાથ, શરીરે ઘા મારતાં હુ બચાવવા વચ્ચે પડતાં મને પણ પાઇપના ઘા માર્યા હતાં. હું ત્યાંથી ભાગીને અમારા જુના શેડ તરફ જતાં આ બંને મારા પિતાને ત્યારે પણ પાઇપના ઘા ફટકારતાં જોવા મળ્યા હતાં. માથાના ભાગે ઘા મારવા જતાં મારા પિતાએ હાથ આડો રાખતાં હાથમાં ઇજા થઇ હતી. આ પછી મારા પિતા પણ ભાગીને અમારા બીજા શેડમાં આવી ગયા હતાં ઇજા થઇ હતી.

આ દરમિયાન માણસો ભેગા થઇ ગયા હોઇ કોઇએ ૧૦૮ બોલાવતાં મને અને મારા પિતાને હોસ્પિટલે ખસેડ્યા હતાં. મને ડાબા હાથના પંજામાં ફ્રેકચર થયાનો રિપોર્ટ આવ્યો હતો. મારા પિતાને ડાબા હાથે કોણીમાં ઇજા થતા ટાંકા આવ્યા હતાં અને છાતીમાં પણ ઇજા થઇ હતી. તેમ વધુમાં સોહમભાઇએ કહેતાં પોલીસ ઇન્સ્પેક્ટર એ. બી. જાડેજાના માર્ગદર્શનમાં પીએસઆઇ આર. એમ. સાખરાએ ફરિયાદ દાખલ કરી તપાસ શરૂ કરી છે. વેપારીના કહેવા મુજબ શેડ ફિરોઝનો નથી તેના માલીક જે છે તેની પાસેથી અમે ભાડે રાખ્યો છે. લુખ્ખાગીરી કરવા માટે જ તેણે આવીને ધમકી દઇ હુમલો કર્યો હતો.

### અમુક કર્મચારીઓ જે તે સ્થળે કામ તો એવુ કરે કે પછી તેને સીધુ પોલીસ સ્ટેશનેથી તેડુ આવે!

# મેનેજરે બોગસ જોબકાર્ડ ઊભા કરી સવા નવ લાખ ગપચાવ્યા

### કુવાડવા રોડના ટુવ્હીલરના શો રૂમમાં બનાવઃ એક્સીડેન્ટ વાળા વાહનોના વીમાના જોબકાર્ડની કામગીરી વખતે ગોલમાલ કર્યાનો સતિષ મકવાણા સમે આરોપઃ બી-ડિવીઝન પોલીસે આદરી તપાસ

રાજકોટ તા. ૫

અમુક કર્મચારીઓ એવા હોય છે જે પોતે જ્યાં નોકરી કરતાં હોઇ એ જ સ્થળે ફ્રોડ આચરી લેતાં હોય છે. આવી જ એક ઘટના રાજકોટ શહેરમાં સામે આવી છે. જેમાં કુવાડવા રોડ રણછોડનગરમાં આવેલા સુઝુકી કંપનીના ટુવ્હીલરના સર્વિસ સ્ટેશન માધવ ઓટોલિંક પ્રા.લિ. ખાતે એક્સીડન્ટ ઇન્ચાર્જ તરીકે નોકરી કરતાં શખ્સે વીમા કંપનીએ વાહનોની નક્કી કરેલી રકમ ઉપરાંતની બીલ મુજબની બાકી ઉઘરાવી ૩૯૨ વાહનોના નકલી જોબકાર્ડ ઉભા કરી નવ લાખ છવ્વીસ હજારની રકમ ખાઇ જતાં આં આ બારામાં બી-ડિવીઝન પોલીસે તપાસ આદરી છે.

પોલીસ સુત્રોના કહેવા અનુસાર આ ઘટનામાં વાવડી મહમદીબાગ શેરી નં. ૪માં રહેતાં અને નાના મવા સર્કલ પાસે આવેલ શ્યામભાઇ રાયચુરાના આન ગ્રુપની ઓફિસમાં ફાયનાન્સ મેનેજર તરીકે નોકરી કરતાં શાહનવાઝ હારૂનભાઇ શમા ની ફરિયાદ પરથી સર્વિસ સ્ટેશનના એક્સીડેન્ટ ઇન્ચાર્જ સતિષ દિપકભાઇ મકવાણા અને તપાસમાં ખુલે તેની સામે રૂા. ૯,૨૬,૦૦૦ની ઉચાપતનો ગુનો ધરપકડની તજવીજ હાથ ધરવામાં આવી છે. ફરિયાદી શાહનવાઝ શમા બાર વર્ષથી ફાયનાન્સ મેનેજર છે. તેમજ આન ગ્રુપનું માધવા ઓટોલિંક સુઝુકીનો શો રૂમ તથા સર્વિસ સ્ટેશન કુવાડવા રોડ રણછોડનગરમાં છે ત્યાંનું ફાયનાન્સનું કામ પણ સંભાળે છે. તેણે ફરિયાદમાં જણાવ્યું છે કે કુવાડવા રોડ ખાતેના સર્વિસ સ્ટેશનમાં સુઝુકી કંપનીના વાહનો કે જેમમના એક્સીડન્ટ થયા હોઇ તે રીપેર કરવાનું અને સ્પેરપાર્ટસ નાખવાનું કામ થાય છે.

તેમજ આવા વાહનના વીમા કંપનીને કોટેશન આપી ક્લેઇમ મુજબ કસ્ટમરને મળવા પાત્ર કમમાંથી અને તે સિવાય ઉપરની થતી રકમ ગ્રાહકો પાસેથી રોકડેથી, ચેકથી સ્વીકારી બીલની ચુકવણી બાદ વાહન ગ્રાહકને અપાય છે. આ રીતે વાહનની સર્વિસ કે રીપેરીંગનું ઓરીએન્ટેડ કામ પણ કરવામાં આવે છે. શાહનવાઝે આગળ કહ્યું છે કે અમારી માધવ ઓટોલિંક કંપનીનું




ઓડીટ ૯-૧૦-૨૪ના એકાઉન્ટ મેનેજર સુમિત રાવલ અને ફાયનાન્સ કન્ટ્રોલર યશવત ભટ્ટીએ કર્યુ હતું. જેમાં પાંચ જોબ કાર્ડના બીલ જ બન્યા નહિ હોવાનું ખુલ્યું હતું. જેમાં ૨૦૨૩ના ત્રણ અને ૨૦૨૪ના બે જોબકાર્ડ સામેલ હતાં. આ રીતે એપ્રીલ-૨૦૨૪થી એપ્રિલ-૨૦૨૫ સુધી કુલ ૧૩ મહિનામાં ૩૯૨ ટુવ્હીલરના જોબ કાર્ડ તથા બીલના હિસાબની એન્ટ્રીમાં તફાવત હતો. બીલોનો તાળામેળ થતો ન હોઇ તેવુ ધ્યાને આવ્યું હતું.

આથી વર્કશોપના મેનેજર અર્જુન પ્રવિણભાઇ જાદવે લેખીત અરજી પોલીસને આપી હતી. એ પછી અમે વધુ તપાસ કરાવતાં ખબર પડી હતી કે વર્કશોપમાં પાંચ વર્ષથી નોકરી કરતાં સતિષ મકવાણા (રહે. વેલનાથપરા બેડી ચોકડી)ને એક્સીડેન્ટલ ઇન્ચાર્જની બઢતી મળતાં આ વિભાગમાં ફરજ બજાવતાં હતાં. તેણે તેણે વર્કશોપમાં આવતાં સુઝુકી કંપનીના ટુવ્હીલર વાહનોના એક્સીડેન્ટલ ક્લેઇમ કે રીપેરીંગ મુજબ જોબકાર્ડ બનાવી વીમા કંપનીમાંથી એપ્રુઅલ મેળવી વાહનોનું રીપેરીંગ કરાવી બલી બનાવી વીમા કંપનીના એપ્રુઅલ મુજબની રકમ ઉપરાંતની રકમ ગ્રાહક પાસેથી મેળવી વાહન રીપેર કરાવી બીલ બનાવી ગ્રાહકને આપતા હતાં. તેણે પોતાની આ ફરજ દરમિયાન વાહનના ખોટા બીલો બનાવી ઇન્સ્યોરન્સ કંપનીના વીમા દર્શાવી, વીમા કંપની જવાબદાર જ ન હોઇ છતાં ઘણા બીલોમાં વીમા કંપનીના નામે એન્ટ્રી કરી તે બીલોના નાણા કંપનીમાં જમા ન કરાવી ખોટા જોબ કાર્ડ ઉભા કરી ઉચાપત કરી હોવાનું સામે આવ્યું હતું.

આ રીતે તેણે કુલ ૩૯૨ જેટલા ગ્રાહકોના વાહોનોના એક્સીડેન્ટલ ક્લેઇમમાં વીમા કંપનીએ આપેલ એપ્રુઅલ રકમ સિવાયની રકમ મુજબ બાકીની રકમ ગ્રાહકોએ આપવાની થતી હોય છે તે રકમ સતિષે રોકડેથી કે ઓનલાઇન પોતાના ખાતામાં મેળવી લીધી હતી. આ બાબતે તેનો ખુલાસો પુછતાં યોગ્ય જવાબ આપ્યો નહોતો. હિસાબ થતાં કુલ રૂા. ૯,૨૬,૦૦૦ની ઉચાપત તેણે ખોટા જોબકાર્ડ બનાવીને કરી લીધાનું સામે આવ્યું હતું. તેમ વધુમાં શાહનવાઝ શમાએ જણાવતાં પોલીસ ઇન્સ્પેક્ટર એસ. એસ. રાણેના માર્ગદર્શન હઠળ પીએસઆઇ કે. પી. જાદવે ગુનો નોંધી વિશેષ તપાસ શરૂ કરી હતી.



# રાજકોટ-જામનગરમાંથી ત્રણ વાહન ચોર્યાઃ સિકંદર જલાયો

### યુનિવર્સિટી પોલીસની ટીમે મુંજકાના ગેઇટ પાસેથી દબોચી ત્રણેય વાહનો કબ્જે કર્યા

રાજકોટ, તા. ૫

પોલીસે વધુ એક વખત વાહન ચોરીનો ભેદ ઉકેલ્યો છે. આ વખતે યુનિવર્સિટી પોલીસની ટીમે આ કામગીરી કરી છે. જેણે ત્રણ વાહનોની ચોરી કરનારા શખ્સને દબોચી લઇ વાહનો કબ્જે કર્યા છે. મોજશોખ માટે આ શખ્સ વાહનો ચોરતો હતો.

ડી. સ્ટાફની ટીમને મળેલી બાતમી પરથી મુંજકા ગામના ગેઇટ પાસેથી ચોરાઉ મોટરસાઇકલ સાથે બી.ટી. સવાણી હોસ્પિટલ પાછળ વશુભાઇના મકાનમાં ભાડેથી રહેતી સિકંદર જુમાભાઇ પલેજાને સકંજામાં લઇ વિસ્તૃત પુછતાછ કરતાં તેણે પોતાની પાસે રહેલા એક ટુવ્હીલર સહિત ત્રણ વાહનોની ચોરી કબુલતાં ધરપકડ કરવામાં આવી હતી. પેટ્રોલીંગ દરમિયાન હેડકોન્સ. વિરદેવસિંહ જાડેજા, કોન્સ. વનરાજભાઇ લાવડીયા અને દિવ્યરાજસિંહ જાડેજાને બાતમી મળતાં સિકંદરને મુંજકાના ગેઇટ પાસેથી સકંજામાં લેવાયો હતો. તેની પાસે ટુવ્હીલર હોઇ તેના કાગળો માંગતા ગલ્લા તલ્લા કર્યા હતાં.

પોલીસે સિકંદરને વિશીષ્ઠ ઢબે પુછતાછ કરતાં તેણે આ વાહન તેમજ અન્ય બે વાહનોની પણ ચોરી કર્યાનું કબુલતાં તેની પાસેથી ૬૦ હજારનું સફેદ એક્સેસ, ૩૦ હજારનું સ્પલેન્ડર અને ૧૮ હજારનું અન્ય એક સ્પ્લેન્ડર મળી ૧,૦૮,૦૦૦ના વાહનો કબ્જે કરાયા હતાં. આ ત્રણેય વાહનો તેણે એક મહિનામાં ચોરી કર્યા હતાં. જેમાં એક વાહન જામનગર ગુલાબનગરના પેટ્રોલ પંપ સામેથી પચ્ચીસ દિવસ પહેલા, બીજુ એક મહિના પહેલા જામનગર વિક્ટોરીયા પુલ પાસેથી અને ત્રીજુ બે દિવસ પહેલા મોડી રાતે માધાપર ચોકડી પાસે પૂલ નીચે પાર્કિંગમાંથી ચોરી કર્યાનું કબુલ્યું હતું. મોજશોખ માટે તે વાહનો ઉઠાવતો હતો.

ઝોન-૨ ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી રાધિકા ભારાઇની સુચના અંતર્ગત પીઆઇ એચ. એન. પટેલ, પીએસઆઇ એન. વી. ચાવડા, એએસઆઇ જગમાલભાઇ ખટાણા, હેડકોન્સ. વિજુભા જાડેજા, મહિપાલસિંહ જાડેજા, વિરદેવસિંહ જાડેજા, ગોપાલસિંહ જાડેજા, પ્રતાપસિંહ મોયા, જીજ્ઞેશભાઇ મારૂ, કોન્સ. વનરાજભાઇ લાવડીયા, દિવ્યરાજસિંહ જાડેજા અને મૈસુરભાઇ કુંભારવાડીયાએ આ કામગીરી કરી હતી. વધુ તપાસ માટે આ શખ્સનો કબ્જો જામનગર પોલીસ પણ લેશે.

# ડેટીંગ એપમાં યુવતિ સાથેની મિત્રતા શિવધામ સોસાયટીના યુવાનને ૧૩ાા લાખમાં પડી!

### શ્રુતિ નામની યુવતિએ ફ્રેન્ડ રિકવેસ્ટ મોકલી પછી ફોરેક્ષ ટ્રેડીંગમાં રોકાણ કરવા લલચાવી લીધો
### છેલ્લે એપમાંથી આ યુવતિનું એકાઉન્ટ પણ ગાયબ થઇ ગયુંઃ સાબયર ક્રાઇમ પોલીસમાં ફરિયાદ

રાજકોટ, તા. ૫

સાયબર ગઠીયાઓ ક્યારે કોનો શિકાર કરી લે તે નક્કી ન હોય. અલગ અલગ રીતે લોકોને છેતરવાનું યથાવત રખાયું છે. ઓનલાઇન ડેટિંગ એપ પર પરિચય થયા બાદ શહેરના રણુજા મંદિર વિસ્તારનો યુવાન સાડા તેર લાખ ગુમાવી ચુક્યો છે.

વિગતો પર નજર કરીએ તો આ બનાવમાંસાયબર ક્રાઇમ પોલીસે આ અંગે રણુજા મંદિર પાસે શિવધામ સોસાયટી-૨માં રહેતાં છત્રીસ વર્ષના રવિભાઇ જગદીશભાઇ વીરપરીયાની ફરિયાદ પરથી અલગ અલગ ચાર



બેંક એકાઉન્ટના ધારકો સામે ગુનો નોંધ્યો છે. રવિભાઈ એડવર્ટાઈઝિંગનું કામ કરે છે. તેણે પોલીસને જણાવ્યું કે ગત ફેબ્રુઆરી માસમાં તેણે એક ડેટિંગ એપ પર એકાઉન્ટ બનાવ્યું હતું. જેના ફ્રેન્ડ સજેશનમાં શ્રુતિ શર્માનું એકાઉન્ટ દેખાતા તેને ફ્રેન્ડ રિકવેસ્ટ મોકલી હતી. તેનું ખરેખર નામ શ્રુતિ શર્મા હતું કે પછી બીજું તેની જાણ નથી. એટલું જ નહીં તે ખરેખર મહિલા હતી કે પુરૂષ તેની પણ જાણ ન હતી. ઓનલાઈન ફ્રેન્ડ બન્યા બાદ તેની સાથે વાતચીત શરૂ કરી હતી.

ત્યારાદ એક-બીજાનું આર્થિક બેકગ્રાઉન્ડ જાણ્યું હતું. જે દરમિયાન તેણે કહ્યું કે તેની આર્થિક સ્થિતિ ખરાબ છે અને પૈસાની જરૂરિયાત છે. જેથી સામે શ્રુતિ શર્મા નામ ધારણ કરનારે ફોરેક્ષ ટ્રેડીંગમાં સારૂ રિર્ટન મળે છે તેમ કહી તેમાં રોકાણ કરવાનું કહ્યું હતું. તેણે હા પાડતાં ડેટિંગ એપ ઉપર ટેલિગ્રામની લીન્ક મોકલી હતી. એટલું જ નહીં બાદમાં એક એકાઉન્ટ પણ ખોલી આપ્યું હતું. આ પછી તેની સુચના મુજબ તેણે તેની પેઢી અને મિત્રના બેન્ક એકાઉન્ટમાંથી કટકે-કટકે રૂા. ૧૩.૩૦ લાખ જમા કરાવ્યા હતા. જો કે બાદમાં તેને રકમ પરત નહીં મળતાં અને જે ડેટિંગ એપ ઉપર શ્રુતિ શર્માનું એકાઉન્ટ હતું તે પણ ગાયબ થઈજતાં પોતાની સાથે ફ્રોડ થયાની ખબર પડી હતી. સાયબર ક્રાઈમના હેલ્પ લાઈન નંબર ઉપર ફરિયાદ કરતાં તેના આધારે સાયબર ક્રાઇમ પોલીસ ઇન્સ્પેક્ટર જે. એમ. કૈલાએ ફરિયાદ દાખલ કરી તપાસ શરૂ કરી હતી.

# ઘંટેશ્વરની બાળા ગૂમ

### ગાંધીગ્રામ પોલીસે અપહરણનો ગુનો દાખલ કર્યો

રાજકોટ, તા. ૫

શહેરમાંથી વધુ એક સગીરા ગાયબ થઇ જતાં પોલીસે તત્કાળ અપહરણનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે. જામનગર રોડ ઘંટેશ્વર ૨૫ વારીયા વિસ્તારમાંથી એક પરિવારની બાળા ગૂમ થઇ છે. આ અંગે ગાંધીગ્રામ પોલીસે ગૂમ થનાર ચૌદ વર્ષની બાળાના પિતાની ફરિયાદ લીધી છે. બાળાના પિતા રિક્ષા હંકારી ગુજરાન ચલાવે છે. તેણે ફરિયાદમાં જણાવ્યું છે કે મારે બે દિકરા અને ચાર દિકરી છે. એક દિકરો બીજા ગામે રહે છે અને બે દિકરી સાસરે છે. બે નાની દિકરી અને એક દિકરો, તેના પત્નિ મારી સાથે રહે છે. શુક્રવારે સવારે ચારેક વાગ્યે મારી પુત્રવધૂ જાગી ત્યારે ઘરમાં મારી ચૌદ વર્ષની દિકરી પથારીમાં જોવા ન મળતાં આસપાસ તપાસ કરી હતી પરંતુ તે મળી આવી નહોતી. મારી બીજી દિકરીએ કહેલુ કે રાતે એકાવ વાગ્યે તેણી પથારીમાં જ હતી. એ પછી તે ગાયબ થઇ ગઇ હતી. દિકરી ઘરેથી નીકળી ત્યારે તેણીએ લાલ ઓઢણી, વાદળી પચરંગી સલવાર કમીજ પહેર્યા હતાં. તે ઘરના પાછળના દરવાજેથી નીકળી ગયાનું જણાઇ આવ્યું હતું.

ત્યારબાદ અમે બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન સહિતના થળોએ તપાસ કરી હતી પણ તે મળી આવી નહોતી જેથી પોલીસને જાણ કરી હતી. બાળાના પિતાએ કહેતાં ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના ઇન્સ્પેકટર એસ. આર. મેઘાણીના માર્ગદર્શનમાં પીએસઆઇ પી. બી. વારોતરીયાએ ફરિયાદ દાખલ કરી બાળાને શોધી કાઢવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

### ધરાર ફ્રેન્ડશીપ કરવામાં સફળ ન થતાં રોષે ભરાયોઃ સાબયર ક્રાઇમ પોલીસે દબોચી કાયદો સમજાવ્યો

# યુવતિનો બિભત્સ ફોટો બનાવી તેની મમ્મીને મોકલનાર નાશીર ઝડપાયો

રાજકોટ, તા. ૫

ઓનલાઇન સુવિધા અને ટેકનોલોજીનો અનેક લોકો ખોટો ઉપયોગ કરતાં હોય છે. જો કે આવુ કરનારા બાદમાં ગુનેગારના લેબલ સાથે પોલીસ મથકની હવા ખાતા હોય છે. એક શખ્સે એક યુવતિના ચહેરાવાળો ન્યુડ ફોટો બનાવી વ્હોટ્સએપ મારફત આ યુવતિની મમ્મીને મોકલી દેતાં સાયબર ક્રાઇમ પોલીસે તેને પકડીને કાયદાનું ભાન કરાવ્યું છે. આ શખ્સ ધરાર યુવતિ સાથે ફ્રેન્ડશીપ રાખવા ઇચ્છતો હોઇ પણ યુવતિને રસ ન હોઇ તેણે આવુ કર્યુ હતું.

શહેરના જામનગર રોડ વિસ્તારની એક યુવતિના ચહેરાવાળો ન્યુડ ફોટો તેણીના માતાને એક શખ્સે વ્હોટ્સએપથી મોકલી દેતાં ફરિયાદ દાખલ થઇ હતી. યુવતિના માતાની ફરિયાદ પરથી સાયબર ક્રાઇમ પોલીસે વ્હોટ્સએપ નંબર ૮૬૦૧૩ ૨૦૭૪૫ના ધારક વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. યુવતિની માતાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે હું મારી દુકાને હતી ત્યારે મારા વ્હોટ્સએપમાં ઉપરોક્ત મોબાઇલ નંબરમાંથી મેસેજ આવ્યો હતો. જે જોતા તેમાં લખ્યુ હતુ કે હાય બેબી મને ખબર છે કે વ્હોટ્સએપમાં મેસેજ કરવાની ના પાડી હતી.પણ મારૂ ઈન્સ્ટાગ્રામ ઓન નથી થાતું કાલે બોવ મજા આવી. આપણા ફોટો એક ફ્રેન્ડને બતાવ્યા . આ મેસેજ સાથે એક છોકરીનો ન્યુડ ફોટો પણ આવ્યો હતો.

જેનો ચહેરો હટાવી મારી પુત્રીનો ચહેરો મુકી દેવાયો હતો. જેથી મેં સાયબર હેલ્પલાઈનમાં ફોન કરી જાણ કરેલ હતી. તપાસ દરમ્યાન મેસેજ તથા ફોટો મોકલનાર નાશીર નામનો શખ્સ હોઇ તેને સકંજામાં લઇ પોલીસ ઇન્સ્પેક્ટર એમ. એ. ઝણકાતે તપાસ હાથ ધરી હતી. આ શખ્સ યુવતિ સાથે પરાણે ફ્રેન્ડશીપ કરવા ઇચ્છતો હતો પરંતુ યુવતિએ ના પાડી દેતાં તેણીને હેરાન કરવાના ઇરાદે ફોટો તેણીના મમ્મીને મોકલી દીધો હતો! પોલીસે તેની આકરી પુછપરછ કરી હતી.

### જેણે લેશન ન કર્યુ હોઇ એ ઉભા થાવ એવુ શિક્ષકાએ કહેતાં ત્રણ છાત્રો ઉભા થયા'તા

# મહિકાની શાળામાં ધો-૬ના છાત્રને શિક્ષકે ફૂટપટ્ટીથી માર્યો

### માર એવો પડ્યો કે હોસ્પિટલમાં સારવાર લેવી પડીઃ માતા-પિતાએ આજીડેમ પોલીસને જાણ કરી





રાજકોટ તા. ૫

એક સમય હતો જ્યારે નિશાળમાં ભણવા જતાં વિદ્યાર્થીઓને શિક્ષકો ધડાધડ ફટકારી લેતાં હતાં. સોટી વાગે સમસમ વિદ્યા આવે રમઝમ એવી કહેવત હજુ પણ જુના જમાનાના લોકોને યાદ છે. પરંતુ આજના સમયમાં હવે છાત્રોને મારકુટ કરવી એ ગુનાહિત કૃત્ય પણ ગણવામાં આવે છે. આમ છતાં અનેક એવા શિક્ષકો હોય છે જે છાત્રને ભણાવવા માટે, સુધારવા માટે કે પછી ક્યારેક ગુસ્સામાં આવીને હાથ ઉગામી લેતાં હોય છે. આવી જ એક ઘટના શહેરના રાજકોટ-ભાવનગર હાઇવે પર ઠેબચડના રસ્તે આવેલા મહિકા ગામની ખાનગી શાળામાં બની છે. જેમાં લેશન કરીને નહિ આવેલા છઠ્ઠા ધોરણના વિદ્યાર્થીને શિક્ષકે ફુટપટ્ટીથી ફટકારતાં તેને સારવાર લેવી પડી હતી.

વિગતો પર નજર કરીએ તો મહિકા ગામમાં આવેલી શાળામાં શિક્ષકે વિદ્યાર્થીને મારકુટ કરી લેતાં તેને સારવાર માટે રાજકોટ લાવવામાં આવતાં ડોક્ટરે આ ઘટનામાં પોલીસકેસ જાહેર કર્યો હતો. ગઢકા ગામે રહેતાં શાકીર ગફારભાઇ ઓડીયા કે જેની ઉમર અગિયાર વર્ષની છે તેને મહિકા ગામે આવેલી ડ્રીમલેન્ડ સ્કૂલમાં હતો ત્યારે શિક્ષકે ફુટપટ્ટીથી માર મારતાં હાથમાં છોડુ પડી ગયું હોઇ દુઃખાવો થતો હોઇ સારવાર માટે રાજકોટ ઝનાના હોસ્પિટલના બાળકોના વિભાગમાં લાવવામાં આવતાં ડોક્ટરે સારવાર આપી એમએલસી-પોલીસ કેસ જાહેર કરતાં શાકીરને લઇને તેના માતા-પિતા આજીડેમ પોલીસ સ્ટેશને ફરિયાદ લખાવવા પહોંચ્યા હતાં.

વધુ માહિતી અનુસાર વિદ્યાર્થી શાકીરના માતાનું નામ સલમાબેન છે અને પિતાનું ના ગફારભાઇ છે. ગફારભાઇ રિક્ષા હંકારી ગુજરાન ચલાવે છે. તેણે જણાવ્યું હતું કે શાકીર બે ભાઇમાં મોટો છે અને ડ્રીમલેન્ડ સ્કૂલમાં ધોરણ-૬માં અભ્યાસ કરે છે. ગઇકાલે તે હોમવર્ક કરીને ગયો ન હોઇ જેથી શિક્ષકે માર માર્યો હતો. વધુમાં કહ્યું હતું કે વર્ગ શિક્ષીકાએ જે જે છાત્રો લેશન કરીને ન આવ્યા હોઇ તેને ઉભા થવાનું કહેતાં બીજા બે છાત્રો સાથે મારો દિકરો શાકીર પણ ઉભો થયો હતો. બાદમાં અજયસર આવ્યા હતાં અને સ્ટીલની ફૂટપટ્ટીથી માર માર્યો હતો. મારા દિકરાને હાથમાં ભારે દુઃખાવો થતાં હોવાથી અમારે તેને સારવાર માટે દાખલ કરવો પડ્યો હતો. મારને કારણે દિકરો રડવા માંડ્યો હતો. સાંજે તે સ્કૂલબસ મારફત ઘરે આવ્યો ત્યારે અમને ઘટનાની જાણ થઇ હતી. અમે આ અંગે પોલીસ સ્ટેશને કાર્યવાહી માટે આવ્યા છીએ. તેમ વધુમાં ગફારભાઇએ કહ્યું હતું અને ફરિયાદની તજવીજ કરી હતી.

# બિલ્ડીંગ ૨૪૯૬ પ્લાન મુકાયા : ૧૯૨૭ મંજુર

## ૫૧૨ અરજીઓ વિચારણા હેઠળ : બિલ્ડરોમાં રોષ કામગીરી ને નથી મળતો વેગ

રાજકોટ, તા. ૫

જે સમયથી ટીઆરપી અગ્નિકાંડની ઘટના ઘટી ત્યારબાદ ટાઉન પ્લાનિંગ વિભાગની કામગીરી માં ઘણા ખરા પ્રશ્નો ઊભા થયા છે એટલું જ નહીં તત્કાલીન મ્યુનિસિપલ કમિશનર દ્વારા પણ આ કામગીરીને ઝડપી બનાવવા માટે અનેક પગલાંઓ લીધા છતાં પણ તેમાં સફળતા મળી નથી. બીજી તરફ મહાનગરપાલિકાના ટાઉન પ્લાનિંગ વિભાગમાં ૨૪૯૬ નવા બિલ્ડીંગ પ્લાન મૂકવામાં આવ્યા હોવાનું માલુમ પડ્યું છે જેમાંથી ૧૯૨૭ મંજુર કરવામાં આવ્યા છે અને ૫૧૨ જેટલા જે પ્લાન છે તેને વિચારણા હેઠળ હાલ મૂકી દેવામાં આવ્યા છે. હાલ જે નવા અધિકારીની નિમણૂક થઈ છે તેને અમુક નિયમોની જાણકારી ન હોવાના કારણે આ કામગીરી અટકાવી હોવાનું પણ મનાઈ રહ્યું છે. એટલું જ નહીં બિલ્ડરોમાં પણ આ બાબતે ઘણો રોષ જોવા મળી રહ્યો છે. કારણ કે મહત્વની વાત તો એ છે કે આજ દિન સુધી એટલે કે જ્યારથી ટીઆરપી ઘટના ઘટી ત્યારબાદ આ કામગીરીમાં ઘણા પ્રશ્નો ઊભા થયા છે.



ભૂતકાળમાં ટાઉન પ્લાનિંગ વિભાગની જે કામગીરી જોવામાં આવી હતી અને જે ગતિએ કામ થતું હતું તે બાદ તત્કાલીન મ્યુનિસિપલ કમિશનર દ્વારા તેમાં જળમૂળથી ફેરફાર કરવામાં આવ્યો હતો પરંતુ મહત્વની વાત તો એ છે કે આજ દિન સુધી એ સ્થિતિમાં કોઈ ફેર પડ્યો નથી.

શહેરના નવા વિસ્તારોમાં હાલ અનેક હાઈરાઈઝ બિલ્ડીંગો તૈયાર કરવા માટે બિલ્ડરો દ્વારા બિલ્ડીંગ પ્લાન ઝોનવાઈઝ મુકવામાં આવી રહ્યા છે. છેલ્લા ૯૦ દિવસમાં સેન્ટ્રલ, ઈસ્ટ અને સૌથી વધુ વેસ્ટ ઝોનના વિસ્તારમાં કુલ ૨૪૬૯ નવા બિલ્ડીંગ પ્લાન મંજુરી અર્થે મુકવામાં આવ્યા હતાં. સ્થળ તપાસ અને ડોક્યુમેન્ટની ચકાસણી કર્યા બાદ ટાઉન પ્લાનીંગ વિભાગ દ્વારા મુકાયેલા પ્લાન પૈકી ૧૯૨૭ને મંજુરી કરવામાં આવ્યા છે. જ્યારે બાકીના ૫૧૨ પેન્ડીંગ રાખ્યા હોવાનું ટીપી વિભાગ જણાવી રહ્યું છે. છતાં એફએસઆઈ તેમજ ફ્લાવર બેગ સહિતના મુદ્દે નવા અધિકારીઓ પાસે નિયમ મુજબની જાણકારી ન હોય અમુક શંકાસ્પદ બિલ્ડીંગ પ્લાન પેન્ડીંગ રાખી દેવામાં આવ્યા છે. જેના લીધે બિલ્ડર લોબીમાં ફરી વખત નારાજગી જોવા મળી રહી છે. ટીપી વિભાગના સુત્રોના જણાવ્યા મુજબ હાલ ત્રણેય ઝોનના ટીપી વિભાગમાં રેગ્યુલર કામગીરી ચાલી રહી છે. ઓનલાઈન બિલ્ડીંગ પ્લાન મુકવાના હોય તેમજ આ મુદ્દે ફાયર વિભાગની પણ મંજુરી મેળવવાની હોવાથી અમુક પ્લાન ફાયર વિભાગના કારણે અટકી ગયા છે. તેમ જણાવ્યું હતું.

મહાનગરપાલિકાએ બાંધકામ પરમીશન એટલે કે, બીયુ સર્ટી અંતર્ગત છેલ્લા એક વર્ષથી કડક કાર્યવાહી હાથ ધરી છે. જેમાં ખાસ કરીને ફાયર વિભાગના એસઓપી મુજબ બાંધકામ તૈયાર કરવામાં આવ્યું હોય તેમજ ઈમ્પેક્ટ ફી હેઠળ વધારાનું બાંધકામ કરવામાં આવ્યું હોય ત્યારે બીયુ સર્ટી આપવામાં આવી રહ્યું છે. પરંતુ ફાયર અને ઈમ્પેક્ટ ફી હેઠળ આવતા નિયમોની તમામ પ્રકારની અમલવારી ન થઈ શકતી હોય છતાં બાંધકામ પરમીશન માટે અરજી કરવામાં આવી હોય તેવી ત્રણ માસમાં ૧૬૦૦ અરજીઓ ટાઉન પ્લાનીંગ વિભાગમાં આવી છે. જે પૈકી ૧૧૬૫ અરજી મંજુર કરી તમામ બાંધકામોને બીયુ સર્ટી ફાળવવામાં આવ્યા છે. જ્યારે નિયમોનું ઉલંઘન થયું હોય તેવી ૪૩૫ શંકાસ્પદ અરજી પેન્ડીંગના બહાને નામંજુર કરવામાં આવી હોવાનું ટીપી વિભાગમાંથી જાણવા મળેલ છે.



# ખાનગી મેળા માટે મનપા ફાળવશે ત્રણ પ્લોટ

## એસઓપીનું ચુસ્ત પાલન કરવાનું રહેશે મેળા સંચાલકોએ

## લોકમેળામાં રાઇડ્સ નહીં હોય તો ખાનગી મેળામાં ભીડ મળશે જોવા

રાજકોટ, તા. ૫

લોકો લોકમેળાની સાથોસાથ અન્ય જે ખાનગી પેઢીઓ દ્વારા મેળાનું આયોજન કરવામાં આવતું હોય છે તેમાં પણ તેઓ જય જન્માષ્ટમી વ્યવહાર ની ઉજવણી કરતા હોય છે આ વખતે પણ મહાનગર પાલિકા દ્વારા મનપા હસ્તકના જે ત્રણ પ્લોટ છે તેમાં ખાનગી મેળો યોજવાની પરવાનગી આપવામાં આવશે તેવી વાત હાલ સામે આવી છે. અત્યારે રાજકોટના અત્યંત પ્રસિદ્ધ અને ચહીતા એવા લોકમેળા માં રાઇડ્સને લઈને ઘણા ખરા પ્રશ્નો ઊભા થયા છે ત્યારે જો લોકમેળામાં રાઈડસ જોવા નહીં મળે તો લોકોનો ઘસારો ખાનગી મેળા તરફ ઝૂકે તેવું પણ અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. મહાનગરપાલિકાના સૂત્રોના જણાવ્યા અનુસાર હાલા વર્ષે પણ મહાનગરપાલિકા દ્વારા ત્રણ પ્લોટ નિયત કરેલા ભાડા સાથે પ્રાઈવેટ મેળા સંચાલકોને ભાડેથી આપવામાં આવશે જેમાં જે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજરની અમલવારી પણ કરવાની રહેશે જો તેનો પાલન કરવામાં મેળા સંચાલકો સફળ થશે તો જ તેઓને પરવાનગી આપવામાં આવશે તેવું પણ જણાવવામાં આવ્યું છે.

રાજકોટ શહેરમાં જન્માષ્ટમી દરમિયાન રેસકોર્સ ખાતે સૌરાષ્ટ્રનો સૌથી મોટો મેળો યોજાય છે. અને સાથો સાથ શહેરમાં અલગ અલગ સ્થળે પ્રાયવેટ મેળાના પણ આયોજન થતાં હોય છે. જેના માટે મહાનગરપાલિકા પોતાની માલીકીના અલગ અલગ પ્લોટ મેળા માટે ભાડેથી આપે છે. જેથી આ વર્ષે પણ મનપા ત્રણ પ્લોટ નિયત કરેલ ભાડુ વસુલી પ્રાયવેટ મેળાના સંચાલકોને ભાડેથી આપશે. પરંતુ આ વખતે ત્રણેય મેદાન માટે મેળાના સંચાલકોને સરકારની એસઓપીનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અને આ મુજબનું ટેન્ડર પણ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. મહાનગરપાલિકા દ્વારા મેળાના આયોજન માટે ત્રણ પ્લોટ ભાડેથી આપશે. જેમાં નાનામૌવા સર્કલ કોર્નર પેટ્રોલપંપની બાજુમાં આવેલ ટીપીનો પ્લોટ જેનું ક્ષેત્રફળ ૯૪૩૮ ચો.મી. છે.

જે પ્રતિદિન પ્રતિ ચો.મી. રૂા. ૫ લેખે તથા સાધુવાસવાણી રોડ રાજ પેલેસ સામે આવેલ ટીપીનો પ્લોટ ક્ષેત્રફળ ૫૩૮૮ ચો.મી. પ્રતિ ચો.મી. રૂા. ૫ પ્રતિ દિન ભાડુ વસુલી અને અમિન માર્ગ કોર્નર ઝેડબ્લુની સામે આવેલ ટીપી પ્લોટ ક્ષેત્રફળ ૪૬૬૯ ચો.મી. પ્રતિદિન પ્રતિ ચો.મી. રૂા. ૫ના ભાડા લેખે મેળાના સંચાલકોને આપશે. આ મેદાન માટે ટેન્ડર પ્રસિદ્ધ કરવામં આવ્યું છે. ભાડાની સાથો સાથ ડિફોઝીટ પેટે સંચાલકોએ પ્રતિ પ્લોટ દીઠ રૂા. ૧ લાખ ઈએમડીની રકમ જમા કરાવવાની રહેશે. મહાનગરપાલિકા દ્વારા નાના મૌવા સર્કલ, સાધુવાસવાણી રોડ અને અમિન માર્ગ કોર્નર પર આવેલા પ્લોટ મેળા માટે ભાડે આપવા ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી છે.

દર વખતની માફક આ વખતે પણ પ્રતિ ચો. મી. એક દિવસનું ભાડુ રૂા. ૫ નીયત કરવામાં આવ્યું છે. જેની સામે હવે સરકારની મેળા માટે જાહેર કરેલ એસઓપી મુજબ સંચાલન આપવામાં આવશે. મેળા સંચાલકો રાઈડ્સ સહિતમાં સરકારે જાહેર કરેલ ઓસઓપીનો ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે અન્યથા મેદાન ભાડે રાખ્યા બાદ એસઓપીનું પાલન ન થયું હોય ત્યારે રાઈડ્સને મંજુરી આપવામાં નહીં આવે તેમ જણાવ્યું હતું.

# જેતપુર હાઈવે મુદ્દે કલેક્ટર કચેરીનો ઘેરાવ કરશે કોંગ્રેસ

## ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણી સહિતનાઓ વિરોધમાં જોડાશે

## તંત્ર સામે કડક મુદ્દે અવાજ ઉઠાવવા મંગળવારે હાઈવે હક આંદોલન સમિતિ દ્વારા કરાયું એલાન

રાજકોટ, તા. ૫

હાલ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર સ્થાનિકોના પ્રશ્નોનું નિવારણ લાવવા માટે અનેકવિધ પગલાંઓ લઈ રહી છે એટલું જ નહીં કોઈ પણ શહેર અને જિલ્લાના વિકાસ માટે માળખાગત સુવિધા ઉભી કરવામાં આવે તે માટે હાલ વિવિધ પગલાંઓ લેવામાં આવતા હોય છે ત્યારે અત્યારે રાજકોટ જેતપુર હાઈવે નું કામ છે ગતીએ ચાલી રહ્યું છે તેનાથી વિરોધ પક્ષમાં ભારે ઉહાપો મચ્યો છે અને સરકારને પણ અનેક વખત રજૂઆત કરવામાં આવી છે છતાં અધિકારીઓ દ્વારા મગનું નામ મરી પાડવામાં આવતું નથી ત્યારે ફરી એક વખત આ મુદ્દો વકર્યો હોવાનું જાણકાર વર્તુળો જણાવી રહ્યા છે.

રાજકોટ-જેતપુર નેશનલ હાઈવે પર વાહનચાલકો પાસેથી થતી ગેરકાયદેસર ટોલ વસૂલાત, ધોવાઈ ગયેલા અને બિસ્માર રસ્તાઓ અને કલાકોના ટ્રાફિક જામની મુદ્દે હાઈવે હક્ક આંદોલન સમિતિ દ્વારા તારીખ ૮ જુલાઈ, ૨૦૨૫ના રોજ રાજકોટ કલેક્ટર કચેરી ખાતે



ઘેરાવ કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં ગુજરાત કોંગ્રેસના નેતાઓ ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણી, સેવાદળના રાષ્ટ્રીય અધ્યક્ષ લાલજી દેસાઈ, ખેડૂતનેતા પાલ આંબલીયા સહિત અનેક વરિષ્ઠ નેતાઓ જોડાઈને આંદોલનને મજબૂત સહારો આપશે અને સૌરાષ્ટ્ર વાસીઓના જનહિતના મુદ્દે તંત્ર સામે કડક મુદ્દે અવાજ ઉઠાવશે.

ગઈકાલે જ કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયાએ પ્રથમ વખત નેશનલ હાઈવેના બિસ્માર હાલત અને આ મુદ્દે પીડાતા લોકોએ ઉઠાવેલા પ્રશ્નો અંગે નિવેદન આપ્યું છે.રાજકીય નિષ્ક્રિયતાથી એક વર્ષ સુધી તેમના પોતાનાં લોકસભા વિસ્તારમાં પણ લોકો હાલાકી ભોગવતા રહ્યા હતા. હવે કોંગ્રેસના આક્રમક આંદોલન બાદ તંત્ર અને કેન્દ્ર સરકાર જાગૃત થઈ છે તેવા આક્ષેપ કોંગ્રેસે અખબારયાદીમા જણાવી હતી.

રાષ્ટ્રીય કક્ષાએ કોંગ્રેસના સતત દબાણ અને લોકચલવળ પછી કેન્દ્ર સરકારે દયનિય રોડ પરની ટોલ વસૂલાત મુદ્દે પગલાં લઈને ટોલની ૫૦% વસૂલાત ઘટાડવાનો નિર્ણય જાહેર કર્યો છે પરંતુ પણ હજી લોકો સંપૂર્ણ રાહત માંગે છે. થોડા દિવસ અગાવ જ કોંગ્રેસના નેતાઓ દ્વારા NHAIની કચેરીએ હલ્લાબોલનો કાર્યક્રમ કરી પ્રોજેક્ટ ડાયરેક્ટરના પૂતળાનુ દહન કરવામાં આવ્યું હતુ અને તેઓએ મોટા આંદોલનની ચીમકી ઉચ્ચારી હતી કે જ્યા સુધી લોકોની માંગણીઓ નહીં સ્વીકારાય ત્યાં સુધી આ વિરોધ ચાલુ રહેશે. બિસ્માર અને અધૂરા હાઈવે પર ગેરકાયદેસર ટોલ વસૂલાત બંધ કરો. NHAI ના નિયમો મુજબ ટોલ પ્લાઝાનું અંતર અને વ્યવસ્થા સુધારવા જણાવ્યું. Work zone safety ના નિયમો અમલમાં લાવોટ્રાફિક વ્યવસ્થા સુધારો, અકસ્માત નિવારવા કડક પગલાં લેવા જણાવ્યું . કાયદેસર વળતર અને ઈમર્જન્સી મેડિકલ સુવિધા ઉપલબ્ધ કરાવવા માટેની પણ માંગ કરવામાં આવી છે ત્યારે હાલ કોંગ્રેસ પક્ષ અને આમ આદમી પાર્ટી ભાજપને રાજકોટ જેતપુર હાઈવે મુદ્દે હાલ ઘેરી રહી છે અને આ મુદ્દાના ઘણાખરા પ્રત્યાઘાતો પણ પડ્યા છે ત્યારે જોવાનું એ રહ્યું કે શું સત્તાધિક પાર્ટી આ અંગે પોતાનું વલણ બદલ શકે કેમ કારણકે એ વાત તો સાચી છે એજન્સી નું નબળું કામ હાલ ઘણા ખરા હશે લોકો માટે પ્રશ્નો ઉભા કરી રહી છે.

## પ્રવિણસિંહ જાડેજાએ ક્ષત્રિ આંદોલનમાં આગળ પડતો ભાગ લીધો એટલે બદલાની બાવનાથી કાયદાનો દુરૂપયોગ કરાયો

# પી.ટી. જાડેજાને કિન્નાખોરીથી ફિટ કરાયા

# પાસા રદ કરવા ક્ષત્રિય આગેવાનોની રજુઆત–આવેદન

## ત્રણસોથી વધુ ક્ષત્રિય આગેવાનો, પરિવારજનો, યુવાનોએ સુત્રોચ્ચાર કરી રોષ ઠાલવ્યો : પી. ટી. જાડેજાને તત્કાળ મુકત કરવામાં નહીં આવે તો ગાંધી ચીંધ્યા રાહે એક પછી એક કાર્યક્રમો અપાશે







રાજકોટ તા. ૫

શહેરના ક્ષત્રિ આગેવાન પ્રવિણસિંહ ટપુભા જાડેજા કે જેઓ પી.ટી. જાડેજાના નામથી જાણીતા છે તેમના વિરૂધ્ધ ત્રણ દિવસ પહેલા તાલુકા પોલીસમાં મંદિરના સેવકને ફોન પર ધમકી આપ્યાનો ગુનો નોંધાયો હતો. આ દરમિયાન આ ગુના સંદર્ભે પોલીસે નિવેદન નોંધી તેમને જવા દીધા બાદ શુક્રવારની રાતે તેમને ઘરેથી ફરી તાલુકા પોલીસ સ્ટેશને લઇ જઇ પાસા વોરન્ટની બજવણી કરી તેમને અમદાવાદ સાબરમતી જેલહવાલે કરી દેતાં ચકચાર મચી ગઇ છે. પોલીસની આવી કાર્યવાહીને પગલે શહેરના ક્ષત્રિય સમાજમાં અને પી.ટી. જાડેજાના પરિવારજનોમાં રોષ ફેલાઇ ગયો છે. આ રોષ આગેવાનોએ રેલી સ્વરૂપ કલેક્ટર કચેરી અને પોલીસ કમિશનર કચેરી ખાતે ઠાલવ્યો હતો. પી.ટી. જાડેજાએ અગાઉ ક્ષત્રિય આંદોલનમાં આગળ પડતો ભાગ લીધો હોઇ તેનો બદલો લેવા તેમની સામે પાસાના શસ્ત્રનો ખોટો ઉપયોગ કરી તેમને ફસાવી દેવાયાની રજૂઆત કરી પાસાનો હુકમ રિવોક કરવા માંગણી કરવામાં આવી છે.

ક્ષત્રિય સમાજના તથા અન્ય સમાજના આગેવાનોએ રાજકોટ કલેકટરને આવેદન પાઠવી સાથે સુત્રોચ્ચાર-દેખાવો કર્યા હતાં. જંગલ રેલી સ્વરૂપે આગેવાનો કલેક્ટર કચેરી ખાતે પહોંચ્યા હતાં. અહિ રજૂઆત કરતાં આગેવાનોએ જણાવ્યું હતું કે ક્ષત્રિય સમાજના આંદોલનમાં સક્રિય ભુમીકા ભજવનાર સામાજીક અને સેવાભાવી આગેવાન પી. ટી. જાડેજા વિરૂધ્ધ ખોટી રીતે પાસા તળે પગલા લેવાયા છે. સામાન્ય સત્ય હકીકતોથી વિરૂધ્ધના ઉભા કરેલ ખોટા બે ગુન્હાઓમાં ફીટ કરી દઇ રાજકીય અદાવતથી પાસામાં ગેરકાયદેસર અટકાયત કરી અન્યાય કરવામાં આવ્યો છે. રાજકોટ શહેરના તથા જીલ્લાના પોલીસ સ્ટેશનોમાં આવા સામાન્ય પ્રકારના બે ગુન્હાથી વધુ ગુન્હા ધરાવનારના કિસ્સાથી હાલના કિસ્સાને અલગ રીતે લઇ ગેરકાયદેસર અટકાયત કરી પાસાનો હુકમ કરાયો હોઇ તે સત્વરે રીવોક કરવા અને સામાજીક તથા સેવાભાવી ક્ષત્રિય આગેવાન પી. ટી. જાડેજાને અને તેના પરીવારજનોને ન્યાય અપાવવા અમારી માંગણી છે.

વિસ્તૃત વિગતો સાથે આવેદન પાઠવાયું તેમાં ઉમેરાયું છે કે પી. ટી. જાડેજા સામે સાવ ખોટી રીતે ગુન્હો દાખલ કરી અન્યાય કરેલ છે, ફરીયાદી દ્વારા બે માસ પહેલા રેકોર્ડીંગ રજૂ કરી કરવામાં આવેલ અરજી અન્વયે ચેપ્ટર કેસની કાર્યવાહી કરી તપાસ પૂરી કરી દેવાઇ છતાં ફરી કાર્યવાહી કરાઇ છે. તેમજ ગુન્હો દાખલ કરવામાં આવેલ હોય તે પહેલા પોલીસ સમક્ષ પી. ટી. જાડેજા એ પૂરાવા સાથે લેખીત ફરીયાદ ઇનવર્ડ કરાવી હતી. આવેદનમાં ઉમેરાયું હતું કે, શહેર-જીલ્લાના તમામ પોલીસ સ્ટેશનમાં સામાન્ય પ્રકારનાં બે કે તેથી વધુ ગુન્હાઓ દાખલ થયેલ હોઇ તેવા તમામ પોલીસ સ્ટેશનના રેકોર્ડ છે છતાં તેવા લોકો સામે પાસાનું શસ્ત્ર અજમવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી નથી.

આની જગ્યાએ ક્ષત્રિય આંદોલનમાં મહત્વની ભૂમિકા ભજવી સતાધારી રાજકીય પક્ષની સામે પડવાના કારણે બદલાની ભાવનાથી ખોટી રીતે પાસાનું શસ્ત્ર ઉગામાયું છે. પી. ટી. જાડેજા આવેદનમાં ઉમેરાયું હતું કે, અમરનાથ મહાદેવ મંદિરમાં શરૂઆતથી પ્રમુખ દરજજે સેવા બજાવી રહેલ હોય જે મંદિરમાં ગેરકાયદેસર કબજો અમુક તત્વો દ્વારા કરી મંદિરની સેવાપુજાને બીઝનેશ બનાવી દેતા તે અન્વયે વિરોધ પ્રદર્શિત કરતા અને સત્ય હકીકતો જણાવતા આ ટોળકીના સભ્યોને હથીયાર બનાવી રાજકીય ઈશારે સામાન્ય ઘટનાને મોટું સ્વરૂપ આપી દેવાયું છે.

ક્ષત્રિય આંદોલન વખતે સતાધારી રાજકીયપક્ષ વિરૂધ્ધ કાર્યવાહી કરવાની બાબતને સરકારી તંત્ર દ્વારા પી. ટી. જાડેજાની સામાજીક, રાજકીય વિગેરે પ્રવૃતીઓનું કદ ટુંકુ કરવા અને સામાજીક રીતે ઉતારી પાડવા અને સમાજમાં નીચા દેખાડવા જે પ્રકારે રાજકીય ઈશારે પોલીસના માધ્યમથી હીનકક્ષાનું કૃત્ય કરવામાં આવેલ છે જે રેકર્ડ પરની હકીકતો છે. રાજકોટ શહેર અને જીલ્લાના તમામ પોલીસ સ્ટેશનોમાં અનુસંધાનવાળા ગુન્હાઓથી વધુ ગંભીર પ્રકારના ગુન્હાઓ જેના પર નોંધાયેલ છે તેના સામે પાસાની કાર્યવાહી નહીં કરી સામાજીક આગેવાન પી. ટી. જાડેજા વિરૂધ્ધ સાવ ખોટી રીતે પાસાનું શસ્ત્ર ઉગામવામાં આવેલ છે.

આગળ જણાવાયું હતું કે તાત્કાલીક અસરથી પાસાનો હુકમ રીવોક કરવા અને પી. ટી. જાડેજાને મુકત કરવામાં નહીં આવે તો ગાંધી ચીંધ્યા રાહે હવે પછી એક પછી એક કાર્યક્રમો આગળ ધરી રાજકીય ઈશારે પોલીસ કેવા કેવા કાર્યો કરી રહેલ છે તે સમગ્ર હકીકતો ઉજાગર કરવા અને જનતા સમક્ષ સત્ય હકીકતો લાવવા ફરજ પડશે. તેમજ હાઈકોર્ટમાં પણ રીટ પીટીશન કરાશે તેવું આવેદનમાં ઉમેરાયું હતું. રજૂઆત વખતે મોટી સંખ્યામાં ક્ષત્રિય આગેવાનો હાજર રહ્યા હતાં. પોલીસ કમિશનરને પણ બાદમાં રજૂઆત કરવામાં આવી હતી.

આવેદન આપવા સમાજના વિવિધ આગેવાનો જેવા કે ટીકુભા જાડેજા (કોઠારિયા), રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ રાજદીપસિંહ જાડેજા, સામાજીક અગ્રણી ઈન્દુભા રાઓલ, બળદેવસિંહ ગોહિલ, કિશોરસિંહ જેઠવા, રાજદીપસિંહ જાડેજા (નાનામવા), દિલીપસિંહ જાડેજા (ઇટાળા) તથા યશપાલસિંહ જાડેજા (શાપર) સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.